દ્વિતિય વર્ષ

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – 2 (અ)

# શાળા સંસ્કૃતિ, નેતૃત્વ અને પરિવર્તન

જીસીઈઆરટી, વિદ્યાભવન, ઉદ્યોગભવન સામે,
સેક્ટર–૧૨, ગાંધીનગર

આવૃત્તિ
2020

**પ્રેરક**
શ્રી બી. સી. સોલંકી
સચિવ, જીસીઇઆરટી,
ગાંધીનગર

**કન્વીનર**
ડૉ. આર. સી. મુલવાણી

**વિષય સલાહકાર**
ડૉ. જયન્ત વ્યાસ
શ્રી આઇ. વી. પટેલ

**લેખન–સંપાદન**
ડૉ. સુરેશ ઢીલા
ડૉ. અર્પિતા વાઘેલા
શ્રી વિપુલ મહેતા
ડૉ. જયેશ સુતરીયા
ડૉ. છાયા મુલવાણી

**સમીક્ષા**
ડૉ. અનિલ અંબાસણા
ડૉ. અખિલ ઠાકર
શ્રી રાજેશ મહેતા

**નિર્માણ સંયોજન**
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ વધુ સમૃદ્ધ અને ક્ષતિરહિત બને તે માટે રાજ્યની તમામ ડી.એલ.એડ્. સંસ્થાઓ પાસેથી સૂચનો મેળવીને તેને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે. આમ, પ્રસ્તુત મૉડ્યૂલ ઉપયોગી અને અસરકારક બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઈઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| એકમ | એકમનું નામ | પાના નંબર |
|---|---|---|
| 1 | ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું બંધારણ અને પ્રક્રિયાઓ– 1 શૈક્ષણિક વ્યવસ્થાપન | 4 |
| 2 | ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું બંધારણ અને પ્રક્રિયાઓ– 2 શિક્ષણનું માળખું | 18 |
| 3 | શાળા અસરકારકતા અને શાળાના ધોરણો | 35 |
| 4 | શાળા નેતૃત્વ અને વ્યવસ્થાપન | 52 |
| 5 | શિક્ષણમાં ફેરફાર લાવનાર તંત્રો | 61 |

# એકમ – 1
## ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું બંધારણ અને પ્રક્રિયાઓ– 1
## શૈક્ષણિક વ્યવસ્થાપન

**હેતુઓ**

1. પ્રશિક્ષણાર્થીઓ ભારતીય શિક્ષણ વ્યવસ્થાના બંધારણ અને પ્રક્રિયાઓથી પરિચિત થાય.
2. પ્રશિક્ષણાર્થીઓ ભારતીય શિક્ષણ વ્યવસ્થાના બંધારણ અને પ્રક્રિયાના સંદર્ભમાં શાળાકીય સંગઠન અને વ્યવસ્થાપનની સમજ કેળવે.

**1.0 પ્રસ્તાવના**

**1.1 શૈક્ષણિક વ્યવસ્થાપન**

1.1.1 વ્યવસ્થાપનની સંકલ્પના
1.1.2 શૈક્ષણિક વ્યવસ્થાપનની સંકલ્પના
1.1.3 શૈક્ષણિક વ્યવસ્થાપનનું સ્વરૂપ
1.1.4 શૈક્ષણિક વ્યવસ્થાપનનું કાર્યક્ષેત્ર
1.1.4.1 પ્રશાસકીય વ્યવસ્થાપન
1.1.4.2 શાળા વ્યવસ્થાપન
1.1.4.3 વર્ગખંડ વ્યવસ્થાપન

**1.2 શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર**

1.2.1 રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર
1.2.2 રાજ્ય કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર
1.2.3 સ્થાનિક કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર

**1.3 શિક્ષણ સહાયક સંગઠનો**

1.3.1 બિનસરકારી સંગઠનો
1.3.2 સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ
1.3.3 શાળા વ્યવસ્થાપક મંડળો
1.3.4 શિક્ષક સંઘો

**1.4 શિક્ષણ નીતિઓ**

1.4.1 રાષ્ટ્રીય શિક્ષણ પંચ (કોઠારી પંચ, 1964-66)
1.4.2 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986)
1.4.3 'ભાર વગરનું ભણતર' પ્રો. યશપાલ સમિતિ (1993)નો અહેવાલ
1.4.4 મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો (2009)

**1.5 સારાંશ**

**1.6 સ્વાધ્યાય**

**1.7 પ્રોજેક્ટ કાર્ય**

**1.8 સંદર્ભસૂચિ**

## એકમ – 1
## ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું બંધારણ અને પ્રક્રિયાઓ– 1
## શૈક્ષણિક વ્યવસ્થાપન

### 1.0 પ્રસ્તાવના

મનુષ્ય જીવનની વિવિધ પ્રવૃત્તિઓ વ્યવસ્થિત ચાલે તે તંદુરસ્ત સમાજ વ્યવસ્થાની જરૂરિયાત છે. વ્યવસ્થાપન કે પ્રબંધ (Management) નો આધુનિક ખ્યાલ ઔદ્યોગિક ક્રાંતિ અને તેના પરિણામ સ્વરૂપ આર્થિક અને સામાજિક ક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તનોના કારણે વિકાસ પામ્યો છે. વ્યવસ્થાપન કે પ્રબંધનો શબ્દકોષીય અર્થ – 'વ્યવસ્થા કરવી તે' એવો થાય છે. નિયત કરેલાં ધ્યેયોની સિદ્ધિ માટે પ્રાપ્ત સંસાધનો અને માનવ શકિતનો કાર્યક્ષમ ઉપયોગ કરી અસરકારક પરિણામો પ્રાપ્ત કરવાં એ વ્યવસ્થાપનનો હેતુ છે. આયોજન, નિદર્શન, પ્રેરણા, નિર્ણય, અમલીકરણ, પ્રત્યાયન, નવીનીકરણ, સંગઠન, અને નિયંત્રણ એ વ્યવસ્થાપન પ્રક્રિયાના મુખ્ય ઘટકો છે. સંચાલન (Administration)નો પરંપરાગત ખ્યાલ ઉપલબ્ધ સંસાધનોના યાંત્રિક ઉપયોજન પર કેન્દ્રિત છે. જયારે, વ્યવસ્થાપનનો (Management)નો આધુનિક ખ્યાલ નિયત ધ્યેયોની પ્રાપ્તિ માટે સંસ્થાના ભૌતિક સંસાધનોની સાથે માનવ સંસાધનના યોગ્ય પ્રબંધ પર ભાર મૂકે છે. વ્યવસ્થાપન એ નિર્ધારિત હેતુઓની સિદ્ધિ માટે સમૂહના પ્રયત્નો સાથે સંબંધિત ગતિશીલ અને પરિવર્તનશીલ પ્રક્રિયા છે. આમ, વ્યવસ્થાપન એટલે સંસ્થાના નિયત લક્ષ્યાંકોની પ્રાપ્તિ માટે ભૌતિક અને માનવીય સંસાધનોનો અસરકારક ઉપયોગ.

વ્યવસ્થાપન કે પ્રબંધનો ખ્યાલ સૌ પ્રથમ ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રે પ્રચલિત થયા બાદ સામાજિક, રાજકીય અને સેવાકીય ક્ષેત્રે પણ પ્રચલિત થયો છે. શિક્ષણને સમાજ ઘડતરની આધારશીલા માનવામાં આવે છે. શિક્ષણ એ રાષ્ટ્રના વિકાસનો આધારસ્તંભ છે. શિક્ષણ એ સામાજિક, રાજકીય અને સેવાકીય ક્ષેત્ર સાથે સંલગ્ન ક્ષેત્ર છે. સારાં નાગરિકો એ સમાજની મૂડી છે. સારાં નાગરિકોના ઘડતર દ્વારા સમાજ માટે ગુણવત્તાયુકત માનવ સંસાધનનું સર્જન કરવાની જવાબદારી શિક્ષણની છે. સમાજની માંગ અનુસાર શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ કરવા માટે શિક્ષણના ક્ષેત્રે પણ યોગ્ય વ્યવસ્થાપનની જરૂરિયાત ઊભી થાય છે.

### 1.1 શૈક્ષણિક વ્યવસ્થાપન

અહીં, આપણે સૌ પ્રથમ વ્યવસ્થાપનની સંકલ્પના સ્પષ્ટ કરી શૈક્ષણિક વ્યવસ્થાપનના અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્રના સંદર્ભમાં તેની સંકલ્પના સ્પષ્ટ કરીશું.

#### 1.1.1 વ્યવસ્થાપનની સંકલ્પના

વ્યવસ્થાપનની સંકલ્પના સમજવા માટે વ્યવસ્થાપન એટલે શું ? તે સમજવું જરૂરી બને છે. આ માટે વિદ્વાનોએ વ્યવસ્થાપનનો અર્થ સમજાવતાં આપેલી વ્યાખ્યાઓ જોઈએ :

'ઉદ્દેશો નિશ્ચિત કરી તેને પરિપૂર્ણ કરવા તંત્રના માનવ તેમજ અન્ય સંસાધનોના ઉપયોગ દ્વારા આયોજન, સંગઠન, પ્રેરણ અને નિયમનને કામે લગાડવાની પ્રક્રિયાને વ્યવસ્થાપન કહે છે.'

**- જયોર્જ ટેરી**

'વ્યવસ્થાપન કરવું એટલે પૂર્વાનુમાન કરી આયોજન કરવું, સંગઠિત કરવું, નિદર્શિત કરવું, સંયોજિત કરવું અને નિયંત્રણ કરવું.'

**- હેનરી ફેઓલ**

'વ્યવસ્થાપન એ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા એક સહકારી જૂથ સામાન્ય ધ્યેયોની પ્રાપ્તિની દિશામાં કાર્ય કરે છે.'

**- જે.એલ. મેસી**

**આમ, વ્યવસ્થાપન એટલે –**

- આયોજન, સંગઠન, નિદર્શન, પ્રેરણા, સંયોજન અને નિયંત્રણની પ્રક્રિયા
- સમાન ધ્યેયોની પ્રાપ્તિ માટે સંકલિત અને સહિયારો પ્રયાસ
- લક્ષ્યની સિદ્ધિ માટે માનવીય અને ભૌતિક સંસાધનોનો અસરકારક વિનિયોગ

### 1.1.2 શૈક્ષણિક વ્યવસ્થાપનનો અર્થ

શિક્ષણ એ માનવ ઘડતરની જીવંત પ્રક્રિયા સાથે જોડાયેલું ક્ષેત્ર છે. સરકાર, સમાજ, શિક્ષણ સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ એ શિક્ષણ ક્ષેત્રના મૂળભૂત ઘટકો છે. શિક્ષણના ધ્યેયો એ શૈક્ષણિક વ્યવસ્થાપનનું ચાલકબળ છે. આમ, શિક્ષણના બહુવિધ આયામોને કેન્દ્રમાં રાખી શૈક્ષણિક વ્યવસ્થાપનનો અર્થ સમજવો જરૂરી બને છે.

શિક્ષણના નિયત ધ્યેયોની સિદ્ધિ માટે ભૌતિક સુવિધાઓ અને માનવ સંસાધનના અસરકારક વિનિયોગ દ્વારા ગુણવત્તાયુકત અને પરિવર્તનશીલ શિક્ષણ પ્રક્રિયાનું આયોજન, અમલીકરણ, નિયંત્રણ, મૂલ્યાંકન અને નવીનીકરણ એટલે શૈક્ષણિક વ્યવસ્થાપન.

જે–તે ક્ષેત્રની લાક્ષણિકતાઓ તેનું સ્વરૂપ નક્કી કરતી હોય છે. હવે, શૈક્ષણિક વ્યવસ્થાપનની સંકલ્પના સ્પષ્ટ કરવા તેના સ્વરૂપને જાણીએ.

### 1.1.3 શૈક્ષણિક વ્યવસ્થાપનનું સ્વરૂપ

- શૈક્ષણિક વ્યવસ્થાપન એ હેતુલક્ષી પ્રક્રિયા છે.
- શૈક્ષણિક વ્યવસ્થાપન એ સતત ચાલતી પ્રક્રિયા છે.
- શૈક્ષણિક વ્યવસ્થાપન એ પરિવર્તનશીલ પ્રક્રિયા છે.
- ભૌતિક સુવિધાઓ અને માનવ સંસાધનનો અસરકારક વિનિયોગ એ તેનું મુખ્ય કાર્ય છે.
- શૈક્ષણિક વ્યવસ્થાપન શિક્ષણ સંબંધિત આયોજન, અમલીકરણ, નિયંત્રણ, મૂલ્યાંકન અને નવીનીકરણની પ્રક્રિયા છે.
- ગુણવત્તાયુકત શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસ્થાપનનું ધ્યેય છે.
- સરકાર, સમાજ, શિક્ષણ સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ તેનાં મૂળભૂત અંગો છે.
- શિક્ષણ પ્રક્રિયામાં તેનાં ઘટકોના યોગ્ય પ્રયોજન દ્વારા પરિણામલક્ષી કાર્ય કરવું એ તેની ફલશ્રુતિ છે.

### 1.1.4 શૈક્ષણિક વ્યવસ્થાપનનું કાર્યક્ષેત્ર

અસરકારક શૈક્ષણિક વ્યવસ્થાપન એ આધુનિક સમયની માંગ છે. શિક્ષણ પ્રક્રિયાની સફળતા માટે શૈક્ષણિક વ્યવસ્થાપન અનિવાર્યપણે આવશ્યક બને છે. આજના આધુનિક યુગમાં શિક્ષણનું ક્ષેત્ર પણ નીપજલક્ષી બન્યું છે. સમાજની અપેક્ષા મુજબના શિક્ષણનું વ્યવસ્થાપન એ પડકારયુકત કાર્ય છે. સામાન્ય રીતે શૈક્ષણિક વ્યવસ્થાપનના કાર્યક્ષેત્રમાં પ્રશાસકીય વ્યવસ્થાપન, શાળા વ્યવસ્થાપન અને વર્ગખંડ વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. હવે, શૈક્ષણિક વ્યવસ્થાપનના દરેક ક્ષેત્રને વિગતે સમજવા પ્રયાસ કરીએ.

#### 1.1.4.1 પ્રશાસકીય વ્યવસ્થાપન

સરકાર દ્વારા શૈક્ષણિક પ્રશાસન માટેનાં વ્યવસ્થિત તંત્રની રચના કરવામાં આવે છે. શૈક્ષણિક પ્રશાસનનું મુખ્ય કાર્ય શિક્ષણ વ્યવસ્થાનું સંચાલન કરવાનું છે. પ્રશાસકીય વ્યવસ્થાપનમાં શિક્ષણ વિષયક નીતિઓનું નિર્ધારણ, શિક્ષણ વિષયક કાયદાઓ અને નિયમોનું ઘડતર અને અમલીકરણ, શિક્ષણ સહાયક યોજનાઓનું નિર્માણ, અભ્યાસક્રમ રચના, પાઠ્યપુસ્તક નિર્માણ, શિક્ષક પ્રશિક્ષણ, શિક્ષણ નિરીક્ષણ, શિક્ષકતાલીમ, પરીક્ષાઓનું સંચાલન, શિક્ષણ નિયમન, અને વહીવટી પ્રણાલીના વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.

#### 1.1.4.2 શાળા વ્યવસ્થાપન

શાળા વ્યવસ્થાપનમાં વિદ્યાર્થીઓના શાળા પ્રવેશથી માંડીને શૈક્ષણિક આયોજન,અમલીકરણ, શિક્ષણકાર્ય, શાળાના રોજિંદા કાર્યો, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન, શાળા શિસ્ત, ભૌતિક સુવિધાઓ, શાળાભાવાવરણ, શાળાપર્યાવરણ, આંતરમાનવીય સંબંધો, તંત્ર સાથે સંકલન, વહીવટી સંચાલન, વાલીઓ સાથે પ્રત્યાયન તેમજ સમાજ સાથેના સંબંધોના વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. અસરકારક શાળા વ્યવસ્થાપનમાં સરકાર, સંચાલકો, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

#### 1.1.4.3 વર્ગખંડ વ્યવસ્થાપન

વર્ગ એ શૈક્ષણિક વ્યવસ્થાપનનો નાનામાં નાનો ઘટક છે. 'ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહયું છે' – કોઠારી કમિશનનું આ વાકય તેનું મહત્વ સૂચવે છે. વર્ગખંડ એ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાની કર્મભૂમિ છે. શિક્ષકે અસરકારક વર્ગખંડ વ્યવસ્થાપન દ્વારા વિદ્યાર્થીઓના ઘડતરની જવાબદારી વહન કરવાની છે. વર્ગખંડ વ્યવસ્થાપનમાં અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાનું વ્યવસ્થાપન કેન્દ્રસ્થાને છે. અધ્યયન–અધ્યાપન એ સહિયારી પ્રક્રિયા છે. શિક્ષક અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાના વ્યવસ્થાપનનો આધારસ્તંભ છે. શિક્ષકોના અસરકારક અધ્યાપનના પ્રતાપે વિદ્યાર્થીઓ કાર્યક્ષમ અધ્યયન કરી શકે છે. અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાના અસરકારક વ્યવસ્થાપન માટે શિક્ષકે વિદ્યાર્થીકેન્દ્રી અધ્યાપન પ્રક્રિયા પ્રયોજવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓ માટે સુગમકર્તાની ભૂમિકા ભજવવાની છે. આ માટે તેણે વિદ્યાર્થીઓમાં રહેલાં વ્યકિતગત તફાવતો અને વૈયકિતક ભિન્નતાઓને ઓળખી શીખવા માટે પ્રેરિત

કરવાં જોઈએ. શિક્ષકે વર્ગના પ્રત્યેક બાળકની અધ્યયન શૈલીને પોષક અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થી શીખે તેમ કરવું જોઈએ. આમ, અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાનું આયોજન, નિદર્શન, અમલીકરણ, અસરકારક પ્રત્યાયન, સંકલન, નિયમન, મૂલ્યાંકન અને નવિનીકરણ, વર્ગખંડ પર્યાવરણ અને ભાવાવરણ, શિક્ષક–વિદ્યાર્થી અને વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચેના સંબંધો અને વર્ગખંડ શિસ્ત એ વર્ગખંડ વ્યવસ્થાપનના અગત્યના ઘટકો છે.

**પ્રગતિ ચકાસીએ...**

1. વ્યવસ્થાપન એટલે શું ?
2. શૈક્ષણિક વ્યવસ્થાપન એટલે શું ?
3. શૈક્ષણિક વ્યવસ્થાપનનું સ્વરૂપ શું છે ?
4. શૈક્ષણિક વ્યવસ્થાપનના કાર્યક્ષેત્ર શું છે ?

## 1. 2 શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર

શૈક્ષણિક વ્યવસ્થાપનની સંકલ્પના સ્પષ્ટ કર્યા બાદ હવે આપણા દેશના સંદર્ભમાં રાષ્ટ્રીય, રાજય અને સ્થાનિક કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્રને સમજવાનો પ્રયાસ કરીએ.

### 1. 2.1 રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર

આપણા દેશમાં રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપનનું તંત્ર ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના નેતૃત્વમાં ચાલે છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય નીચેના હેતુઓને આધીન કાર્ય કરે છે :

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિઓનું નિર્માણ કરવું અને અમલીકરણ કરવું.
2. રાષ્ટ્રની શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા સુધારણા માટેનું આયોજન કરવું.
3. મહિલાઓ, ગરીબો અને લઘુમતિઓના વિકાસ માટે ખાસ ધ્યાન આપવું.
4. સમાજમાં વંચિત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, લોન અને સબસીડીના સ્વરૂપમાં નાણાકીય સહાય કરવી.
5. યુનેસ્કો તેમજ વિદેશોની સરકાર અને યુનિવર્સિટીઓ સાથે સંકલન કરી આંતરરાષ્ટ્રીય સ્તરેથી શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત કરવો.

માનવ સંસાધન વિકાસ મંત્રાલય મુખ્ય બે વિભાગોમાં કાર્યરત છે : (1) શાલેય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ અને (2) ઉચ્ચશિક્ષણ વિભાગ.

શાલેય શિક્ષણ અને સાક્ષરતા વિભાગમાં પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, તારૂણ્ય શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, શિક્ષક પ્રશિક્ષણ અને શિક્ષણના અધિકાર સંબંધિત ક્ષેત્રોનું વ્યવસ્થાપન કરવામાં આવે છે. તેમજ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, મધ્યાહ્ન ભોજન અને સાક્ષર ભારત જેવી યોજનાઓ ચલાવવામાં આવે છે. કેન્દ્રિય શાળાઓના વ્યવસ્થાપનનું કાર્ય પણ આ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત મહત્વની શૈક્ષણિક સંસ્થાઓની વિગતવાર માહિતી હવે પછીના પ્રકરણમાં આપવામાં આવી છે.

### 1. 2. 2 રાજય કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર

રાજય કક્ષાના શિક્ષણ તંત્રના વ્યવસ્થાપનનું કાર્ય રાજયનો શિક્ષણ વિભાગ કરે છે. તા. 1 મે, 1960ના રોજ ગુજરાત રાજયની રચના થતાં શિક્ષણ અને મજૂર વિભાગ એ નામે એક સંયુકત વિભાગ અમલમાં આવ્યો. ઓગષ્ટ 1976થી અલગ શિક્ષણ વિભાગ અસ્તિત્વમાં આવ્યો. જે પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, નિરંતર શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સહિતના શિક્ષણ અંગેની કામગીરી સંભાળે છે. શિક્ષણ વિભાગના નીતિ વિષયક માળખામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

1. 6 થી 14 વર્ષની વયના બાળકો માટે પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું.
**2**. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું નિયંત્રણ અને ગુણવત્તા સુધારણા.
3. શિક્ષણ ક્ષેત્રે થતાં રોકાણના ઉત્તમ ઉપયોગ દ્વારા વિકાસ.
4. નિરંતર શિક્ષણ અને સાક્ષરતાના મહત્વના કાર્યક્રમોનું અમલીકરણ.
5. અમલીકરણની ગુણવત્તા સુધારવી.

આ વિશાળ ઉદ્ધેશોને લક્ષ્યમાં રાખીને શિક્ષણ વિભાગ શિક્ષણને લગતી નીતિઓ ઘડે છે. આ નીતિઓના અમલ પર દેખરેખ રાખે છે અને માર્ગદર્શન તથા હુકમોના સ્વરૂપે આદેશો બહાર પાડે છે. શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ જુદાં જુદાં ખાતાઓના વડાઓ કાર્ય કરે છે. જેનાં વિશે વિગતવાર માહિતી હવે પછીના પ્રકરણમાં આપવામાં આવી છે.

### 1.2.3 સ્થાનિક કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્ર

સ્થાનિક કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપનું કાર્ય જિલ્લા કક્ષાથી ગ્રામ્ય કક્ષા સુધી વિસ્તૃત છે. જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓના વ્યવસ્થાપનની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિભાવે છે. તાલુકા કક્ષાએ તાલુકાની પ્રાથમિક શાળાઓના વ્યવસ્થાપનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિભાવે છે. જયારે, ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક શાળાઓનું વ્યવસ્થાપન શાળાના મુખ્ય શિક્ષક શાળા વ્યવસ્થપાન સમિતિના નેતૃત્વ હેઠળ કરે છે. મહાનગરપાલિકા અને નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓના વ્યવસ્થાપનની જવાબદારી શાસનાધિકારી સંભાળે છે. જિલ્લાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વ્યવસ્થાપનની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારી સંભાળે છે. જયારે, જિલ્લા કક્ષાએ શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે પૂર્વસેવા શિક્ષક પ્રશિક્ષણ, સેવાકાલીન તાલીમ, સંશોધન, અને સેવા વિસ્તરણના કાર્ય દ્વારા શાળા કક્ષાએ શૈક્ષણિક માર્ગદર્શનનું કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કરવામાં આવે છે. સ્થાનિક કક્ષાએ કાર્યરત મહત્વની શૈક્ષણિક સંસ્થાઓની વિગતવાર માહિતી હવે પછીના પ્રકરણમાં આપવામાં આવી છે.

### પ્રવૃત્તિ :

માનવ સંસાધન વિકાસ મંત્રાલય– ભારત સરકાર તથા શિક્ષણ વિભાગ – ગુજરાત સરકારની વેબસાઇટ પર જઇ શૈક્ષણિક વ્યવસ્થાપનને લાગતી માહિતી મેળવો.

**પ્રગતિ ચકાસીએ...**

1. માનવ સંસાધન વિકાસ મંત્રાલય શું કાર્ય કરે છે ?
2. રાજ્યકક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપનની જવાબદારી કોણ નિભાવે છે ?
3. સ્થાનિક કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપન કોણ કરે છે ?

### 1.3 શિક્ષણ સહાયક સંગઠનો

શિક્ષણના વ્યવસ્થાપનનું મૂળભૂત કાર્ય સરકારનો શિક્ષણ વિભાગ કરે છે. તેમાં, બિનસરકારી સંગઠનો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપક મંડળો અને શિક્ષક સંઘો પણ શિક્ષણ વ્યવસ્થાપનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી બને છે. અહીં, આવાં શિક્ષણ સહાયક સંગઠનોનો પરિચય મેળવીએ.

### 1.3.1 બિનસરકારી સંગઠનો

શિક્ષણના ક્ષેત્રમાં કેટલાંક બિનસરકારી સંગઠનો પણ મદદરૂપ થાય છે. સેવાના ઉદ્દેશ સાથે કાર્યરત આવી સંસ્થાઓ શિક્ષણના ક્ષેત્રે સુવિધાઓનું નિર્માણ, શાળાઓના સંચાલન, શૈક્ષણિક સાધન સહાય, સામાજિક જાગૃતિ, કન્યા કેળવણી અને બાળ અધિકાર જેવાં ક્ષેત્રમાં કાર્યરત છે. આજ રીતે શિક્ષણના ક્ષેત્રે કેટલાંક ટ્રસ્ટ, સોસાયટી, અને સેવાકીય સંસ્થાઓ પણ શાળાઓના સંચાલનથી લઈ વિવિધ શિક્ષણ સહાયક પ્રવૃત્તિઓ કરે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણના ક્ષેત્રે કાર્યરત બિનસરકારી સંગઠનોમાં 'યુનિસેફ' (United Nations International Children's Emergency Fund - UNICEF) નું સ્થાન મોખરાનું છે. યુનિસેફ એ United Nations - UNO (યુનો)ની પેટા સંસ્થા છે. જે સમગ્ર વિશ્વમાં બાળ અધિકારના ક્ષેત્રમાં કાર્ય કરે છે. 'યુનિસેફ' ભારતમાં 1949થી કાર્યરત છે. જેનાં કાર્યક્ષેત્રમાં ગુજરાત સહિત ભારતના વિવિધ રાજયો સમાવિષ્ટ છે. યુનિસેફના કાર્યક્ષેત્રમાં શિક્ષણ, બાળ અધિકાર, બાળ વિકાસ અને પોષણ, બાળ આરોગ્ય, સ્વચ્છતા અને બાળ સુરક્ષાનો સમાવેશ થાય છે. આ માટે તે સમાજ, બિનસરકારી સંગઠનો, સ્વસહાયક જૂથો અને યુનોની ભગિની સંસ્થાઓ સાથે સંકલન કરી કાર્ય કરે છે. દેશમાં આવતી કુદરતી આફતોના સમયે પણ 'યુનિસેફ' સહાયભૂત થાય છે. ગુણવત્તાયુકત શિક્ષણ માટે 'યુનિસેફ' શિક્ષક પ્રશિક્ષણ, સમાવેશી શિક્ષણ, જાતીય શિક્ષણ, તારૂણ્ય શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ જેવાં ક્ષેત્રોમાં કાર્ય કરે છે.

### 1.3.2 સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પોતાના કાર્યક્ષેત્રમાં આવતી પ્રાથમિક શાળાઓના વ્યવસ્થાપનની જવાબદારી સંભાળે છે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓના વ્યવસ્થાપન માટે જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ કાર્ય કરે છે. જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પૈકી આ સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતના વડા ચેરમેન છે. જે સમિતના સભ્યો પૈકી જ હોય છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આ જિલ્લા શિક્ષણ સમિતિના વહીવટી વડા છે. આ સમિતિની મુખ્ય જવાબદારી જિલ્લા પંચાયતના

કાર્યક્ષેત્રની પ્રાથમિક શાળાઓના વ્યવસ્થાપનની છે. જેનાં મુખ્ય કાર્યોમાં  સરકારના નીતિ નિયમોનું પાલન કરાવવું, નવી શાળાઓની સ્થાપના કરવી, શાળાઓનું નિયમન કરવું, શૈક્ષણિક ગુણવત્તાની જાળવણી કરવી,  શાળાઓને ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી, શિક્ષકોની નિમણૂંક કરવી, શિક્ષકોના સેવા વિષયક પાસાંઓનું વ્યવસ્થાપન કરવું અને શાળા વિકાસના કાર્યોનું આયોજન અને વ્યવસ્થાપન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

શહેરી વિસ્તારોમાં મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યો પૈકી શિક્ષણ સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતના વડા ચેરમેન છે. જે સમિતિના સભ્યો પૈકી જ  હોય છે. શાસનાધિકારી આ સમિતિના વહીવટી વડા છે. આ સમિતિ પણ જિલ્લા શિક્ષણ સમિતિની જેમ શૈક્ષણિક વ્યવસ્થાપનનું કાર્ય કરેછે.

શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપનના કાર્યમાં  શાળા વ્યવસ્થાપન સમિતિ સહયોગ કરે છે . બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર કાયદો  (2009) અંતર્ગત દરેક શાળામાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવી ફરજિયાત બની છે. આ સમિતિ વિદ્યાર્થીઓના વાલીઓ (3/4 સભ્યો) શિક્ષકો, શિક્ષણવિદો અને સંચાલકોની બનેલી હોય છે. શાળા વ્યવસ્થાપન સમિતિના મુખ્ય કાર્યો આ મુજબ છે :

1. શાળાની કામગીરી પર દેખરેખ અને નિયંત્રણ રાખવું.
2. શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણ કરવી.
3. સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજા કોઈ સ્રોતમાંથી મળેલી ગ્રાન્ટના ઉપયોગ પર દેખરેખ અને નિયંત્રણ રાખવું.
4. નિયત કરવામાં આવ્યા હોય તેવાં બીજા કાર્યો કરવા.

### 1.3.3 શાળા વ્યવસ્થાપક મંડળો

સામાન્ય રીતે બિનસરકારી અનુદાનિત અને ખાનગી શાળાઓના સંચાલનની જવાબદારી શાળા વ્યવસ્થાપક મંડળો સંભાળે છે. આ મંડળોની મુખ્ય ભૂમિકા સુચારું રીતે શાળા સંચાલનનું કાર્ય કરવાની છે. શાળા સંબંધિત , વહીવટી અને  શૈક્ષણિક સંચાલનની જવાબદારી આ મંડળો  દ્વારા નિભાવવામાં આવે છે. આ સિવાય વિદ્યાર્થી પ્રવેશ, ભૌતિક સુવિધાઓનું નિર્માણ અને દેખરેખ તેમજ શાળાના રોજબરોજના કાર્યમાં દિશાસૂચન કરવાનું કાર્ય પણ શાળા સંચાલક મંડળ કરે છે. પ્રવર્તમાન સમયમાં વધી રહેલી શિક્ષણની માંગને પહોંચી વળવા માટે સરકારી વ્યવસ્થાની સાથે ધાર્મિક, સામાજિક અને સેવાકીય સંગઠનો દ્વારા ઊભી કરવામાં આવતી શાળાઓ અને શિક્ષણ સહાયક પ્રવૃત્તિને વેગ મળી રહ્યો છે.

### 1.3.4 શિક્ષક સંઘો

શિક્ષકસંઘો એ  શિક્ષકો દ્વારા ચલાવવામાં આવતાં સંગઠનો છે. શિક્ષણ સહાયક સંગઠનોમાં શિક્ષક સંઘોની ભૂમિકા મહત્વની છે. તેનાં મુખ્ય કાર્યો આ મુજબ ગણાવી શકાય :

- શિક્ષકો અને સરકાર વચ્ચે સંકલનની ભૂમિકા ભજવી.
- શિક્ષકોના પ્રશ્નો સંદર્ભે સરકાર અને શાળા વ્યવસ્થાપક મંડળો સાથે પરામર્શન કરવું.

- નીતિ વિષયક બાબતોમાં શિક્ષકોનો પક્ષ રજૂ કરવો.
- શિક્ષકો માટે સુવિધાઓ ઊભી કરવી.
- શિક્ષક અને તેનાં પરિવારો માટે કલ્યાણકારી અને રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવી.
- શાળા, શિક્ષણ અને વિદ્યાર્થીઓના ઉત્થાનની પ્રવૃત્તિઓ કરી તંદુરસ્ત શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ કરવું.

**પ્રવૃત્તિ :**

'યુનિસેફ'ની વેબસાઇટ પર જઇ તેની શિક્ષણ સહાયક પ્રવૃત્તિઓ વિશે નોંધ તૈયાર કરો.

**પ્રગતિ ચકાસીએ…**

1. બિન સરકારી સંગઠનો શિક્ષણને સહાયક કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે ?
2. શિક્ષણ સહાયક સંગઠન તરીકે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ભૂમિકા શું છે ?
3. શાળા વ્યવસ્થાપક મંડળોનું કાર્યક્ષેત્ર શું છે ?
4. શિક્ષણના સંદર્ભે શિક્ષક સંઘોની ભૂમિકા શી છે ?

### 1.4 શિક્ષણ નીતિઓ

આઝાદી બાદ જુદાં જુદાં શિક્ષણપંચો અને શિક્ષણ નીતિઓએ ભારતમાં શિક્ષણની દિશા નક્કી કરવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. જેમાં યુનિવર્સિટી શિક્ષણ પંચ (રાધાકૃષ્ણન પંચ,1948), માધ્યમિક શિક્ષણ પંચ (મુદલિયાર પંચ, 1952) અને રાષ્ટ્રીય શિક્ષણ પંચ (કોઠારી પંચ,1964) મુખ્ય છે. આ સિવાય આદિસેશિઆહ સમિતિ (1977), ઈશ્વરભાઈ સમિતિ (1977) અને ભાર વિનાનું ભણતર (પ્રો. યશપાલ સમિતિ,1993)એ પણ સમયાંતરે શાલેય શિક્ષણની ગુણવત્તા સુધારણા સંદર્ભે મહત્વની ભલામણો કરી છે. શિક્ષણ નીતિઓ સંદર્ભે વિચારણા કરીએ તો અત્યાર સુધીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1968), રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1979), રાષ્ટ્રિય શિક્ષણ નીતિ (1986) અને આચાર્ય રામમૂર્તિ : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સમીક્ષા સમિતિ (1990)ની ભલામણો અનુસાર રાષ્ટ્રના શિક્ષણમાં નીતિ વિષયક સુધારણાઓ થઈ છે. હવે, મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો (2009) દ્વારા 6 થી 14 વર્ષના તમામ બાળકોને શિક્ષણનો અધિકાર સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. હાલમાં સરકારશ્રી દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવાની કામગીરી પણ શરૂ છે.

#### 1.4.1 રાષ્ટ્રીય શિક્ષણ પંચ (કોઠારી પંચ, 1964-66)

શિક્ષણના જુદાં જુદાં ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તનો લાવવા માટેના પ્રેરણાસ્રોત સમાન આ પંચની રચના 1964માં ડો. દોલતસિંહ કોઠારીના અધ્યક્ષ પદે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય શિક્ષણ પંચ 'કોઠારી કમિશન'ના નામથી પણ પ્રચલિત છે. ગુણવત્તાયુકત કેળવણી સંદર્ભે આ પંચની મુખ્ય ભલામણો આ મુજબ હતી :

- વિદ્યાર્થીઓ માટે સામાજિક તથા રાષ્ટ્રીય સેવા ફરજિયાત બનાવવી.
- સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક  મૂલ્યોના સંવર્ધન માટે શૈક્ષણિક કાર્યક્રમો યોજવા.
- સામાન્ય નાગરિકના શિક્ષણ સ્તરને ઊંચુ લાવવા પ્રયત્ન કરવા.
- દરેક માટે શિક્ષણની સમાન તકોનું નિર્માણ કરવું.
- પૂર્વ પ્રાથમિક શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધારવો.
- મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના સિદ્ધાંતને અમલીકૃત બનાવવો.
- માધ્યમિક કક્ષાએ વ્યાવસાયિક અને ટેકનિકલ શિક્ષણ પર વિશેષ ભાર આપવો.
- અભ્યાસક્રમોનું ઉર્ધ્વીકરણ કરી શિક્ષણના પ્રત્યેક તબકકે સમૃદ્ધ અભ્યાસક્રમ મૂકવો.
- ઉત્કૃષ્ટ અધ્યયન–અધ્યાપન સામગ્રીઓના નિર્માણ દ્વારા શિક્ષણના સ્તરને ઊંચું લાવવું.
- શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમ અને પ્રશિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા સુધારવી.

**1.4.2 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986)**

ભારત સરકાર દ્વારા 1986માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી. શિક્ષણ અંગેના વિવિધ પાસાંઓના સમાવેશ સાથેની આ નીતિની ચાવીરૂપ બાબતો આ મુજબ છે :

/ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ દ્વારા નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તાયુકત શિક્ષણનું લક્ષ્ય પ્રાપ્ત કરવું.
- બાળકોના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થીકેન્દ્રી પૂર્વ પ્રાથમિક શિક્ષણ પર ખાસ ભાર મૂકવો.
- સમગ્ર દેશમાં  10 + 2 + 3ના શિક્ષણ માળખાનો અમલ કરવો.
- સમાજના દરેક વર્ગને શિક્ષણની સમાન તક પૂરી પાડવી.
- દરેક સ્તરે લઘુત્તમ અધ્યયન કક્ષા નક્કી કરવી.
- પ્રતિભાશાળી બાળકોને શીખવાની વિશેષ તકો પૂરી પાડવી.
- વ્યાવસાયિક અને ટેકનિકલ શિક્ષણને પ્રોત્સાહન આપવું.
- રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાની હાર્દરૂપ બાબતોને અભ્યાસક્રમમાં સ્થાન આપવું.
- વિજ્ઞાન અને ટેકનોલોજીના શિક્ષણ તેમજ સંશોધન અને વિકાસના કાર્યના રાષ્ટ્રીય સ્તરે સંયોજિત જોડાણ માટે ખાસ પગલા લેવાં.
- મૂલ્યાંકન પ્રક્રિયામાં બદલાવ લાવવો, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનને અમલી બનાવવું.
- દૂરવર્તી શિક્ષણ અને ખુલ્લી વિદ્યાપીઠોને પ્રોત્સાહન આપી સમાજના તમામ વર્ગો  માટે પોતાની પસંદગી અને અનુકૂળતા અનુસારના શિક્ષણની વ્યવસ્થા ઊભી કરી આજીવન શિક્ષણના ખ્યાલને ચરિતાર્થ કરવો.
- નવી પેઢીમાં વૈશ્વિક સહકારયુકત સહઅસ્તિત્વના ખ્યાલને શિક્ષણના માધ્યમથી વધુ સુદ્રઢ કરવો.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના કરવી.
- રાષ્ટ્રીય મહત્વની શૈક્ષણિક સંસ્થાઓના સશકિતકરણ અને સંકલન  દ્વારા નવી શિક્ષણ નીતિના અમલીકરણનો માર્ગ તૈયાર કરવો.

### 1.4.3 ' ભાર વગરનું ભણતર' પ્રો. યશપાલ સમિતિ (1993)નો અહેવાલ

શિક્ષણના દરેક સ્તર પર વિદ્યાર્થીઓ પર પડતો ભણતરનો ભાર હળવો કરી વિદ્યાર્થીઓના અધ્યયનની ગુણવત્તા સુધારવાના હેતુ સાથે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 1992માં પ્રો. યશપાલની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી. વ્યાપક વિચાર વિમર્શ બાદ આ સમિતિએ 1993માં પોતાનો અહેવાલ 'ભાર વગરનું ભણતર' (Learning without Burden ) શીર્ષક હેઠળ સરકારને સુપ્રત કર્યો, જેની મુખ્ય ભલામણો આ મુજબ હતી :

- પ્રાથમિક કક્ષાનું શિક્ષણ માતૃભાષામાં જ આપવું.
- વ્યકિતગત સફળતાને પુરસ્કૃત કરનારી હરીફાઈના સ્થાને વિદ્યાર્થીઓની સામૂહિક સફળતાઓને પુરસ્કૃત કરવી.
- અભ્યાસક્રમ નિર્માણ અને પાઠ્યપુસ્તકના લેખનની પ્રક્રિયાને વિકેન્દ્રિત કરી આ પ્રક્રિયામાં શિક્ષકોની ભાગીદારી વધારવી. વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોની તજજ્ઞીય સેવા લેવી.
- શાળાની સ્થાનિક જરૂરિયાતો અનુસાર શૈક્ષણિક સામગ્રીઓનું નિર્માણ કરવાનો અવસર આપવો.
- નવા વિચારો સાથે પ્રતિબદ્ધ સંસ્થાઓને અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક વિકાસ તેમજ તાલીમ સંદર્ભે વધુ સ્વતંત્રતા અને સહાય આપવી.
- જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે શિક્ષણ સમિતિઓની સ્થાપના કરી તેમના કાર્યક્ષેત્રમાં આવતી શાળાઓ માટે યોજનાઓ ઘડી કાર્યાન્વિત કરવી.
- પૂર્વ પ્રાથમિક શિક્ષણને નિયંત્રિત કરવા માટેના માનાંકો તૈયાર કરવા તેમજ આ કક્ષાએ પ્રવેશ માટે કસોટી કે ઇન્ટરવ્યુ લેવાની પ્રથા રદ કરવી.
- બાળકોને દરરોજના ઉપયોગના પુસ્તકો શાળામાં જ રાખવા. વિદ્યાર્થીઓનો ભાર હળવો કરવા શાળાએ ગૃહકાર્ય, પાઠ્યપુસ્તકો તથા નોટબુકોના ઉપયોગ સંબંધિત સમયપત્રક તૈયાર કરીને અગાઉથી જ આપી દેવું .
- વિદ્યાર્થીઓને અપાતાં ગૃહકાર્યના સ્વરૂપમાં ફેરફાર કરી ભારરૂપ ગૃહકાર્ય ન આપવું.
- શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમોને વ્યવસ્થિત રીતે તૈયાર કરવા.
- પ્રાથમિક કક્ષાએ ગણિત શિક્ષણમાં યાંત્રિક નિયમોના શિક્ષણના સ્થાને સમજ, કૌશલ્ય વિકાસ અને સમસ્યા ઉકેલને સ્થાન આપવું.
- વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુકિત મળે તે માટે પરીક્ષાઓમાં સંકલ્પના આધારિત પ્રશ્નો પૂછવા.
- ભાષાના પાઠ્યપુસ્તકોમાં બોલચાલની ભાષાને પૂરતું સ્થાન આપી પાંડિત્યપૂર્ણ ઉપદેશોને સ્થાને વાર્તાઓ, કવિતાઓ અને જીવનના અનુભવોને સમાવવા.
- પ્રાથમિક કક્ષાના વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાં વાસ્તવિક અનુભવો અને પરિસ્થિતિ સંબંધિત વિશ્લેષણાત્મક ચિંતન પર ધ્યાન આપવું જોઈએ.
- ઈતિહાસના અભ્યાસક્રમના આવૃત્તિય સ્વરૂપને બદલવું. નાગરિકશાસ્ત્રમાં સમકાલીન અધ્યયન અને ભૂગોળ શિક્ષણને વર્તમાન વાસ્તવિકતા સાથે જોડવું.

### 1.4.4 બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો (2009)

શિક્ષણ એ બાળકનો મૂળભૂત અધિકાર છે. 6 થી 14 વર્ષના પ્રત્યેક બાળકને કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળી રહે તે હેતુથી ભારત સરકારે 2009માં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ઘડયો છે. આ કાયદાની મુખ્ય જોગવાઈઓ આ મુજબ છે :

- શિક્ષણ મેળવવું એ દરેક બાળકનો અધિકાર છે.
- બાળકને નજીકની શાળામાં પ્રવેશ આપવો.
- પ્રત્યેક બાળક માટે પ્રાથમિક શિક્ષણ માટે 1 કિ.મી. અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે 3 કિ.મી.ના અંતરમાં શાળા હોવી જોઈએ.
- બાળકને વયકક્ષા મુજબના ધોરણમાં પ્રવેશ આપવો.
- બાળકને કક્ષા અનુસારના સ્તર પર લાવવા માટે વિશેષ શિક્ષણ આપવું.
- 3 થી 6 વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા કરવી.
- અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓએ વંચિત જૂથના 25 ટકા બાળકોને નિઃશુલ્ક પ્રવેશ આપવાનો રહેશે.
- કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ થયા સુધી નાપાસ કરી શકાશે નહીં.
- બાળકોને શારીરિક, માનસિક ઇત્યાદિ કોઈ પણ સજા કરી શકાશે નહીં.
- બાળકોને તેમના રસ, રુચિ, સ્તર અને ગતિને અનુરૂપ શીખવાની તક આપી સર્વાંગી વિકાસ કરવો.
- શાળામાં શાળા વ્યવસ્થાપન સમિતિ (School Management Committee) ની રચના કરવી.

**પ્રગતિ ચકાસીએ...**

1. રાષ્ટ્રીય શિક્ષણ પંચની મુખ્ય ભલામણો કઈ કઈ છે?
2. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986)ની ચાવીરૂપ બાબતો કઈ કઈ છે ?
3. 'ભાર વગરનું ભણતર' – અહેવાલમાં વિદ્યાર્થીઓનો બોજ હળવો કરવા કયા કયા ઉપાયો સૂચવવામાં આવ્યાં છે ?
4. મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો (2009) બાળકોને કયા કયા અધિકારો આપે છે ?

### 1.5 સારાંશ

આ પ્રકરણમાં શૈક્ષણિક વ્યવસ્થાપનની સંકલ્પના સ્પષ્ટ કરવામાં આવી છે. તેમજ આપણા દેશમાં રાષ્ટ્રીય, રાજય અને સ્થાનિક કક્ષાના શૈક્ષણિક વ્યવસ્થાતંત્ર સાથે સંલગ્ન સંસ્થાઓ અને તેના કાર્યક્ષેત્રનો પરિચય આપી શિક્ષણના વ્યવસ્થાતંત્રને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અહીં આપણે એ પણ જોયું કે શિક્ષણના તંત્રને બિનસરકારી સંગઠનો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપક મંડળો અને શિક્ષકસંઘો સહાયક બને છે. અંતે, આઝાદી બાદ ભારતની શિક્ષણ વ્યવસ્થામાં આવેલાં મહત્વના નીતિ વિષયકો પરિવર્તનનો ચિતાર પણ આપણે મેળવ્યો.

**1.6 સ્વાધ્યાય**

**પ્રશ્ન : 1. નીચેના પ્રશ્નોના એક –બે વાકયોમાં જવાબ આપો.**

1. વ્યવસ્થાપન એટલે શું?

2. શૈક્ષણિક વ્યવસ્થાપનનો અર્થ જણાવો.

3. રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાપનનું કાર્ય સરકારના કયા વિભાગના નેતૃત્વમાં થાય છે?

4. શિક્ષણ સહાયક સંગઠનોના નામ જણાવો.

5. કઈ સમિતિએ 'ભાર વગરના ભણતર'ની ભલામણો કરી છે ?

**પ્રશ્ન : 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. શૈક્ષણિક વ્યવસ્થાપન તંત્રની સ્વરૂપગત લાક્ષણિકતાઓ કઈ કઈ છે ?

2. પ્રશાસકીય વ્યવસ્થાપનના કાર્યો કયા કયા છે?

3. રાજયના શિક્ષણ વિભાગના મહત્વના કાર્યો જણાવો.

4. 'યુનિસેફ' શું કાર્ય કરે છે?

5. આઝાદી બાદ ભારતના શૈક્ષણિક વ્યવસ્થાતંત્રમાં આવેલાં કોઈપણ ચાર નીતિ વિષયક ફેરફારો જણાવો.

**પ્રશ્ન : 3. ટૂંકનોંધ લખો.**

1. વર્ગખંડ વ્યવસ્થાપન

2. સ્થાનિક સ્તરે શૈક્ષણિક વ્યવસ્થા તંત્ર

3. શિક્ષણ સહાયક તંત્ર તરીકે બિનસરકારી સંગઠનોની ભૂમિકા

4. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –1986

**પ્રશ્ન : 4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. શૈક્ષણિક વ્યવસ્થાપનની સંકલ્પના સ્પષ્ટ કરી તેના કાર્યક્ષેત્ર વિશે વિગતે ચર્ચા કરો.

2. 'ભાર વગરનું ભણતર' – અહેવાલની ચાવીરૂપ બાબતો વર્ણવો.

3. મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો–૨009ની મુખ્ય જોગવાઇઓ સમજાવો.

**1.6 પ્રોજેકટ કાર્ય**

1. ઇન્ટર્નશીપમાં તમે પસંદ કરેલ શાળાની શાળા વ્યવસ્થાપન અને વર્ગખંડ વ્યવસ્થાપન પ્રક્રિયાનું અવલોકન કરી વિગતવાર અહેવાલ તૈયાર કરો.

1. તમારા વિસ્તારના બિનસરકારી શિક્ષણ સહાયક સંગઠનો વિશે માહિતી એકત્ર કરી વિગતવાર અહેવાલ તૈયાર કરો.

3. 'મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો–2009,'ના કારણે શિક્ષણ વ્યવસ્થામાં આવેલા મહત્વના પરિવર્તનો આવ્યાં છે' આ વિધાનના સંદર્ભમાં પ્રશિક્ષકો, શિક્ષકો,વાલીઓ અને સહાધ્યાયીઓ સાથે વિચાર વિમર્શ કરી નોંધ તૈયાર કરો.

## 1.7 સંદર્ભસૂચિ


**પુસ્તકો :**

1. દેસાઈ ધનવંત (1994), શૈક્ષણિક પ્રશાસન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. ભટ્ટ મહેન્દ્રિકા (1988), શિક્ષણ પ્રબંધ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. ભાલ જયંતિભાઈ (1983), ભારતની શિક્ષણ વ્યવસ્થા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
4. પટેલ મોતીભાઈ (૨૦૦૩), ભારતીય શિક્ષણનો ઈતિહાસ : એક ઝલક, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.
5. પટેલ મોતીભાઈ અને અન્ય (2004), શાળા પ્રબંધ, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

**Reports and Documents :**

1. Report of the ‘Education Commission-1964-66’ NCERT, New Delhi.
2. Report of the ‘National Policy on Education, 1986’, MHRD, New Delhi.
3. Report of the ‘Learning without Burden’, MHRD, New Delhi.
4. Document of ‘The Right of Children to Free and Compulsory Education Act-2009’, The Gazette of India, No.39-2009, New Delhi.

**website :**

1.www.ncert.in
2. www.teindia.nic.in
3. www.mhrd.gov.in
4. www.unicef.org/india
5. www.gujarat-education.gov.in.

# એકમ – 2
# ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું બંધારણ અને પ્રક્રિયાઓ – 2
# શિક્ષણનું માળખું

**હેતુ:**

**પ્રશિક્ષણાર્થીઓ ભારતીય શિક્ષણ વ્યવસ્થાના બંધારણ અને પ્રક્રિયાઓથી પરિચિત થાય.**

2.0 પ્રસ્તાવના

**2.1 શિક્ષણના માળખા**

2.1.1 શૈક્ષણિક માળખું

2.1.2 તાલીમી માળખું

2.1.3 વહીવટી માળખું – કેન્દ્ર કક્ષાએ, રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ

**2.1.3.1** કેન્દ્ર સરકારનું માળખું

**2.1.3.2** રાજ્ય સરકારનું માળખું

**2.1.3.3** જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણનું માળખું

2.2 **શિક્ષણની સંસ્થાઓ**

2.2.1 **કેન્દ્ર સરકારની સંસ્થાઓ:**

2.2.1.1કેન્દ્રીય શિક્ષણ સલાહકાર મંડળ Central Advisory Board of Education (CABE)

2.2.1.2રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ National Council of Teacher Education(NCTE)

2.2.1.3રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ National Council of Education Research & Training (NCERT)

2.2.1.4રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વ્યવસ્થાપન યુનિવર્સિટી National University of Education Planning & Administration (NUEPA)

2.2.1.5સાંસ્કૃતિક તાલીમ સ્ત્રોત સંસ્થા Center For Cultural Education Research & Training (CCRT)

2.2.1.6રાષ્ટ્રીય અનુદાન આયોગ University Grant Commission (UGC)

2.2.2 **રાજ્ય સરકારની સંસ્થાઓ :**

2.2.2.1 પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

2.2.2.2 ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ Gujarat State School Textbook Board (GSSTB)

2.2.2.3 રાજ્ય પરીક્ષા બોર્ડ State Examination Board (SEB)

2.2.2.4 ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન Gujarat Institute of Educational Technology (GIET)

2.2.2.5 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ Gujarat Council Of Educational Research And Training (GCERT)

2.2.1.3 જિલ્લા કક્ષાએ સંસ્થાઓ:

2.2.1.3.1 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન District Institute of Education and Training (DIET)

**2.3 સારાંશ**

**2.4 સ્વાધ્યાય**

**2.5 પ્રોજેક્ટ**

**2.6 સંદર્ભસૂચિ**

# એકમ – 2
# ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું બંધારણ અને પ્રક્રિયાઓ – 2
# શિક્ષણનું માળખું

**2.0 પ્રસ્તાવના:**

ભારતીય બંધારણમાં થયેલ 42મા સુધારા અન્વયે શિક્ષણ એ કેન્દ્ર અને રાજય સરકારની સંયુક્ત જવાબદારી છે. કેન્દ્ર સરકાર રાજય સરકારને શિક્ષણની ફરજો બજાવવામાં માર્ગદર્શન પૂરું પાડે છે તેમજ આર્થિક સહાય પૂરી પાડે છે. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શિક્ષણના માળખાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવેલું છે. ગુજરાત પંચાયત ધારો 1963, ધી મુંબઈ પ્રાથમિક શિક્ષણ ધારો 1947 અને ધી મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 અન્વયે રાજયનું વહીવટી સત્તામંડળ શિક્ષણના વિકાસ માટેની પ્રવૃત્તિઓ અમલમાં મૂકે છે. આ ધારા અન્વયે તમામ અધિકારીઓના કાર્યો અને ફરજો નિર્ધારિત કરવામાં આવેલ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓએ જિલ્લા પંચાયતોના અંતર્ગત ભાગ તરીકે કાર્ય કરી જિલ્લાની શાળાના સ્થાન નક્કી કરવા તથા શાળાઓની જરૂરિયાતો પૂરી પડવાની કામગીરી કરવાની છે. નગર સેવા સદન નગર શિક્ષણ સમિતિઓ દ્વારા પોતાના વિસ્તારની પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે. આમ, કેન્દ્રથી શરૂ કરી ગામ સ્તર સુધી શિક્ષણના માળખાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે.

પ્રાથમિક શિક્ષણમાં સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા સુધાર માટે કેન્દ્રકક્ષાથી રાજયકક્ષા સુધી ઘણી સંસ્થાઓ કાર્યરત છે. જેમાં કેન્દ્રકક્ષાએ એમ.એચ.આર.ડી., એન.સી.ઈ.આર.ટી., એસ.એસ.એ.વગેરે; રાજય કક્ષાએ જી.સી.ઈ.આર.ટી., જી.આઈ.ઈ.ટી., ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, રાજય પરીક્ષા બોર્ડ, વગેરે; જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વગેરે જેવી સંસ્થાઓ કાર્યરત છે.

પ્રસ્તુત એકમમાં આપણે સૌ પ્રથમ વિવિધ સ્તરે શિક્ષણના માળખાઓની સમજ મેળવીશું. ત્યારબાદ કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનો પરિચય મેળવીશું.

**2.1 શિક્ષણના માળખા**

રાષ્ટ્રીય શિક્ષણનીતિની મહત્વની બે બાબતો

(i) શિક્ષણનું સાર્વત્રિકરણ એટલે કે 6 થી 14 વર્ષ સુધીના તમામ બાળકોનો શાળાપ્રવેશ અને શાળા સ્થાયીકરણ

(ii) શિક્ષણની ગુણવત્તા સુધારણા એટલે કે વિષયવસ્તુ અને શિક્ષણની પ્રવૃત્તિમાં સુધારો, શાળા મકાન અને જરૂરી સગવડોની વ્યવસ્થા, શિક્ષકોની પૂરતી સંખ્યા, શિક્ષણ–પ્રશિક્ષણનાં વ્યવહારુ કાર્યક્રમોનું આયોજન દરેક તબક્કે લઘુત્તમ શૈક્ષણિક સ્તરની જોગવાઈ.

ઉપયુક્ત બંને લક્ષ્યાંકો સિદ્ધ કરવા રાષ્ટ્રીય કક્ષાએથી શરૂ કરીને રાજ્ય, જિલ્લા, તાલુકા, કલસ્ટર અને ગ્રામ્ય કક્ષા સુધીના સુવિકસિત માળખાની જરૂરિયાત ઊભી થઈ. રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાએ આ જરૂરિયાતને પહોંચી વળવા શિક્ષણના સુવ્યવસ્થિત માળખા વિકસાવી રાષ્ટ્ર અને રાજ્યની જવાબદારી નક્કી કરવામાં આવી.

શિક્ષણના માળખાના ત્રણ પ્રકાર છે.

2.1.1 શૈક્ષણિક માળખું

2.1.2 તાલીમી માળખુ

2.1.3 વહીવટી માળખું – કેન્દ્ર કક્ષાએ, રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ

### 2.1.1 શૈક્ષણિક માળખું


ભારતીય શિક્ષણપંચ 1964–66ની ભલામણ અનુસાર 10+2+3 ની શિક્ષણની તરેહનો સ્વીકાર થયો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1968 દ્વારા તેને પ્રબળ સમર્થન મળ્યું; તેના ફળસ્વરૂપ 1972માં ઠરાવ પસાર થયો કે એકસૂત્રતાવાળી શિક્ષણની તરેહ અપેક્ષિત છે. દા.ત. 10+3+2, પાંચમી પંચવર્ષીય યોજનાને અંતે રાષ્ટ્રના સમગ્ર ભાગોમાં એ તરેહનો સ્વીકાર કરવો. શિક્ષણમંત્રાલયે આ ઠરાવની ઊંડાણપૂર્વકની સમીક્ષા કરી ત્યારબાદ સરકારે 10+2+3 ની શિક્ષણની તરેહનો સ્વીકાર કર્યો.

હાલમાં ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનાં અમલીકરણ બાદ ધોરણ 8 નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરેલ છે જે પૈકી ધોરણ 1 થી 5 નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધોરણ 6 થી 8 ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં વિભાજીત છે. જ્યારે ધોરણ 9 થી 10 માધ્યમિક શિક્ષણ અને ધોરણ 11 થી 12 ઉચ્ચ માધ્યમિક શિક્ષણ ગણાય છે.

આમ, શૈક્ષણિક માળખા મુજબ સમગ્ર દેશ અને રાજયોમાં 10+2+3 ના તબક્કા સુધીનું સામાન્ય શિક્ષણ એકસૂત્રતા વાળું છે.

### 2.1.2 તાલીમી માળખું

સતત પરિવર્તિત ટેકનોલોજીના યુગમાં શિક્ષણમાં આવતા નૂતન પ્રવાહો અને પરિવર્તનોથી માહિતગાર રહેવા તથા સેવારત શિક્ષકોની સંપૂર્ણ વ્યાવસાયિક સજ્જતા વિકસાવવા માટે તાલીમ અતિ આવશ્યક છે. શિક્ષકોને પોતાના વ્યવસાયમાં આવતા પરિવર્તનોથી સુપરિચિત રાખવા તથા શાળા કક્ષાએ પરિવર્તનોના અમલીકરણ માટે કેન્દ્રકક્ષાથી શાળાકક્ષા સુધીનું સુવ્યવસ્થિત માળખું રચાયેલું છે. જે નીચે મુજબ છે.



### 2.1.3 વહીવટી માળખું – કેન્દ્ર કક્ષાએ, રાજય કક્ષાએ, જિલ્લાકક્ષાએ

### 2.1.3.1 કેન્દ્ર સરકારનું માળખું

કેન્દ્ર કક્ષાએ માનવ સંસાધન વિકાસ મંત્રાલય (એમ.એચ.આર.ડી.) એ મુખ્ય સરકારી એજન્સી છે. જેનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે. શિક્ષણ વિભાગની શિક્ષણ સંબંધી તમામ જવાબદારીઓ છે. શિક્ષણના કાર્યક્રમોના સમગ્ર આયોજન અને અમલીકરણના માર્ગદર્શનની જોગવાઇ સહિત માનવ સંસાધન વિકાસ મંત્રાલય સંઘ સરકારના કેબિનેટ મંત્રીના નેતૃત્વ હેઠળ હોય છે. શિક્ષણ વિભાગ એમ.એચ.આર.ડી. ના રાજયમંત્રી હેઠળ હોય છે. રાજયમંત્રી નીચે શિક્ષણ સચિવ હોય છે. જે વહીવટી કામગીરી સંભાળે છે. શિક્ષણ વિભાગના વિવિધ વિભાગો હોય છે. જે સંયુક્ત શિક્ષણ સચિવને હસ્તક હોય છે.

વિવિધ સંસ્થાઓના નિયામક, ઉપમંત્રીઓ કે ઉપશૈક્ષણિક સલાહકારો વિભાગીય વડા હોય છે .તેઓ કચેરીલક્ષી કાર્યોમાં સહાયક બને છે. આ બધા વિભાગો સરકારી અધિકારીઓથી ચાલે છે. કેન્દ્રકક્ષાએ શિક્ષણનું માળખું નીચે મુજબ છે.

**<u>કેન્દ્ર સરકારનું માળખું</u>**

કેબિનેટ મંત્રી

↓

રાજયમંત્રી

↓

શિક્ષણ સચિવ

↓

સંયુક્ત શિક્ષણ સચિવ

↓

નાયબ શિક્ષણ સચિવ

↓

ઉપશિક્ષણ સચિવ

↓

વિભાગીય અધિકારીઓ

### 2.1.3.2 રાજય સરકારનું માળખું

રાજયકક્ષાએ શિક્ષણની જવાબદારી રાજય સરકારની છે. રાજય સરકારનું વ્યવસ્થાતંત્ર શિક્ષણના કાર્યક્રમોનું આયોજન, સંચાલન અને વહીવટ કરે છે. આ સુવ્યવસ્થિત તંત્રને શિક્ષણનું વહીવટી તંત્ર કહેવામાં આવે છે. રાજય કક્ષાએ શિક્ષણનું વહીવટી માળખું નીચે મુજબ છે.

**રાજ્ય સરકારનું માળખું**

સચિવાલય
↓
કેબિનેટ કક્ષા
↓
શિક્ષણમંત્રી (રાજ્ય કક્ષા)
↓
નાયબ શિક્ષણમંત્રી
↓
રાજ્યનું કેળવણી તંત્ર

| | |
|---|---|
| શિક્ષણ વિભાગ | શિક્ષણ ખાતું |
| ↓ | ↓ |
| શિક્ષણ | પ્રાથમિક શિક્ષણ–નિયામક |
| ↓ | ↓ |
| સંયુક્ત શિક્ષણ સચિવ | સંયુક્ત શિક્ષણ–નિયામક |
| ↓ | ↓ |
| નાયબ શિક્ષણ સચિવ | નાયબ શિક્ષણનિયામક– |
| ↓ | ↓ |
| ઉપશિક્ષણ– સ | જિલ્લા પ્રા શિક્ષણાધિકારી . |
| ↓ | ↓ |
| વિભાગીય અધીકારીઓ | નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી . |
| ↓ | ↓ |
| કર્મચારીઓ | તાલુકા પ્રા .શિક્ષણાધિકારી . |
| | ↓ |
| | કેળવણીનિરીક્ષક– |
| | ↓ |
| | BRC કો ઓર્ડિનેટર . |
| | ↓ |
| | CRC કો.ઓર્ડિનેટર |
| | ↓ |
| | પ્રાથમિક શળાના આચાર્યો |
| | ↓ |
| | પ્રાથમિક શાળાના શિક્ષકો |
| | ↓ |
| | પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ |

### 2.1.3.3 જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણનું માળખું

જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણના વહીવટની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સોંપાયેલ છે, તે સિવાયની શિક્ષણની અન્ય જવાબદારીઓ પંચાયતીરાજને હસ્તક છે. પંચાયતીરાજ ત્રણ સ્તરે કાર્ય કરે છે. (1) જિલ્લા સ્તરે (2) તાલુકા સ્તરે (3) ગ્રામ સ્તરે

આ ત્રણેય સ્તરે પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે જવાબદાર અધિકારી અને પેટા સમિતિ તેમજ પ્રાથમિક શિક્ષણના વહીવટ માટે જવાબદાર અધિકારી હોય છે આ બધા મળીને સમગ્ર શિક્ષણની જવાબદારી સંભાળે છે. જિલ્લાકક્ષાના પંચાયતીરાજ પ્રાથમિક શિક્ષણનો ત્રિસ્તરીય વહીવટ નીચે મુજબ છે.

**પંચાયતી રાજ (પ્રાથમિક શિક્ષણ)**

| | | | |
|---|---|---|---|
| પંચાયતી રાજના ત્રણ સ્તર જવાબદાર વ્યક્તિ | પ્રાથમિક વિકાસ માટે જવાબદાર વ્યક્તિ | પેટા સમિતિઓ | પ્રાથમિક વહીવટ માટે |
| જિલ્લા સ્તરે જિલ્લા પંચાયત | જિલ્લા વિકાસ અધિકારી | જિલ્લા શિક્ષણ સમિતિ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| તાલુકા સ્તરે તાલુકા પંચાયત | તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી | તાલુકા શિક્ષણ સમિતિ | કેળવણી નિરીક્ષકો |
| ગ્રામ સ્તરે ગ્રામ પંચાયત | મંત્રી/તલાટી | SMC | ગામની શાળાના આચાર્ય |

જિલ્લામાં આવેલી નગરપાલિકા/મહાનગરપાલિકા વિસ્તારની શાળાઓનો વહીવટ જે તે નગરપાલિકા/ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ સમિતિ શૈક્ષણિક અને વહીવટી એમ બંને ક્ષેત્રે પ્રાથમિક શિક્ષણની જવાબદારી સંભાળે છે. તેનું કાર્યક્ષેત્ર નગર/મહાનગર પૂરતું મર્યાદિત હોય છે. નગર/મહાનગર સ્તરે શિક્ષણનું માળખું નીચે મુજબ છે.

જેમાં નગર સ્તરે

નગરપાલિકા → ચીફ ઓફિસર → નગરપાલિકા શિક્ષણ સમિતિ → નગર પ્રાથમિક શાસનાધિકારી

જેમાં મહાનગર સ્તરે

મહાનગરપાલિકા → કમિશનર → મહાનગરપાલિકા શિક્ષણ સમિતિ → મહાનગર પ્રાથમિક શાસનાધિકારી

**પ્રગતિ ચકાસીએ:**

**૧. શિક્ષણના માળખાના કેટલા પ્રકાર પડે છે? કયા કયા?**

**૨. શિક્ષણનું તાલીમી માળખું જણાવો.**

**૩. જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણનું માળખું જણાવો.**

## 2.2 શિક્ષણની સંસ્થાઓ

કેન્દ્ર અને રાજ્ય સરકારે નીતિ વિષયક બાબતોના આયોજન અને અમલીકરણને દિશાસૂચન આપવા કેટલીક વિશિષ્ટ સલાહકાર સંસ્થાઓ અને સંગઠનો વિકસાવ્યાં છે. આ સંસ્થાઓ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના સંબંધો, આયોજન, અમલીકરણ અને શૈક્ષણિક કાર્યક્રમોને મજબૂત બનાવવા અર્થે કાર્યરત છે. જેમાં નીચેની સંસ્થાઓનો સમાવેશ થાય છે.

### 2.2.1 કેન્દ્ર સરકારની સંસ્થાઓની ભૂમિકા જવાબદારી અને કાર્યો

#### 2.2.1.1 કેન્દ્રીય શિક્ષણ સલાહકાર મંડળ

સીએબીઇની સ્થાપના 1920માં થઇ હતી. 1923માં તેને નાબૂદ કરવામાં આવ્યું. 1935માં કાર્ટિંગ સમિતિની ભલામણને આધારે તેની પુન:રચના કરવામાં આવી. વિવિધ પંચોની નિમણૂક આ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. શિક્ષણના પ્રશ્નો અંગે આ બોર્ડ દર બે વર્ષે મળે છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અંગે આ બોર્ડ દ્વારા ફેરફારો સૂચવવામાં આવે છે. તેનો અમલ કરવો કે નહિં તે બાબત રાજ્ય સરકાર નક્કી કરે છે.

કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસમંત્રી બોર્ડના અધ્યક્ષ અને શિક્ષણ સેક્રેટરી બોર્ડના મંત્રીપદે હોય છે. દરેક રાજ્યના શિક્ષણપ્રધાન, ભારત સરકાર અને લોકસભાના સભ્યો અને રાષ્ટ્રના વિભિન્ન નામાંકિત કેળવણીકારો બોર્ડના સભ્યપદે હોય છે.

**સીએબીઇના કાર્યો :**

1. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રજૂ થયેલ શિક્ષણની સમસ્યાઓ હલ કરવી.
2. કેન્દ્ર અને રાજ્ય સરકારને શિક્ષણ અંગે માર્ગદર્શન આપવું.
3. શૈક્ષણિક માહિતીનું એકત્રીકરણ કરવું.
4. શિક્ષણની વિકાસ, વિસ્તરણ અને સુધારણા યોજનાઓ માટે સંયોજન કરવું.
5. ગત વર્ષની શૈક્ષણિક સિદ્ધિઓનું મૂલ્યાંકન અને આગામી શૈક્ષણિક કાર્યક્રમોની ભૂમિકા તૈયાર કરવી.
6. ભારતમાં શિક્ષણના વિકાસ માટે વાર્ષિક અને પંચવર્ષીય રીવ્યુ પ્રકાશિત કરવા.

#### 2.2.1.2 રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ National Council Of Teacher Education (NCTE)

શિક્ષણ – પ્રશિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવા શિક્ષકના સ્વતંત્ર અભ્યાસને અનુસરવા અને સંશોધનો પ્રકાશિત કરવાના હેતુથી કેન્દ્ર સરકારના ધારા 73 હેઠળ 1993માં NCTE ની સ્થાપના કરવામાં આવી. તેનું વડું મથક દિલ્હીમાં છે. બેંગ્લોર, ભોપાલ, ભુવનેશ્વર અને જયપુરમાં તેનાં પ્રાદેશિક કેન્દ્રો છે.

**ઉદ્દેશો :–**

1. શિક્ષક – પ્રશિક્ષણ પ્રણાલીને સમાન અને નિયંત્રિત કરી ઉન્નતિ પ્રાપ્ત કરવી.
2. શિક્ષક – પ્રશિક્ષણ પ્રણાલીના ધારાધોરણોને ગુણવત્તા સભર બનાવવા અને તેમને જાળવી રાખવા.
3. પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, અનૌપચારિક, અંશકાલીન શિક્ષણ, પ્રૌઢશિક્ષણ અને દૂરવર્તી શિક્ષણ માટે પ્રશિક્ષણ આપવું અને તેમાં સંશોધનો કરવા.

**કાર્યો :–**

1. શિક્ષક – પ્રશિક્ષણ અંતર્ગત આવતી તમામ સંસ્થાઓને માન્યતા અને સંસ્થા શરૂ કરવાની મંજૂરી આપવાનું કાર્ય કરે છે.
2. શિક્ષક – પ્રશિક્ષણ સંસ્થાઓની માન્યતા માટેના નીતિ–નિયમો (Norms) નિર્ધારિત કરે છે.
3. NCTE ના નીતિ–નિયમો અનુસાર સંસ્થા કાર્યરત છે કે નહિ તેનું સમયાંતરે તજજ્ઞ દ્વારા નિરીક્ષણ કરે છે. જો સંસ્થા નીતિ નિયમો ન અનુસરે તો તેને બંધ કરાવે છે.
4. સમગ્ર દેશમાં તાલીમી સંસ્થાઓમાં પ્રવેશ માટેના નિયમો ઘડે છે.
5. તાલીમી સંસ્થાઓના અભ્યાસક્રમની રચના કરે છે.
6. તાલીમી સંસ્થાઓમાં કાર્યક્રમો, પરિસંવાદો, કાર્યશિબિરો માટે સંમતિ આપે છે.
7. તાલીમી સંસ્થાઓની ગુણવત્તા વધે તે માટે માર્ગદર્શન આપે છે.

### 2.2.1.3 રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ National Council Of Educational Research & Training (NCERT)

NCERTની સ્થાપના 1961માં સ્વાયત સંસ્થા તરીકે કરવામાં આવી. જે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના વિદ્યાકીય સલાહકાર તરીકે કાર્ય કરે છે. કેન્દ્રમાં શિક્ષણ ખાતાની નીતિ અને કાર્યક્રમો ઘડવામાં અને તેનો અમલ કરવામાં જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડે છે. સમગ્ર દેશમાં શિક્ષણના કાર્યક્રમોની અમલવારી અર્થે રાજ્યોમાં તેના ક્ષેત્રીય કાર્યાલયોની સ્થાપના કરવામાં આવી છે જેને SCERT કહે છે. ગુજરાતમાં તેનું ક્ષેત્રીય કાર્યાલય GCERT નામે કાર્યરત છે. NCERTમાં વિજ્ઞાન અને ગણિત વિભાગ, પ્રકાશન વિભાગ, મૂલ્યાંકન વિભાગ, બાળશિક્ષણ વિભાગ, શૈક્ષણિક સાધનોનો વિભાગ, શૈક્ષણિકતંત્રવિદ્યા વિભાગ, અભ્યાસક્રમ વિભાગ જેવા 18 જેટલા વિભાગો કાર્યરત છે.

**પરિષદ હેઠળની સંસ્થાઓ :–**

1. શિક્ષણની રાષ્ટ્રીય સંસ્થા (National Institute Of Education)
2. શૈક્ષણિક પ્રૌદ્યોગિકીની કેન્દ્ર (Centre For Education Technology)
3. અજમેર, ભોપાલ, ભુવનેશ્વર અને મૈસુરની ચાર પ્રાદેશિક શિક્ષણ – પ્રશિક્ષણની સંસ્થાઓ (Regional Institute of Education)
4. વ્યાવસાયિક શિક્ષણ- ભોપાલની કેન્દ્રીય સંસ્થા

**કાર્યો :–**

આ સંસ્થાના કાર્યો ત્રણ ક્ષેત્રોમાં વહેંચાયેલા છે.

1. સંશોધન 2. પ્રશિક્ષણ 3. વિસ્તરણ

**1. સંશોધન વિભાગ :–**

ઉદ્દેશ – 1 : શિક્ષણની દરેક શાખામાં સંશોધનો હાથ ધરવાં તેમાં માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરા પાડવા તેમજ તેનું સંકલન કરવું.

ઉદ્દેશ – 2 : શૈક્ષણિક બાબતો કે શૈક્ષણિક કાર્યક્રમોની મૂલવણી માટે અભ્યાસો, સંશોધનો અને મોજણી હાથ ધરી તેનું સંચાલન કરવું.

**2. પ્રશિક્ષણ વિભાગ :–**

ઉદ્દેશ – 3 : પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષણના કાર્યક્રમો ઉચ્ચ કક્ષાએ ગોઠવવા.

ઉદ્દેશ – 4 : સેવા વિસ્તરણ કેન્દ્રોનું સંચાલન કરવું. (CTE – College Of Teacher Education) શિક્ષણ મહાવિદ્યાલયોના કાર્યક્રમોના સંચાલનમાં મદદ કરવી.

**3. વિસ્તરણ વિભાગ :–**

ઉદ્દેશ – 5 : શિક્ષણ ક્ષેત્રોમાં નવા વિચારોનો પ્રચાર અને પ્રસાર કરવો.

ઉદ્દેશ – 6 : શાળા શિક્ષણ સંબંધી માહિતી બહાર પાડવા અને સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવું.

**કાર્યો :–**

1. SCERT રાજ્યના શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદોને આર્થિક અનુદાન આપે છે. શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા અને ક્ષમતા વધારવા માટે માર્ગદર્શન પૂરું પાડવું.
2. પૂર્વકાલીન અને સેવાકાલીન તાલીમી કાર્યક્રમો યોજે છે.
3. વિષયવાર પાઠ્યપુસ્તકો તૈયાર કરાવી તેનું પ્રકાશન અને વિતરણ કરે છે.
4. વિજ્ઞાન પ્રદર્શનો અને ગોષ્ઠિઓ યોજે છે.
5. શિક્ષકો માટે શિક્ષક નિદર્શિનીઓ અને શૈક્ષણિક સાધનોનું પ્રકાશન કરે છે.
6. સેવા વિસ્તરણ કાર્યક્રમોનું આયોજન કરે છે.
7. મૂલ્યાંકન કસોટીઓની રચના કરે છે.
8. શૈક્ષણિક સંશોધનો અને પ્રોજેક્ટોની મોજણી કરે છે.
9. પરીક્ષા સુધારણા અને નિરીક્ષણ સંબંધી માર્ગદર્શન પૂરું પાડે છે.
10. દર વર્ષે 'ઇન્ડિયન યર બુક ઓફ એજ્યુકેશન' નું પ્રકાશન કરે છે.
11. શિક્ષણમાં આવતાં નવીનીકરણો અને પરિવર્તનોથી જાગૃત રહે છે. તેને આવકારે છે અને તેનાથી શિક્ષકોને માહિતગાર કરે છે.
12. વિવિધ વિષયો પર ચર્ચા, સેમિનાર, વાર્તાલાપ, કાર્યશિબિરો, ગોષ્ઠિઓનું આયોજન કરે છે.

### 2.2.1.4 રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વ્યવસ્થાપન યુનિવર્સિટી National University Of Education Planning & Administration (NUEPA):

આ સંસ્થાની સ્થાપના 1962માં કરવામાં આવી હતી જે UNESCO (યુનેસ્કો)ના પ્રાદેશિક કેન્દ્ર તરીકે કાર્ય કરતી હતી. 1979માં તેનું પુન: નામાંકન રાષ્ટ્રિય શૈક્ષણિક આયોજન અને વહીવટી સંસ્થા (NUEPA) તરીકે થયું. ઇ.સ. 2006 માં તેને યુનિવર્સિટી તરીકે દરજ્જો મળ્યો. હાલ તે NUEPA તરીકે કાર્ય કરે છે. તેનું વડું મથક દિલ્હીમાં આવેલું છે. સમગ્ર દેશમાં શિક્ષણ સંબંધી તમામ વિભાગો અને સંસ્થાઓને શૈક્ષણિક આયોજન અને વહીવટ માટે જરૂરી તાલીમ અને માર્ગદર્શન આપે છે. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને ગુણવત્તા સુધારણા માટે આ યુનિવર્સિટીનું વિશેષ યોગદાન છે.

**ઉદ્દેશો :–**

1. રાષ્ટ્રના શૈક્ષણિક આયોજન અને વહીવટમાં સલાહકારની ભૂમિકા ભજવવી.
2. દેશના શિક્ષણ વિભાગોમાં કાર્યરત અધિકારીઓમાં વહીવટી અને વ્યાવસાયિક ગુણવત્તાનો વિકાસ કરવો.
3. શૈક્ષણિક આયોજન અને પ્રશાસન/વહીવટમાં સંશોધન કરવાં.
4. વિવિધ દ્રષ્ટિકોણથી શિક્ષણ વ્યવસ્થા સંદર્ભે અભ્યાસો હાથ ધરવા. દા.ત., વસ્તી શિક્ષણ (શાળા નેતૃત્વ)
5. શિક્ષણ વ્યવસ્થાની પ્રવર્તમાન સ્થિતિનું વિશ્લેષણ કરવું અને નૂતન યોજનાઓ સૂચવવી.
6. શૈક્ષણિક આયોજન અને વહીવટ સંબંધિત સાહિત્ય રચીને તેનું પ્રકાશન કરવું.

**કાર્યો :–**

1. શિક્ષણ વ્યવસ્થાના અધિકારીઓને પોતાના વહીવટ માટે અભિમુખ કરે છે.
2. શિક્ષણ સંચાલનના અસરકારક આયોજન માટે માર્ગદર્શક સિદ્ધાંતો ગોઠવી આપે છે.
3. વિવિધ દેશોની શિક્ષણની સંસ્થાઓનો તુલનાત્મક અભ્યાસ કરી આપણા દેશની સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ શૈક્ષણિક આયોજનનું નિર્માણ કરે છે.
4. રાષ્ટ્રીય કક્ષાએ સર્વગ્રાહી સર્વેક્ષણો હાથ ધરે છે.
5. શૈક્ષણિક આયોજન અને વહીવટ માટેના સંશોધનો હાથ ધરી તેના તારણો અને પરિણામોનો પ્રચાર અને પ્રસાર કરે છે..

### 2.2.1.5 સાંસ્કૃતિક તાલીમ સ્ત્રોત સંસ્થા Center For Cultural Resources & Training ) (CCRT)

સાંસ્કૃતિક તાલીમ સ્ત્રોત સંસ્થાની સ્થાપના 1979 માં થઇ હતી. તેનું વડુમથક નવી દિલ્હીમાં આવેલું છે. આ સંસ્થાના ત્રણ ક્ષેત્રીય કેન્દ્રો છે. જે ભારતીય કલા અને સંસ્કૃતિના પ્રચાર અને પ્રસાર માટે સહાયતા પૂરી પાડે છે. જે ઉદયપુર, હૈદરાબાદ અને ગુવાહાટીમાં સ્થિત છે. આ કેન્દ્રનો મુખ્ય સૈદ્ધાંતિક ઉદ્દેશ્ય બાળકોને સાત્વિક શિક્ષા પ્રદાન કરી તેમનો ભાવાત્મક અને આધ્યાત્મિક વિકાસ કરવાનો છે. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે સીસીઆરટી (CCRT) સંસ્કૃતિ આધારિત શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરે છે. જેમાં વિચારોની સ્પષ્ટતા, સ્વતંત્રતા, સહિષ્ણુતા અને સંવેદનાઓનો સમાવેશ કરવામાં આવે છે. સીસીઆરટી

સેવારત શિક્ષકોના પ્રશિક્ષણને મહત્વ આપે છે. બાળકોને ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાથી અવગત કરાવવા સંગ્રહાલયો, સ્મારકો અને ઐતિહાસિક સ્થળોના પ્રવાસનું પણ આયોજન કરવામાં આવે છે.

**મુખ્ય કાર્યો :–**

1. શિક્ષકો અને બાળકો માટે ભારતીય સંસ્કૃતિ અને વિષયવસ્તુ આધારિત શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરે છે.
2. આપણા દેશની ક્ષેત્રીય વિવિધતા તથા સાંસ્કૃતિક સમૃદ્ધિની જાગૃતિ માટે નાટક, સંગીત, આખ્યાન, શાસ્ત્રીય નૃત્યો, લોકનૃત્યો વગેરે વિવિધ વિષયો માટે કાર્યશાળાઓનું આયોજન કરે છે.
3. વિસ્તાર તથા સમુદાય પુનર્નિવેશ કાર્યક્રમ અંતર્ગત ભારતીય કલા અને શિલ્પ સ્થાપત્યો માટે પાંડુલિપિ, કલર સ્લાઇડ, ડિજિટલ ચિત્રો, દ્રશ્ય–શ્રાવ્ય રેકોર્ડિંગ અને ફિલ્મ સ્વરૂપે સ્રોતો એકત્રિત કરવા અને તેની જાળવણી કરે છે.
4. ભારતીય સાંસ્કૃતિક સમજના વિકાસ માટે દ્રશ્ય–શ્રાવ્ય સામગ્રી તૈયાર કરે છે અને તેનું પ્રકાશન કરે છે.
5. પ્રતિભા ખોજ યોજના અંતર્ગત 10 થી 14 વર્ષના કલા વિષયક પ્રતિભા ધરાવતા બાળકોને તેમના વિકાસમાં સહાય કરે છે.
6. યુવા કલાકારોને સંસ્કૃતિ અને કલાના ક્ષેત્રોમાં સંશોધન હાથ ધરવા માટે શિષ્યવૃત્તિ પ્રદાન કરે છે.

### 2.2.1.6 યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC):

ભારતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન સ્થાપવાનો વિચાર યુનાઈટેડ કિંગ્ડમ યુનિવર્સિટી ગ્રાન્ટ સમિતિ પાસેથી મળ્યો હતો. 1956માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ સંસદે મંજૂર કર્યો. નોટિફિકેશન ઈસ્યુ કરતાં 1956થી યુજીસીને બંધારણીય સ્વરૂપ પ્રાપ્ત થયું. આયોગનું મુખ્ય મથક દિલ્હીમાં આવેલું છે. યુજીસીના છ ક્ષેત્રીય કેન્દ્રો છે. જે પુણે, હૈદરાબાદ, કોલકત્તા, ગુવાહાટી, ભોપાલ અને બેંગલોર ખાતે આવેલા છે. UGC એ સમગ્ર દેશમાં યુનિવર્સિટી કક્ષાએ અનુદાન આપતી એકમાત્ર એજન્સી છે. યુજીસીને મુખ્ય બે જવાબદારીઓ સોંપવામાં આવેલી છે.

1. ગ્રાંટની ફાળવણી અને સંકલન.
2. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના ધોરણો નિર્ધારિત કરવા અને જાળવી રાખવા.

**યુજીસીના કાર્યો**

1. યુનિવર્સિટી શિક્ષણનો પ્રચાર અને સંકલન
2. યુનિવર્સિટી કક્ષાએ અધ્યાપન, સંશોધન અને પરીક્ષાના ધોરણો નક્કી કરવા અને જાળવી રાખવા.
3. શિક્ષણના લઘુત્તમ ધોરણો નિર્ધારિત કરવા.
4. કૉલેજો અને યુનિવર્સિટી કક્ષાએ થયેલા વિકાસનું મોનિટરીંગ કરવું અને તેમને માટે અનુદાન આપવું.
5. રાજ્ય સરકાર અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે સેવા આપવી.
6. યુનિવર્સિટી કક્ષાએ શિક્ષણ સુધારણા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને સલાહ આપવી.

### 2.2.2 રાજ્ય સરકારની સંસ્થાઓની ભૂમિકા, જવાબદારી અને કાર્યો

### 2.2.2.1 પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી

ભૂતપૂર્વ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના વિભાજનને પરિણામે તા. 9–10–1976 થી શિક્ષણ નિયામકશ્રી પ્રાથમિક અને પ્રૌઢની કચેરી અસ્તિત્વમાં આવી છે અને ત્યારબાદ તા.1–12–1986 થી પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ નિયામકશ્રીની કચેરીનું વિભાજન થતાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી અસ્તિત્વમાં આવી છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી નીચેના કાર્યક્રમો સાથે સંકળાયેલ છે.

- પૂર્વ પ્રાથમિક શિક્ષણ
- પ્રાથમિક શિક્ષણ
- શિક્ષક– પ્રશિક્ષણ
- નિર્દેશન અને વહીવટ

1. **પૂર્વ પ્રાથમિક શિક્ષણ :**

3 થી 6 વર્ષની વયજૂથના બાળકો પ્રાથમિક શિક્ષણ પ્રત્યે અભિરૂચિ કેળવે તેવું સારું પ્રાથમિક શિક્ષણ શહેર વિસ્તારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને ખાનગી સંસ્થાઓ દ્વારા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિઓ અને ખાનગી સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં માન્ય સંસ્થાઓ દ્વારા અપાતા પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે રાજ્ય સરકાર નિયત ધોરણે અનુદાન આપે છે.

2 .**પ્રાથમિક શિક્ષણ :**

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ મફત, સાર્વત્રિક અને ફરજિયાત બનાવાયું છે. શહેર વિસ્તારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ તથા ખાનગી સંસ્થાઓ દ્વારા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિઓ તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવતી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

3. **શિક્ષક –પ્રશિક્ષણ :**

પ્રાથમિક શાળાઓ માટે તાલીમી શિક્ષકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં આવેલા અધ્યાપન મંદિરો અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં તાલીમાર્થીઓ પ્રશિક્ષણ મેળવે છે.

4. **નિર્દેશન અને વહીવટ :**

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણને લગતી જે નીતિ નક્કી કરવામાં આવે તેનો અસરકારક અમલ કરવા માટે રાજ્ય કક્ષાએ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવે છે .પ્રાથમિક શિક્ષણ સુધારણાના વિવિધ કાર્યક્રમો શિક્ષણ ક્ષેત્રે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ મારફતે અમલ કરાવે છે.

## 2.2.2.2 ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની સ્થાપના ઈ.સ. 1969ની 21મી ઓક્ટોબરના રોજ કરવામાં આવી હતી. મંડળ દ્વારા ધોરણ 1 થી 12નાં ગુજરાતી માધ્યમનાં પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરવામાં આવે છે. મંડળ દ્વારા હિન્દી, અંગ્રેજી, મરાઠી, સિન્ધી, ઉર્દૂ, સંસ્કૃત અને તમિલ ભાષામાં પણ પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે. મંડળનું મુખ્ય લક્ષ્ય ઉચ્ચ ગુણવત્તાવાળાં પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કરવાનું તથા ગુજરાતના વિદ્યાર્થીઓને વાજબી કિંમતે એ સુલભ કરી આપવાનું છે.

- મંડળનું સમગ્ર સંચાલન સારી રીતે થાય તેના નિશ્ચિત ઉદ્દેશો પાર પડે તે માટે વિવિધ સભા–સમિતિ જેમકે (૧) સામાન્ય સભા (૨) નિયામક સભા (૩) કાર્યવાહક સમિતિ (૪) શૈક્ષણિક સમિતિ (૫) સંશોધન સમિતિ (૬) ઉત્પાદન સમિતિ ની રચના કરવામાં આવે છે.
- મુદ્રિત થયેલાં પાઠ્યપુસ્તકોનું વિતરણ સમગ્ર ગુજરાતમાં સહકારી ધોરણે કામ કરતી સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે. દરેક જિલ્લાના વિતરક સાથે પાઠ્યપુસ્તકોના છૂટક વેચાણની કામગીરી માટે વિક્રેતાઓને જોડી દેવામાં આવે છે.
- પાઠ્યપુસ્તક મંડળ પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કાર્ય કરીને જ સંતોષ માનતું નથી. પાઠ્યપુસ્તકોની ગુણવત્તા સતત સુધરતી રહે તે માટે સંશોધન અંગેની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષકોથી માંડીને યુનિવર્સિટીના અધ્યાપકો સુધીની પ્રતિભાશાળી વ્યક્તિઓને મૂલ્યાંકન કાર્યક્રમ તથા અન્ય શૈક્ષણિક કાર્યક્રમોમાં જોડવામાં આવે છે. પાઠ્યપુસ્તક સંપાદન તાલીમ શિબિર અને પાઠ્યપુસ્તકોના લેખકો, પરામર્શકો, અનુવાદકો વગેરે માટેનો પ્રતિભાશોધ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યાં છે.
- મંડળની નવાં ક્ષેત્રોમાંની કામગીરી અંતર્ગત ઈ.સ. 1999થી ધોરણ 11–12ના બુનિયાદી વિષયોનાં 26 પાઠ્યપુસ્તકોનું પ્રકાશન કરીને મંડળે જાહેર પરીક્ષા માટેના વધારે વિષયોનાં પાઠ્યપુસ્તકો દ્વારા જે–તે ક્ષેત્રના વિદ્યાર્થીઓને આધારભૂત સાહિત્ય પૂરું પાડયું છે.

## 2.2.2.3 રાજ્ય પરીક્ષા બોર્ડ

રાજ્ય પરીક્ષા બોર્ડની સ્થાપના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિવિધ પરીક્ષાઓના વહીવટ માટે નવેમ્બર 1966 માં કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગના 1999ના ઠરાવ દ્વારા બોર્ડને સ્વાયત્ત જાહેર કરવામાં આવ્યું છે. સ્વાયત્ત બોર્ડના અંદાજપત્ર અંગેની બેઠકના અધ્યક્ષ તરીકે શિક્ષણમંત્રીનો ફાળો પ્રેરણાદાયી છે. શૈક્ષણિક વિભાગના મુખ્ય સચિવ સંઘની કાર્યરત સમિતિના અધ્યક્ષ તરીકે મહત્વનું માર્ગદર્શન આપે છે. રાજ્યની શૈક્ષણિક સમિતિના અધ્યક્ષ બંને સમિતિઓના સભ્ય સચિવ તરીકેની ભૂમિકા ભજવે છે. આ બોર્ડના 13 સભ્યો ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત થાય છે. આ ઉપરાંત વહીવટી સમિતિની રચના વિવિધ પરીક્ષાઓના સંચાલનમાં મદદ માટે કરવામાં આવી છે.

**ઉદ્દેશો:**

(ક) રાજ્ય પરીક્ષા બોર્ડ રાજ્યના શિક્ષણ વિભાગ નીચેની સ્વાયત સ્વતંત્ર સંસ્થા છે. તે નીચેની પરીક્ષાઓ લે છે :

1. પૂર્વ – પ્રાથમિક શાળાના શિક્ષકો (પૂર્વ –પ્રાથમિક) ની નોકરી માટે પૂર્વ તાલીમ.
2. રાજ્યના પ્રાથમિક શાળાના શિક્ષકો (ડી.એલ.એડ્.)ની પરીક્ષા
3. પ્રારંભિક અને ઇન્ટરમીડિયેટ ડ્રોઇંગ ગ્રેડ જેવી કારકિર્દી વિકાસ પરીક્ષાઓ.
4. ગૃહ વિજ્ઞાન, બેંકિંગમાં, હિસાબ પદ્ધતિમાં અને અંગવ્યાયામ ચિકિત્સા વગેરેમાં ડિપ્લોમા જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોના ક્ષેત્રમાં
5. સી.પી. એડ્. અને ડી.પી. એડ્. જેવા શારીરિક શિક્ષણના અભ્યાસક્રમ
6. બુનિયાદી શિક્ષણમાં ડિપ્લોમા
7. શિક્ષણ વિભાગની કામગીરી અદ્યતન બનાવવા ખાતાકીય પરીક્ષા
8. બાળકોમાં સૌંદર્યની સમજ અને મૂલ્યો પોષવા અને વિકસાવવા માટે ઉચ્ચ કલાની પરીક્ષા.
9. સંરક્ષણ અભ્યાસક્રમ અને એન.ટી.એસ. માં પ્રવેશ માટે આર.આઇ.એમ.સી. જેવી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓ
10. પ્રારંભિક અને માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ પરીક્ષા
11. પ્રથમા, મધ્યમા, શાસ્ત્રી અને આચાર્ય જેવી સંસ્કૃત પાઠશાળા પરીક્ષાઓ
12. પરીક્ષા બોર્ડ નક્કી કર્યા પ્રમાણે અથવા સરકારે તેને સોંપેલ બીજી કોઇ પરીક્ષા

(ખ) રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને તેની નીતિના અમલમાં અને સમગ્ર રાજ્યમાં પરીક્ષાના ક્ષેત્રમાં મોટા કાર્યક્રમો હાથ ધરવામાં મદદ અને માર્ગદર્શન આપે છે.

(ગ) રાજ્ય પરીક્ષા બોર્ડનું મહત્વનું કાર્ય પરીક્ષાના ધોરણની કક્ષા ઊંચી લાવવાનું છે, આ હેતુ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ આધુનિક પ્રયોગો અમલમાં મૂકે છે.

1. બધી પરીક્ષાઓનું કમ્પ્યૂટરાઇઝેશન
2. પ્રમાણપત્ર અને ગુણપત્રકનાં લેમીનેશન
3. મૂલ્યાંકનકાર માટે ઉમેદવારોની ઓળખ ખાનગી રાખવા ઉત્તરવહીઓનું બારકોડિંગ
4. ખાનગી અને ગુપ્ત રાખવાની દ્રષ્ટિએ પરીક્ષાઓ લેવામાં સુધારા કરવા
5. બધી પરીક્ષાઓની જવાબવહીનું મૂલ્યાંકન કેન્દ્રીય આકારણીથી કરવું
6. કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર સગવડો વગેરે

### 2.2.2.4 ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન Gujarat Institute of Educational Technology (GIET)

ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવનની સ્થાપના 1984 માં શૈક્ષણિક કાર્યક્રમો માટેના **INSAT** પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવી. જે 'વિદ્યાદર્શન' તરીકે ઓળખાય છે જે અગાઉ **SIET** તરીકે ઓળખાતી સ્વાયત્ત સંસ્થા હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકો તથા નિર્દિષ્ટ વયજૂથના બાળકો માટે ઊચ્ચ ગુણવત્તાવાળા, હેતુપૂર્ણ અને મૂલ્ય આધારિત રેડિયો અને ટેલિવિઝન શિક્ષણ કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ કરવાનો છે.

**હેતુઓ :**

1. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણને સહાયભૂત એવા કાર્યક્રમોનું નિર્માણ કરવું.
2. રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમોના પ્રસારણના સમયપત્રકો તેમજ સહાયક સામગ્રી તૈયાર કરવી અને તેનું પ્રકાશન કરવું.
3. રેડિયો અને ટેલિવિઝનના કાર્યક્રમો માટે સ્ક્રિપ્ટ લેખન માટે શિક્ષકોને તાલીમ આપવી.
4. શાલેય અને અશાલેય શિક્ષણની ગુણવત્તા વિકસાવવી.

**GIET ના કાર્યક્રમોની વિશિષ્ટતાઓ:**

1. GIET નો પોતાની માલિકીનો સ્ટેટ ઓફ ધી આર્ટ સ્ટુડિયો તથા ગ્રંથાલય છે તેને અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે અને તેને આંતરરાષ્ટ્રિયધોરણો મુજબ બનાવેલ છે .
2. સ્ત્રી શિક્ષણ, પર્યાવરણ સાક્ષરતા, બોર્ડની પરીક્ષાઓ, શિક્ષકો – વિદ્યાર્થીઓને એવોર્ડ વહેંચણી તેમજ સામાજિક પ્રશ્નો વગેરે કાર્યક્રમોનું નિર્માણ.
3. બાળકો માટે એનિમેશન ફિલ્મ બનાવવાનું કાર્ય.
4. વનખાતું, મહિલા સામખ્ય, જેવા સંગઠનો માટે કાર્યક્રમોનું નિર્માણ વૈધિક તથા અવૈધિક શિક્ષણ કાર્યક્રમોનું નિર્માણ.
5. CIET નિર્મિત હિન્દી કાર્યક્રમોનું પ્રાદેશિક ભાષામાં ડબિંગ.
6. બોર્ડની પરીક્ષાને લગતા કાર્યક્રમો તથા માનસશાસ્ત્રીય માર્ગદર્શન આપતા કાર્યક્રમોનું નિર્માણ.
7. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તથા વિજ્ઞાન પ્રદર્શનોને આવરી લેતા કાર્યક્રમોનું પ્રસારણ.
8. એવોર્ડ જીતનાર શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ કાર્યક્રમોનું પ્રસારણ.
9. ઉચ્ચતર શિક્ષણને લગતા કાર્યક્રમોનું નિર્માણ.

**કાર્યક્રમોનું પ્રસારણ :**

1. સંસ્થા, શિક્ષકો માટે તેમજ 6 થી 14 વર્ષની વયજૂથના બાળકો માટે શૈક્ષણિક સમૃદ્ધિ તથા મનોરંજન કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ.
2. શૈક્ષણિક અને ટેકનિકલ એમ બંને ગુણવત્તા જાળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
3. આ કાર્યક્રમો શિક્ષકોની મદદથી તૈયાર કરવામાં આવે છે. સ્ક્રીપ્ટ રાઈટીંગ માટે 40 થી 45 શિક્ષકોની કાર્યશાળાઓ યોજવામાં આવે છે. જરૂર પડ્યે વિષય નિષ્ણાતો સાથે મંત્રણા, વિચાર વિમર્શ કરવામાં આવે છે.

### 2.2.2.5 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ Gujarat Council Of Educational Research And Training (GCERT)

### 2.2.3 જિલ્લા કક્ષાએ સંસ્થાઓ:

#### 2.2.3.1જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન District Institute of Education and Training (DIET)

**(નોંધ: રાજ્યકક્ષાએ જી.સી.ઈ.આર.ટી. અને જિલ્લાકક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – આ બંને સંસ્થાઓનો વિસ્તૃત પરિચય પ્રથમ વર્ષ કોર્સ 2 ના અભ્યાસક્રમમાં આપેલ છે.)**

**<u>પ્રગતિ ચકાસીએ :</u>**

**૧. શાળા શિક્ષણ અંતર્ગત કેન્દ્રીય કક્ષાના સંગઠનો કયા કયા છે?**

**૨. એન.સી.ઈ.આર.ટી.ની મુખ્ય કામગીરી કઈ છે?**

**૩. જી.આઈ.ઈ.ટી. નાં કાર્યો જણાવો.**

## 2.3 સારાંશ

આ પ્રકરણમાં શિક્ષણના માળખાના વિવિધ પ્રકારો સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અહીં આપણે શિક્ષણના શૈક્ષણિક, તાલીમી અને વહીવટી માળખા સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સાથે પ્રાથમિક શિક્ષણમાં સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તાસુધાર માટે કેન્દ્રકક્ષાથી રાજયકક્ષા સુધી કાર્યરત સંસ્થાઓનો સવિસ્તાર પરિચય આપેલ છે.

## 2.4 સ્વાધ્યાય

**પ્રશ્ન 1 ખાલી જગ્યા પૂરો.**

1. હોદ્દાની રૂએ રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ ----------- છે.
2. જી.આઇ.ઇ.ટી.નું પૂરું નામ -------- છે.
3. ન્યુપાને ------ની સાલમાં યુનિવર્સિટીનો દરરજો મળ્યો.
4. એન.સી.ઈ.આર.ટી.નું વડુંમથક ---------માં આવેલું છે.
5. દર વર્ષે ઈન્ડિયન યર બુક ઓફ એજ્યુકેશનનું પ્રકાશન ---------સંસ્થા કરે છે.

**પ્રશ્ન 2 જોડકા જોડો.**

1. એન.સી.ટી.ઈ – અભ્યાસક્રમ રચના અને સુધારણા
2. ન્યુપા – યુનિવર્સિટી શિક્ષણ પ્રચાર
3. એન.સી.ઈ.આર.ટી. – તાલીમી કોલેજોને માન્યતા આપવી
4. યુ.જી.સી. – શાળા વહીવટ અંગેની તાલીમ આપવી

**પ્રશ્ન 3 ટૂંકનોંધ લખો.**

1. એન.સી.ઈ.આર.ટી. 2. ન્યુપા 3. સી.સી.આર.ટી.

**પ્રશ્ન 4 નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. કેન્દ્ર કક્ષાએ શિક્ષણનું માળખું વિગતે જણાવો.
2. રાજય સ્તરે પ્રાથમિક શિક્ષણ વહીવટનું માળખું જણાવો.
3.પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી સાથે સંકળાયેલા કાર્યક્રમોની ચર્ચા કરો.
4. યુ.જી.સી. નું કાર્યક્ષેત્ર સમજાવો.

## 2.5 પ્રોજેક્ટ કાર્ય

1. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો.

## 2.6 સંદર્ભ સૂચિ

### પુસ્તકો :


1. દેસાઈ ધનવંત (1994), શૈક્ષણિક પ્રશાસન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. ભટ્ટ મહેન્દ્રિકા (1988), શિક્ષણ પ્રબંધ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. ભાલ જયંતિભાઈ (1983), ભારતની શિક્ષણ વ્યવસ્થા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
4. પટેલ મોતીભાઈ અને અન્ય (2004), શાળા પ્રબંધ, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

**websites :**

1.www.ncert.in

2. www.teindia.nic.in

3. www.mhrd.gov.in 4. www.unicef.org/india

5. www.gujarat-education.gov.in

# એકમ – 3

## શાળા અસરકારકતા અને શાળાના ધોરણો

**હેતુઓ**

- પ્રશિક્ષણાર્થીઓ શાળાની સંકલ્પનાની સમજ કેળવે તથા શાળાના વિવિધ પ્રકારો અંગે જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ આરટીઇ, 2009 અનુસાર શાળાના ધોરણો અને માપદંડો અંગે જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ શાળાની અસરકારકતા માટે જવાબદાર પરિબળો અંગે સમજ કેળવે.


3.0 **પ્રસ્તાવના**

3.1 **શાળા સંકલ્પના અને તેના પ્રકારો**

3.1.1 શાળા સંકલ્પના

3.1.2 શાળાના પ્રકારો

3.1.2.1 શૈક્ષણિક વયજૂથના આધારે શાળા પ્રકાર

3.1.2.2 શાળા વ્યવસ્થાપનના આધારે શાળા પ્રકાર

3.1.2.3 કેટલીક વિશિષ્ટ શાળાઓ

3.2 શાળા અસરકારકતાની સંકલ્પના

3.3 શાળા અસરકારકતાના ધોરણો

3.3.1 શિક્ષકોની શૈક્ષણિક લાયકાત

3.3.2 શાળા મકાન

3.3.3 શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછામાં ઓછા દિવસ/શિક્ષણના કલાક

3.3.4 અધ્યયન – અધ્યાપન સામગ્રી

3.3.5 ગ્રંથાલય

3.3.6 રમત ગમત અને ખેલકૂદની સાધન સામગ્રી

3.3.7 અધ્યયન નિષ્પત્તિ

3.4 શાળા અસરકારકતાના માપદંડો

3.4.1 શાળા અસરકારકતા મોડેલ – ગુણોત્સવ (ગુજરાત)

3.5 સારાંશ

3.6 સ્વાધ્યાય

3.7 પ્રોજેક્ટ કાર્ય

3.8 ઇન્ટર્નશીપ કાર્યક્રમ દરમિયાન કરવાની પ્રવૃત્તિઓ

3.9 સંદર્ભ સૂચિ

# એકમ – 3
# શાળા અસરકારકતા અને શાળાના ધોરણો

## 3.0 પ્રસ્તાવના

બાળકના ઘડતરમાં ઘર, સમાજ અને શાળાનો ખૂબ જ મહત્વનો ફાળો છે. વિદ્યાર્થી અવસ્થામાં મોટા ભાગનો સમય બાળક શાળામાં વિતાવે છે અને વૈધિક શિક્ષણ પ્રાપ્ત કરે છે. આ પરિસ્થિતિમાં શાળા તથા શિક્ષક બાળકના સર્વાંગી વિકાસમાં મહત્તમ ફાળો આપી શકે તેમ છે. એક અસરકારક શાળા સાક્ષરી વિષયોના શિક્ષણની સાથે – સાથે મૂલ્યો, વ્યાવસાયિક કૌશલ્યો તથા જીવન કૌશલ્યો ઘડતરનું ખૂબ જ મહત્વનું કાર્ય કરે છે. "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે." (કોઠારી કમિશન, 1964–66). શાળાના ઉત્તરદાયિત્વની વિભાવના અને તેની સંકલ્પના આ વિધાનમાં વધારે સ્પષ્ટ થાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે શાળા તથા તેના પ્રકારો અંગેની પાયારૂપ માહિતી મેળવી એક અસરકારક શાળાના ધોરણો અને માપદંડો શું હોઈ શકે તે અંગે વિશદ્ માર્ગદર્શન મેળવીશું.

## 3.1 શાળા સંકલ્પના અને તેના પ્રકાર

### 3.1.1 શાળા સંકલ્પના

શાળા એ ગ્રીક શબ્દ *scholē* પરથી બનેલ છે. જેનો શાબ્દિક અર્થ *leisure* (લેઝર – ફુરશદ અથવા નવરાશ. આમ, *leisure activity* એટલે નવરાશના સમયમાં થતી પ્રવૃત્તિ) થાય છે. પ્રાચીન કાળથી જ વિદ્યાર્થીઓને એક જગ્યાએ અધ્યયન માટે ભેગા કરવાની સંકલ્પના અસ્તિત્વમાં છે. ગ્રીસમાં તેને "એકેડમી" તથા ભારતમાં તેને "ગુરૂકુળ" નામ આપવામાં આવતું. એક માન્યતા મુજબ 425 ADથી પ્રાથમિક શિક્ષણ તંત્રની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં મસ્જીદમાં ધાર્મિક પરિપૂર્તિની સાથે સાથે અધ્યયન પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવામાં આવતું પરંતુ 9મી સદીમાં એક સ્વતંત્ર શાળા – મદ્રેસાની સંકલ્પના અસ્તિત્વમાં આવી.

પ્રાચીન ભારતમાં ગુરૂકુળ એક નિવાસી અધ્યયન માટેની વ્યવસ્થા હતી જેને ગુરૂનો મઠ/આશ્રમ તરીકે ઓળખવામાં આવતો હતો. મુગલ સામ્રાજ્યમાં મુસ્લિમ વાલીઓના બાળકોને ભણાવવા માટે મદ્રેસાની સ્થાપના કરવામાં આવી હતી. બ્રિટીશ અહેવાલ મુજબ 18મી સદીમાં સમગ્ર દેશમાં બધા માટે દેશી શિક્ષણ શરૂ થયું. અંગ્રેજ શાસન દરમિયાન સમગ્ર દેશમાં મિશનરી (ખ્રિસ્તી ધર્મગુરુઓ દ્વારા ચાલતી શાળાઓ) તથા બોર્ડીંગ (છાત્રાલયવાળી શાળાઓ) શાળાઓ શરૂ થઈ હતી. પહેલાંના સમયમાં ધૂળી શાળાઓ/ગામઠી શાળાઓની સંકલ્પનાઓ પણ અસ્તિત્વમાં હતી.

Oxford Dictionary માં શાળા / સ્કૂલને આ મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. “A place where children go to be educated.”

જે બધી પ્રક્રિયાઓ દ્વારા મનુષ્ય પોતાના શક્તિ, વલણો અને જે સમાજમાં તે રહે છે તે માટેના વ્યવહારુ મૂલ્ય ધરાવતા વર્તન પ્રકારોનો વિકાસ કરે તે બધી જ પ્રક્રિયાઓ એટલે શિક્ષણ.

Education is the aggregate of all processes by which a person develops ability, attitudes and other form of behaviour of practical value in the society in which he/she lives.

આમ, શિક્ષણનું કાર્ય ખૂબજ વિશદ્/વ્યાપક અને સંકુલ છે. આ કાર્યને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા તથા શિક્ષણની સંકલ્પનાને મૂર્તિમંત કરવાના આશયથી શાળાનો ઉદભવ થયો છે. શાળાની સંકલ્પનાને બહુવિધ પરિપ્રેક્ષ્યમાં નીચે મુજબ રજૂ કરી શકાયઃ

- શાળા શિક્ષણના ઉદ્દેશથી સ્થાપવામાં આવેલ એક ઔપચારિક સંસ્થા છે.
- શાળા સમાજનું એક અંગ છે. શાળા સમાજમાં પ્રવર્તતા વિવિધ ખ્યાલો તથા સમાજના બહુવિધ પાસાંઓમાંથી યોગ્ય તત્વોની પસંદગી કરી બાળકો સમક્ષ સ્વાભાવિક રીતે રજૂઆત કરે છે અને તે રીતે આદર્શ નાગરિક બનાવવાનું કાર્ય કરે છે.
- શાળા બાળકોના વિકાસ માટેનું સાનુકૂળ વાતાવરણ પૂરું પાડીને બાળકનો સર્વાંગી વિકાસ કરે.
- શાળા શિક્ષણ વ્યવહાર માટેની એક પ્રયોગશાળા છે.
- શાળા દરેક બાળકને તેની અભિરૂચિ, શક્તિ મુજબ અનુભવો પૂરા પાડી, તકો પૂરી પાડી સક્ષમ બનાવે છે.
- શાળાના વિવિધ અંગોમાં આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને એસએમસી સભ્યોનો સમાવેશ થાય છે.
- શાળા બાળકોને ઔપચારિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારીનું વહન કરતી સંસ્થા છે.

**પ્રગતિ ચકાસો.**

- શાળાની સંકલ્પના સ્પષ્ટ કરો.

### 3.1.2 શાળાના પ્રકાર

#### 3.1.2.1શૈક્ષણિક વયજૂથના આધારે શાળા પ્રકાર

શૈક્ષણિક વયજૂથના આધારે ભારત દેશમાં વૈધિક (ઔપચારિક) શિક્ષણ માટે સમાન્યતઃ નીચે મુજબનું શૈક્ષણિક તંત્ર વિકાસ પામેલ છે.

**1) પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ સંસ્થાઓ –**

શિશુ અવસ્થામાં પ્રાથમિક શિક્ષણ પહેલાં આપવામાં આવતું શિક્ષણ એટલે પૂર્વ પ્રાથમિક શિક્ષણ. અહીં બાળકોને શાળા વાતાવરણમાં જરૂરી એવા વર્તન, વલણ અને વિચાર માટે તૈયાર કરવામાં આવે છે. શાળા તત્પરતા અભિગમ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે જોડાયેલ છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપતી શિક્ષણ સંસ્થાઓ નીચે મુજબ છે.

- પ્લે સ્કૂલ, નર્સરી અને કિન્ડરગાર્ટન
- આંગણવાડી અને બાલવાડી કેન્દ્રો

**2) પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ –**

ધોરણ 1 થી 5 નું શિક્ષણ એટલે પ્રાથમિક શિક્ષણ. પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને વાચન, લેખન અને ગણન જેવા પાયારૂપ કૌશલ્યો તથા જીવન કૌશલ્યો શીખવવામાં આવે છે અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવામાં આવે છે.

**3) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ –**

ધોરણ 6 થી 8નું શિક્ષણ એટલે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ. ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં પ્રાથમિક શિક્ષણની અધ્યયન નિષ્પત્તિ પર આધારિત અભ્યાસક્રમમાં વિવિધ વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન, વિવિધ ભાષાઓ તથા કલા શિક્ષણના વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ માટે તૈયાર થાય છે.

**4) માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓ –**

ધોરણ 9 અને 10 નું શિક્ષણ એટલે માધ્યમિક શિક્ષણ. માધ્યમિક શિક્ષણ જીવનપર્યંત અધ્યયન માટે પાયારૂપ શિક્ષણ આપે છે. વિદ્યાર્થીઓ કાર્ય સંબંધિત જરૂરી કૌશલ્યો પ્રાપ્ત કરે છે તથા આગળના અભ્યાસ માટે તૈયાર થાય છે. માધ્યમિક શાળાઓ 3 પ્રકારની છે.

- સામાન્ય શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓ
- વ્યાવસાયિક/રોજગાર લક્ષી શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓ
- ઉત્તર બુનિયાદી શાળાઓ

**5) ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓ –**

ધોરણ 11 અને 12નું શિક્ષણ એટલે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ. ઉચ્ચ શિક્ષણ અને રોજગાર માટે જરૂરી કૌશલ્યો આપતું શિક્ષણ એટલે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાના રસ અને રૂચિ અનુસાર નીચે મુજબના પ્રવાહ પસંદ કરી શકે છે.

- સામાન્ય પ્રવાહ (વિવિધ ધંધાકીય કૌશલ્યો સંબંધિત અભ્યાસક્રમ તથા ઈતિહાસ, ભૂગોળ, ભારતીય અને વિદેશી ભાષાઓ, મનોવિજ્ઞાન, તર્કશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે.)
- વિજ્ઞાન પ્રવાહ (ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવશાસ્ત્ર જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે.) વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાના રસ રૂચિ અનુસાર "એ" ગ્રુપ, "બી" ગ્રુપ તેમજ "એબી" ગ્રુપ જેવા વિકલ્પો પસંદ કરે છે.
- ઉત્તર બુનિયાદી પ્રવાહ (પશુપાલન, કૃષિ, કાંતણ – વણાટ વગેરે જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે.)

**3.1.2.2 શાળા વ્યવસ્થાપનના આધારે શાળા પ્રકાર**

શાળા વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખતાં ભારત દેશમાં નીચે મુજબ શિક્ષણ તંત્ર વિકાસ પામેલ છે.

1) સરકારી શાળાઓ

સરકાર દ્વારા ચાલતી શાળાઓમાં સરકાર દ્વારા જ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે. આ શાળાઓ ચલાવવા માટેનો તમામ ખર્ચ સરકાર દ્વારા જ કરવામાં આવે છે. શાળાના સંસાધનોથી લઈ શિક્ષકોના પગાર તથા અન્ય તમામ ખર્ચ સરકાર દ્વારા જ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ

પ્રકારની ફી લેવામાં આવતી નથી. આ શાળાઓ ભૌતિક સંસાધનોયુક્ત હોય છે. શિક્ષકો અનુભવી તથા યોગ્ય લાયકાત ધરાવે છે.

**2) અનુદાનિત શાળાઓ (Grant-In-Aid શાળાઓ)**

સરકારના અનુદાનથી(ગ્રાન્ટ)ચાલતી આ શાળાઓ શૈક્ષણિક હેતુ માટે રચાયેલા ટ્રસ્ટ/સંસ્થા/સોસાયટી વગેરે મારફત ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ પાસેથી નહી નફા કે નહી નુકસાનના ધોરણે ફી લઈ આ શાળાઓ ચલાવવામાં આવે છે. કેટલીક શાળાઓ દ્વારા ફી ના બદલે નિભાવ ગ્રાન્ટ લેવામાં આવે છે. શિક્ષકોના પગારની સંપૂર્ણ ગ્રાન્ટ સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. આ સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂક માટે બોર્ડની રચના કરવામાં આવે છે. યોગ્ય ઉમેદવાર (મેરીટના આધારે) જે – તે સંસ્થામાં નિમણૂક પામે છે.

આ ઉપરાંત કેટલીક જિલ્લા પંચાયતો/નગરપંચાયતો પણ માધ્યમિક શાળાઓ ચાલાવે છે. આ શાળાઓનું સંચાલન પંચાયતમંડળની ચૂંટેલી શિક્ષણ સમિતિ કરે છે.

**3) સ્વ – નિર્ભર શાળાઓ**

સરકારના નિયંત્રણ હેઠળ ચાલતી પરંતું નાણાકીય રીતે સમગ્રતયા વિદ્યાર્થીઓની ફી પર જ ચાલતી આ શાળાઓની સંખ્યા હાલ ખૂબ જ વધારે છે. આ શાળાઓમાં કોઈપણ પ્રકારની નાણાકીય સહાય (નિભાવ ગ્રાન્ટ કે પગાર ગ્રાન્ટ) સરકાર તરફથી આપવામાં આવતી નથી. આ પ્રકારની શાળાઓનું સંચાલન કોઈ ટ્રસ્ટ કે સોસાયટી દ્વારા કરવામાં આવે છે.

**4) કેન્દ્રિય વિદ્યાલયો**

ગુજરાતના કેટલાંક શહેરો જેવા કે વડોદરા, સુરત, રાજકોટમાં કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત શાળાઓ છે. કેન્દ્રિય શાળા બોર્ડ દ્વારા આ શાળાઓ સામાન્યતઃ હિન્દી/અંગ્રેજી માધ્યમવાળી શાળાઓ છે.

**5) પ્રાયોગિક શાળાઓ (Practice Schools/Experimental Schools)**

ગુજરાત રાજ્યમાં એમ. એસ. યુનિવર્સિટી – વડોદરા પોતાની શાળા ચલાવે છે. સરદાર પટેલ યુનિવર્સિટી પણ એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના નિદર્શન હેઠળ શાળા ચલાવે છે. કેટલાંક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં (ઉદા. રાજપીપળા, પાટણ) પણ આ પ્રકારની શાળાઓ ચાલે છે. આ શાળાઓ શિક્ષણની પ્રયોગશાળાઓ કે લેબોરેટરી શાળાઓ (Experimental Schools) છે.

આ ઉપરાંત સંરક્ષણ ખાતું કે રેલવે ખાતું પોતાના કર્મચારીઓના બાળકોના શિક્ષણ માટે કેટલાંક સ્થળે માધ્યમિક શાળાઓ ચલાવે છે. જે કેન્દ્રિય બોર્ડ સાથે સંલગ્ન હોય છે અથવા રાજ્યના માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન હોય છે. સૈનિક સ્કૂલ (જામનગર) પણ કેન્દ્રિય બોર્ડ સંચાલિત શાળા છે. જવાહર નવોદય વિદ્યાલય પણ કેન્દ્રિય શાળા બોર્ડ સંચાલિત શાળાનું ઉદાહરણ છે. સમાજ કલ્યાણ વિભાગ – ગુજરાત સરકાર દ્વારા આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત આશ્રમ શાળાઓ તથા લઘુમતિ શાળાઓ પણ અસ્તિત્વમાં છે.

### 3.1.2.3 કેટલીક વિશિષ્ટ શાળાઓ

#### (1) કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)

National programme for Education of Girls at Elementary level (NPEGEL) યોજના અંતર્ગત જે તાલુકાઓમાં સ્ત્રી સાક્ષરતા દર રાષ્ટ્રીય ગ્રામીણ સ્ત્રી સાક્ષરતા દર કરતા ઓછો હોય અને જાતીય સાક્ષરતા ભેદ (પુરૂષ અને સ્ત્રી સાક્ષરતા) રાષ્ટ્રીય જાતીય સાક્ષરતા ભેદ કરતાં વધુ હોય તેવા તાલુકાઓમાં આ પ્રકારની શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. આ શાળાઓનો હેતુ બાલિકાઓના પ્રાથમિક શિક્ષણ માટે સુવિધાઓનો વિકાસ કરવાનો તથા તેઓનું સ્થાયીકરણ વધારવાનો છે. કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયના કુલ ત્રણ મોડેલ અસ્તિત્વમાં છે.

(1) મોડેલ – I હોસ્ટેલ સાથેની શાળા – ક્ષમતા 100 છોકરીઓ

(2) મોડેલ – II હોસ્ટેલ સાથેની શાળા – ક્ષમતા 50 છોકરીઓ

(3) મોડેલ – III માત્ર હોસ્ટેલ – ક્ષમતા 50 છોકરીઓ

#### (2) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત મોડેલ સ્કૂલ (માધ્યમિક)

છેલ્લા કેટલાંક સમયથી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) અંતર્ગત ભારત સરકાર દ્વારા વિવિધ પ્રકારની મોડેલ શાળાઓ અસ્તિત્વમાં આવેલ છે. જે તાલુકાઓમાં જે જગ્યાએ 5 કિલોમીટરની અંદર સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ આવેલી ન હોય ત્યાં માધ્યમિક શિક્ષણ આપવાના હેતુસર આ શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. આ શાળાઓમાં ધો. 9 અને 10 (માધ્યમિક)નું શિક્ષણ આપવામાં આવે છે.

#### (3) કેન્દ્ર સરકાર પુરસ્કૃત મોડેલ શાળા

આ શાળાઓ આર્થિક અને સામાજિક રીતે પછાત લોકોના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુસર શૈક્ષણિક રીતે પછાત તાલુકાઓમાં મોડેલ શાળા શરૂ કરવામાં આવી છે. ધો. 6 થી 10 ધોરણ સુધીની આ શાળાઓ સંસાધનોની રીતે ખૂબ જ સમૃદ્ધ છે. આ શાળાઓની શરૂઆત માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય – ન્યુ દિલ્હી દ્વારા કરવામાં આવેલ છે. હવે તે શાળાઓનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

#### (4) ગુજરાત મોડેલ ડે બોર્ડીંગ સ્કૂલ

આ પ્રકારની શાળાઓ ગુજરાત કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સોસાયટી તરફથી ચલાવવામાં આવે છે. આ શાળાઓ ધો. 6 થી 12 ની છે. હાલ ઓછી સાક્ષરતા વાળા 50 તાલુકાઓમાં આ શાળા શરૂ કરવામાં આવનાર છે. આ 50 શાળાઓમાંથી 20 શાળાઓ હાલ શરૂ કરવામાં આવેલ છે.

#### (5) એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ શાળાઓ (EMRS)

આ પ્રકારની શાળાઓ Gujarat State Tribal Education Society દ્વારા ચલાવવામાં આવે છે. આ શાળાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન છે. આ શાળાઓ શૈક્ષણિક પછાત તાલુકાઓમાં આવેલી છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે આ શાળાઓ બનાવવામાં આવેલી છે. આ શાળાઓ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) યોજનાથી ચાલે છે.

છેલ્લા કેટલાંક સમયથી નેશનલ ઓપન સ્કૂલ્સની સંકલ્પના પણ અસ્તિત્વમાં છે. આ શાળાઓમાં જે વિદ્યાર્થીઓ પોતાનું વૈધિક શિક્ષણ શાળાઓમાં લઈ શક્ય ન હોય તેવા વિદ્યાર્થીઓ આ શાળાઓમાં પ્રવેશ મેળવે છે અને પોતાનું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે છે.

**પ્રગતિ ચકાસો**

- શૈક્ષણિક વયજૂથના આધારે શાળા પ્રકારોનું વર્ણન કરો.
- સરકારી શાળાઓ, અનુદાનિત શાળાઓ તથા સ્વ નિર્ભર શાળાઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.
- વિવિધ પ્રકારની વિશિષ્ટ શાળાઓ વિશે નોંધ લખો.

## 3.2 શાળા અસરકારકતાની સંકલ્પના

School effectiveness is defined as some combinations of inputs, processes, outcomes.

Educational Quality has been defined as material inputs and non-material characteristics of schools which have been shown to improve student learning.

–Adams

યુનિસેફ અસરકારક શાળાને 05 પાસાંઓના આધારે વ્યાખ્યાયિત કરે છે.

I. અધ્યેતા – સ્વસ્થ અને પોષણ મેળવતું
II. વાતાવરણ – સલામત, રક્ષણાત્મક, પર્યાપ્ત સંસાધનોયુક્ત અને જાતીય ભેદભાવરહિત
III. વિષયવસ્તુ – અભ્યાસક્રમ સાથે સંલગ્ન અને પાયારૂપ કૌશલ્યો પ્રદાન કરતું
IV. પ્રક્રિયા – વિદ્યાર્થીકેન્દ્રી અભિગમયુક્ત વર્ગખંડ પ્રક્રિયા
V. નિષ્પત્તિ – જ્ઞાન, કૌશલ્યો અને વલણ ઘડતર

શાળા અસરકારકતા પર થયેલા સંશોધનોના (Purkey & Smith, Levine & Lezotte, Scheerens, Cotton, Sammons Hillman & Mortimore) આધારે અસરકારક શાળાના કેટલાંક લક્ષણો નીચે મુજબ વર્ણવી શકાય.

- મજબૂત નેતૃત્વ/શૈક્ષણિક નેતૃત્વ/વ્યાવસાયિક નેતૃત્વ
- સ્પષ્ટ હેતુઓ
- હકારાત્મક શાળા ભાવાવરણ અને સંસ્કૃતિ
- અધ્યયન અધ્યાપન પ્રક્રિયા પર ભાર
- સમયાંતરે નિરીક્ષણ
- નિર્ણયો તથા હેતુઓમાં સહભાગીદારી
- વિદ્યાર્થીઓ પાસેથી વધુ અપેક્ષાઓ
- વિદ્યાર્થી – શિક્ષક આંતરક્રિયા
- યોગ્ય નિરીક્ષણ અને મૂલ્યાંકન
- સતત વ્યાવસાયિક સજ્જતાનો વિકાસ / અધ્યયન કેન્દ્ર
- વાલી / સમાજ સહયોગ તથા ઘર – શાળા વચ્ચે ભાગીદારી વગેરે...

કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ ખૂબ જ જરૂરી છે. આપણા બાળકોને એવું શિક્ષણ મળવું જોઇએ કે જે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોની સાથે સાથે મૂલ્યોનું પણ સંવર્ધન કરે. બાળકોને તેમની ક્ષમતાઓને અનુલક્ષીને આનંદપ્રદ વાતાવરણમાં યોગ્ય રીતે વિકસવાની તક મળે તે પણ એટલું જ જરૂરી છે. જે સંસ્થા આવું શિક્ષણ આપતી હોય તે અસરકારક કહી શકાય.

**પ્રગતિ ચકાસો.**

- યુનિસેફ અનુસાર અસરકારક શાળાના મહત્વના પાસાંઓ જણાવો.
- તમારા અભિપ્રાય અનુસાર અસરકારક શાળાના લક્ષણો જણાવો.

## ૩.૩ શાળા અસરકારકતાના ધોરણો

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009ની કલમ 19 અને 25માં શાળાના ધોરણો નક્કી કરવામાં આવેલા છે. આ ધોરણો નીચે મુજબ છે.

### 3.3.1 શિક્ષકોની લાયકાત

ભારત દેશમાં નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન (NCTE) શિક્ષકોની લઘુતમ લાયકાત નક્કી કરે છે. પ્રાથમિક શાળામાં કાર્ય કરતાં શિક્ષકોએ ડી. એલ. એડ્. નો વ્યાવસાયિક કોર્સ કરેલો હોવો જોઇએ. ઉચ્ચ પ્રાથમિક શાળામાં કાર્ય કરતાં શિક્ષકોએ સ્નાતક સાથે ડી. એલ. એડ્.નો અથવા સ્નાતક સાથે બી. એડ્.નો વ્યાવસાયિક કોર્સ કરેલો હોવો જોઇએ. આ ઉપરાંત, તેઓએ Teacher Eligibility Test (TET) ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

એજ રીતે માધ્યમિક શાળાઓમાં સ્નાતકની પદવી સાથે બી. એડ્. તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસ્નાતક તથા બી. એડ્. ની વ્યાવસાયિક લાયકાત હોવી જરૂરી છે. આ ઉપરાંત તેઓએ Teacher Aptitude Test (TAT) ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

**શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર**

| ધોરણ | દાખલ કરેલ બાળકો | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ધો. 1 થી 5 માટે | 60 સુધી<br>61 – 90 સુધી<br>91 – 120 સુધી<br>120 – 200 સુધી<br>150 બાળકોથી વધારે<br>200 બાળકોથી વધારે | 02 શિક્ષકો<br>03 શિક્ષકો<br>04 શિક્ષકો<br>05 શિક્ષકો<br>05 શિક્ષકો + એક મુખ્ય શિક્ષક<br>વિદ્યાર્થી – શિક્ષક ગુણોત્તર (મુખ્ય શિક્ષક સિવાય) 40 થી વધશે નહી. |
| ધો. 6 થી 8 માટે | | વર્ગદીઠ ઓછામાં ઓછા એક શિક્ષક (વિષય દીઠ ઓછામાં ઓછા એક – એક શિક્ષક રહેશે)<br>• વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર – 1 શિક્ષક |

| | | |
|---|---|---|
| | પ્રત્યેક 35 બાળકો દીઠ<br><br>બાળકોનો પ્રવેશ 100થી વધુ હોય ત્યાં | • સામાજિક અભ્યાસ – 1 શિક્ષક<br>• ભાષાઓ – 1 શિક્ષક<br>1 શિક્ષક<br>(01) 01 પૂર્ણકાલીન મુખ્ય શિક્ષક<br>(02) નીચેના માટે અંશકાલીન શિક્ષક<br>• કલા શિક્ષણ<br>• આરોગ્ય અને શારીરિક શિક્ષણ<br>• કાર્ય શિક્ષણ |

### 3.3.2 શાળા મકાન

1) દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ અને કાર્યાલય સહ – સ્ટોર સહ – મુખ્ય શિક્ષક ખંડ
2) અવરોધ મુક્ત પ્રવેશ
3) કુમાર અને કન્યાઓ માટે અલગ – અલગ સેનીટેશનની વ્યવસ્થા
4) બધાં બાળકો માટે સલામત અને પીવાના પૂરતા પાણીની સગવડ
5) શાળામાં મધ્યાહ્ન ભોજન રાંધવા માટેનું રસોડું
6) ક્રીડાંગણ (રમતનું મેદાન)
7) શાળાના મકાનના રક્ષણ માટે હદની દીવાલ અથવા વાડ માટેની વ્યવસ્થા

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં સુગમ્ય યોજના અન્વયે વિકલાંગો માટે પણ જરૂરી રેમ્પ, બ્રેઈલ લિપિમાં Sign Board લખવા વગેરે જેવી વ્યવસ્થા હોવી જરૂરી છે.

### 3.3.3 શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછામાં ઓછા દિવસ/શિક્ષણના કલાક

1) ધોરણ – 1 થી 5 માટે કામકાજના વર્ષદીઠ 200 દિવસ અને શિક્ષણના 800 કલાક
2) ધોરણ – 6 થી 8 માટે કામકાજના વર્ષદીઠ 220 દિવસ અને શિક્ષણના 1000 કલાક

શિક્ષણ માટે અઠવાડિયા દીઠ કામકાજના ઓછામાં ઓછા કલાક

- તૈયારીના કલાક સહિત શીખવવાના 45 કલાક

### 3.3.4 અધ્યયન – અધ્યાપન સામગ્રી

- અધ્યયન – અધ્યાપન સામગ્રી દરેક વર્ગની જરૂરિયાત અનુસાર હોવી જોઈએ. ગણિત અને વિજ્ઞાન પ્રયોગશાળા, વિષય અનુસાર અધ્યયન અધ્યાપન સામગ્રી, વગેરેનો સમાવેશ થાય છે. ભાષાઓના શિક્ષણ માટેની જરૂરી વ્યવસ્થા તથા સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે ચાર્ટસ, નકશાઓ વગેરે હોવા જરૂરી છે. શિક્ષક જાતે પણ આ પ્રકારની સામગ્રી તૈયાર કરી શકે.

### 3.3.5 ગ્રંથાલય

1) દરેક શાળામાં ગ્રંથાલયની સુવિધા
2) સમાચારપત્રો, મેગેઝીન, તમામ વિષયો પરના પુસ્તકો તેમજ વાર્તાની ચોપડીઓ

### 3.3.6 રમત ગમત અને ખેલકૂદની સાધન સામગ્રી

- રમત ગમત અને ખેલકૂદની સાધન સામગ્રી દરેક વર્ગની જરૂરિયાત અનુસાર હોવી જોઇએ. દરેક બાળકોને તેમના રસ અને રૂચિ અનુસાર રમત ગમતના સાધન સામગ્રી હોવી જોઇએ. શાળામાં કુમાર અને કન્યા કોઇપણ પ્રકારના લિંગભેદ કે જાતીભેદ વગર રમી શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. આ ઉપરાંત ગુજરાત રાજ્ય માટે લાગુ પાડવામાં આવેલ આરટીઇ નિયમો, 2012 નિયમ – 13 અનુસાર...
- શાળા મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, 1860 હેઠળ રજિસ્ટર થયેલી મંડળી અથવા તે સમયમાં અમલમાં હોય તેવા કોઇ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા સાર્વજનિક ટ્રસ્ટ અથવા કંપની અધિનિયમ 1956 ની કલમ 25 હેઠળ રજિસ્ટર થયેલી કોઇપણ કંપની દ્વારા ચલાવાતી હોય
- શાળા ભારતના સંવિધાનમાં પ્રતિસ્થાપિત મૂલ્યોનું પાલન કરતી હોવી જોઇએ.
- વર્ગખંડ તરીકે વપરાતાં અથવા વાપરવા ધાર્યું હોય તેવો દરેક ખંડ, વર્ગના દરેક વિદ્યાર્થી માટે 8 ચોરસ ફૂટને સમકક્ષ ન્યુનતમ (કાર્પેટ એરીયા) ભોંયતળ ક્ષેત્રફળ ઉપરાંત અધ્યાપન માટે 60 ચો. ફૂટનું વધારાનું ક્ષેત્રફળ ધરાવતો હોવો જોઇએ.
- ઉકત શરતોને આધીન વર્ગખંડોનું (કાર્પેટ એરીયા) ભોંયતળ ક્ષેત્રફળ 300 ચોરસ ફૂટથી ઓછું હોવું જોઇએ નહીં, પરંતુ એક કરતા વધુ વર્ગખંડોનું (કાર્પેટ એરીયા) ભોંયતળ ક્ષેત્રફળ 300 ચોરસ ફૂટ કરતા ઓછું હોય તો શાળાનું વિદ્યાર્થી – શિક્ષક પ્રમાણ નીચેના સૂત્ર પ્રમાણે ઘડેલા (નીચે સૂત્રબદ્ધ કરેલા) પ્રમાણથી વધવું જોઇએ નહીં.

વિદ્યાર્થી – શિક્ષક પ્રમાણ = (ચોરસ ફૂટમાં સૌથી નાના વર્ગખંડનું ક્ષેત્રફળ – 60/8

- શાળાના મકાનો અથવા બીજા બાંધકામો અથવા મેદાનોનો ઉપયોગ માત્ર શિક્ષણ અને કૌશલ વિકાસના હેતુઓ માટે કરવામાં આવે.

### 3.3.7 અધ્યયન નિષ્પત્તિ

આરટીઇનો લક્ષ્યાંક તમામ બાળકો માટે ગુણવત્તાસભર શિક્ષણ સુનિશ્ચિત કરવાનો છે. શાળાઓમાં આવશ્યક સુવિધાઓ અને શિક્ષકો હોય પરંતુ વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી રહ્યા ન હોય તો આરટીઇનો ગુણવત્તા શિક્ષણનો લક્ષ્યાંક સિદ્ધ થઇ શકે નહી.

આથી, શાળાઓ આરટીઇનો લક્ષ્યાંક સિદ્ધ કરે તે જરૂરી છે. અપૂરતી પરંતુ આવશ્યક માળખાકીય વ્યવસ્થા સાથે અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરવો તે વિદ્યમાન શાળાઓનું મુખ્ય લક્ષ્યાંક છે.

| ક્રમ | શાળામાં જરૂરીયાત | વર્ણન |
|---|---|---|
| 1 | વિદ્યાર્થીની અધ્યયન નિષ્પત્તિ (સંપૂર્ણ સ્તર) | પ્રમાણભૂત કસોટીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીના અધ્યયન સ્તરને વ્યક્તિગત મૂલ્યાંકનથી માપવું |
| 2 | વિદ્યાર્થીની અધ્યયન નિષ્પત્તિ (શાળાની પૂર્વ કામગીરી સાથે સરખાવતા થયેલો સુધારો) | શાળાઓ નબળા બાળકોને પ્રવેશ ન આપીને શાળા કામગીરીની તદન સારી છાપ ઉભરી આવે તેવું ન થાય તે માટે આ પાસું રાખવામાં આવેલ |

| | | |
|---|---|---|
| | | છે. |
| 3 | સવલતો તથા શિક્ષકની લાયકાત | આરટીઇ અધિનિયમ – ૨૦૦૯ માં નિર્દિષ્ટ કરેલા શાળાના ધોરણો અને માપદંડો |
| 4 | વિદ્યાર્થીની બિન – શૈક્ષણિક નિષ્પત્તિ અને માતા – પિતાનો અભિપ્રાય | વિદ્યાર્થીની બિન – શૈક્ષણિક સિદ્ધિ અને માતા પિતાના ઔપચારિક મંતવ્યોનો ઉપયોગ કરવો. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમત – ગમત, કલાને મહત્વ આપતા પ્રમાણભૂત સર્વેક્ષણ કરવાના સાધનો વિકસાવવા |

શાળાના સરેરાશ પરિણામને જેનાથી ન્યૂનતમ ગ્રેડની વ્યાખ્યા કરી શકાય તેવા સ્કેલમાં રૂપાંતરિત કરવો તથા વિદ્યમાન શાળાઓએ માન્યતાનું ધોરણ પ્રાપ્ત કરવા ન્યૂનતમ ગ્રેડ મેળવવો જોઇશે.

**પ્રગતિ ચકાસો**

- આરટીઇ, 2009 અનુસાર શિક્ષકોના ધોરણો જણાવો.
- આરટીઇ, 2009 અનુસાર શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછામાં ઓછા દિવસ/શિક્ષણ કાર્યના કલાક માટેના ધોરણો જણાવો.
- ગુજરાત રાજ્ય માટે લાગુ પાડવામાં આવેલ આરટીઇ નિયમો, 2012 નિયમ – 13 અનુસાર શાળાના ધોરણો જણાવો.
- આરટીઇ, 2009 અનુસાર અધ્યયન નિષ્પત્તિના ધોરણો જણાવો.

### 3.4 શાળા અસરકારકતાના માપદંડો –

Fullan, Hargreaves, Miles શાળા અસરકારકતા માટેના નીચે મુજબના મુખ્ય ક્ષેત્ર તથા માપદંડોનો સમાવેશ કરે છે.

I. અસરકારક નેતૃત્વ
II. વિઝન નક્કી કરવામાં સહભાગીદારી
III. આયોજન અને નિર્ણય કરવામાં સહભાગીદારી
IV. શિક્ષકોનો વ્યાવસાયિક વિકાસ અને સંસાધનોની પ્રાપ્યતા
V. શરૂઆત કરવી અને સહભાગી બનવું
VI. કર્તવ્યનિષ્ઠા અને શાળા સુધારના પ્રયત્નોની સ્વીકૃતિ
VII. બદલાવ પ્રક્રિયાનું નિરીક્ષણ, પ્રક્રિયાનું મૂલ્યાંકન અને અંતિમ નિષ્પત્તિ

સમગ્ર વિશ્વમાં શાળાઓમાં ગુણવત્તા સુધારવા માટે ખૂબ જ પ્રયત્નો થઇ રહ્યા છે. નામાંકન અને સ્થાયીકરણના સંદર્ભમાં ભારત દેશમાં ખૂબ જ સારી પ્રગતિ થઇ છે. વિવિધ રાજ્યોમાં શાળા અસરકારકતા માટેના મૂલ્યાંકનો દર વર્ષે થતા હોય છે. જેમાં ગુજરાત રાજ્યમાં ગુણોત્સવ, ઓરીસ્સામાં સમીક્ષા તથા મધ્યપ્રદેશમાં પ્રતિભાપર્વનો સમાવેશ થાય છે.

અત્રે ગુણોત્સવ અંતર્ગત શાળા અસરકારકતાના મૂલ્યાંકન માટેના સૂચકો આપવામાં આવેલા છે. જેના આધારે જે – તે શાળા તથા શિક્ષકોનું મૂલ્યાંકન થાય છે.

### 3.4.1 શાળા અસરકારકતા મૉડેલ – ગુણોત્સવ (ગુજરાત)

ગુજરાત રાજ્યમાં 2009થી શાળા અસરકારકતા માટેનું મૉડેલ વિકસાવવામાં આવેલ છે. આ મૉડેલ અંતર્ગત શાળાનું મૂલ્યાંકન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં આંતરિક મૂલ્યાંકન (સ્વ મૂલ્યાંકન) અને બાહ્ય મૂલ્યાંકન થતું હોય છે. નીચે આપેલા વિવિધ ક્ષેત્રો અને સૂચકો આધારિત શાળાને એ, બી, સી, ડી ગ્રેડ આપવામાં આવે છે. આ ક્ષેત્રોમાં શૈક્ષણિક (60 ટકા) અને સહ – શૈક્ષણિક પ્રવૃત્તિઓ (20 ટકા) તથા લોકભાગીદારી તથા સંસાધનોનો યોગ્ય ઉપયોગના (20 ટકા)નો સમાવેશ થાય છે.

**સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓના મૂલ્યાંકન માટેના સૂચકો (20 %)**

**1.0 પ્રાર્થના**

1.1 પ્રાર્થનાસભામાં તમામ બાળકો સક્રિય રીતે ભાગ લે છે.

1.2 પ્રાર્થનાસભાનું સંચાલન બાળકો દ્વારા (કન્યાઓની સપ્રમાણ ભાગીદારી સહિત) થાય છે.

1.3 પ્રાર્થનાસભામાં વિવિધ વાજિંત્રોનો ઉપયોગ બાળકો કરે છે.

1.4 પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચારવાચન, પ્રશ્નોતરી જેવી પ્રવૃત્તિઓ થાય છે.

1.5 પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય રાખવામાં આવે છે.

**2.0 યોગ, વ્યાયામ અને રમતગમત**

2.1 શાળાનાં તમામ બાળકો યોગિક ક્રિયાઓમાં ભાગ લે છે.

2.2 શાળાનાં બાળકોએ રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે.

2.3 દર અઠવાડિયે શાળામાં સમૂહ કવાયત થાય છે.

2.4 દરેક ધોરણનાં બાળકોને રમત–ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે.

2.5 રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે.

**3.0 વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિઓ, બાળમેળો અને ઈકો ક્લબ**

3.1 વિવિધ વિષયવસ્તુ આધારિત પ્રોજેક્ટ પૂરતા પ્રમાણમાં અને ગુણવત્તાયુક્ત રીતે કરવામાં આવે છે.

3.2 વિષય આધારિત બુલેટીન બોર્ડ પર અદ્યતન વિગતો મૂકાય છે.
(મૂલ્યાંકનકારે વર્ષ દરમિયાન થયેલ બુલેટીન બોર્ડની પ્રવૃત્તિઓ ચકાસવી. જે તે દિવસે બુલેટીન બોર્ડ પણ જોવું.)

3.3 શાળાનાં બાળકોએ ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. ( પ્રમાણપત્રો જોઇ ચકાસણી કરવી.)

3.4 શાળામાં સ્વસ્થ જમીન અને જમીન સંવર્ધનની પ્રવૃત્તિ થાય છે.
(બાળકોને પૂછી માહિતી મેળવવી.)

3.5 શાળામાં ઔષધબાગ અને કીચન ગાર્ડન છે. (શાળાની આસપાસની જગ્યાની મુલાકાત લેવી અને ખાતરી કરવી.)

**4.0 શાળા પુસ્તકાલય**

(શાળા પુસ્તકાલય ઇશ્યુ રજીસ્ટર અને શિક્ષકો સાથે ચર્ચા દરમિયાન ખાતરી કરવી.)

4.1 શાળા પુસ્તકાલયનો ઉપયોગ તમામ શિક્ષકો કરે છે.

4.2 શાળા પુસ્તકાલયનો બાળકો ઉપયોગ કરે છે.

4.3 વાચનપર્વ, વાચનસપ્તાહ અથવા જ્ઞાનસપ્તાહની ઉજવણી દરમિયાન શાળા પુસ્તકાલયનો ઉપયોગ થાય છે. (પ્રવૃત્તિ અહેવાલ જોવો તથા બાળકો સાથે ચર્ચા કરવી.)

4.4 શાળા પુસ્તકાલયનાં પુસ્તકોનું ધોરણવાર અને વિષયવાર વર્ગીકરણ કરવામાં આવે છે.

4.5 બાળકોએ વાંચેલા પુસ્તકો વિશે પ્રાર્થનાસભામાં રજૂઆત કરવામાં આવે છે.

**5.0 સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને બાલસભા**

(ગામલોકો અને બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી.)

5.1 શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી યોગ્ય રીતે થાય છે.

5.2 સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શાળાનાં મોટાભાગનાં બાળકો ભાગ લે છે.

5.3 રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી (પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્ય દિન, રેટીંયાબારશ, વગેરે..)દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

5.4 શાળામાં દર સપ્તાહે બાલસભાનું આયોજન થાય છે.

5.5 સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. (આ વિધાન કુમારશાળા અને કન્યાશાળા માટે ખાલી રાખવું.)

**સંસાધનોનો ઉપયોગ અને લોકભાગીદારીનાં મૂલ્યાંકન માટેના સૂચકો (20 %)**

**1.0 પાઠ્યપુસ્તકો અને મૂલ્યાંકન**

1.1 તમામ બાળકોને પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ છે.

1.2 બાળકો પાઠ્યપુસ્તક/નોટબુકમાં લેખનકાર્ય કરે છે.

1.3 બાળકોએ કરેલું લેખનકાર્ય શિક્ષકો દ્વારા ચકાસવામાં અને સુધારવામાં આવે છે.

1.4 સાક્ષરી વિષયોનું સતત મૂલ્યાંકન કરવામાં આવે છે.

1.5 સર્વાંગી શિક્ષણ માટે જરૂરી મૂલ્યાંકન થાય છે.

**2.0 મધ્યાહ્ન ભોજન યોજના**

2.1 શાળામાં નિયમિત મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે.

2.2 મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ બાળકો લે છે.

2.3 તમામ બાળકો હાથપગ અને મોં ધોઇને જમવા બેસે છે.

2.4 મધ્યાહ્ન ભોજન અંતર્ગત અપાતા ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે.

2.5 મધ્યાહ્ન ભોજન માટેની રસોઈની તેમજ બાળકોની બેસવાની જગ્યા સ્વચ્છ રાખવામાં આવે છે.

**3.0 પાણી અને શૌચાલય**

3.1 પીવાલાયક પાણી તમામ બાળકોને સરળતાથી ઉપલબ્ધ છે.

3.2 પાણીની સુવિધા (ટાંકી) તથા શૌચાલયની સફાઇ યોગ્ય સામગ્રી દ્વારા નિયમિત રીતે થાય છે.

3.3 તમામ શૌચાલયમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ છે.

3.4 વેસ્ટ (waste) પાણીનો ઉપયોગ શાળાની બાગબાની માટે થાય છે.

3.5 વરસાદી પાણીના સંગ્રહ માટેની સુવિધા કાર્યરત છે અને સંગ્રહ થયેલા પાણીનો યોગ્ય ઉપયોગ થાય છે.

**4.0 કમ્પ્યૂટરનો ઉપયોગ**

4.1 શાળામાં કમ્પ્યૂટર કાર્યરત છે.

4.2 તમામ શિક્ષકો કમ્પ્યૂટરનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરે છે.

4.3 તમામ શિક્ષકો કમ્પ્યૂટરનો વહીવટી હેતુ માટે ઉપયોગ કરે છે.

4.4 ધોરણ ૬ થી ૮ નાં બાળકો કમ્પ્યૂટરનો ઉપયોગ કરે છે.

4.5 દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ બાળકોને નિયમિત રીતે બતાવવામાં આવે છે. (માત્ર ધોરણ 6 થી 8 માટે જ જોવું, અન્યથા ખાનું ખાલી રાખવું.) (શિક્ષકો તેમજ બાળકોને પૂછવું તથા તેની નોંધ ચકાસવી.)

**5.0 લોકભાગીદારી (મૂલ્યાંકનકારે SMCના સભ્યો સાથે ચર્ચા કરવી અને તે અંગેની નોંધ ચકાસવી.)**

5.1 SMC બેઠકો નિયમિત મળે છે જેમાં પુરૂષ સભ્યો અને મહિલા સભ્યોની સપ્રમાણ ભાગીદારી હોય છે.

5.2 ડાયસ ફોર્મ અંતર્ગત તૈયાર થતી શાળાની માહિતીનું જનવાચન કરવામાં આવે છે અને શાળા અંગેની માહિતીથી ગામલોકોને વાકેફ કરવામાં આવે છે.

5.3 બાળકોની શૈક્ષણિક પ્રગતિથી વાલીઓને વાકેફ કરવામાં આવે છે.

5.4 SMC દ્વારા શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવે છે તથા SMCનાં સભ્યો શાળાની ભૌતિક સુવિધાઓના નિર્માણ અને જાળવણીમાં ભાગ લે છે.

5.5 SMC બેઠકમાં શાળા વિકાસ યોજનાને ધ્યાનમાં રાખીને પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે.

**6.0 અન્ય**

6.1 તમામ ઓરડાઓમાં સુરક્ષિત વીજવ્યવસ્થા છે.

6.2 શાળા દ્વારા બાળકોને શૈક્ષણિક મુલાકાત, પર્યટન અને પ્રવાસ કરાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું શૈક્ષણિક અનુકાર્ય થાય છે.

6.3 શાળામાં કન્યાઓ અને કુમારની હાજરી સમગ્ર વર્ષ દરમિયાન સપ્રમાણ રહે છે.

6.4 શાળાસફાઈની દરેક પ્રવૃત્તિમાં કુમાર અને કન્યાની સપ્રમાણ ભાગીદારી હોય છે.

6.5 શિક્ષકો વર્ગકાર્યમાં તાલીમનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મૂલ્યાંકનના સૂચકો (60 %)**

ગુણોત્સવ અંતર્ગત શાળા મૂલ્યાંકન માટે શૈક્ષણિક પાસાને 60 ટકા ફાળવવામાં આવેલા છે. આ શૈક્ષણિક મૂલ્યાંકન માટે ધો. 3 થી 5ના બાળકોનું વાચન, લેખન અને ગણન ચકાસવામાં આવે છે. તથા ધો. 6 થી 8 માં વાચન, લેખન અને ગણનની સાથે વિવિધ શૈક્ષણિક વિષયોની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી અને ગણિતનો સમાવેશ થાય છે. આ વિષયવસ્તુની પરીક્ષા બાદ બાળકોને મળેલા પ્રાપ્તાંકો અનુસાર જે – તે શાળાને શૈક્ષણિક ગ્રેડ આપવામાં આવે છે.

ઉક્ત માળખા મુજબ દરેક શાળાઓને શૈક્ષણિક અને સહ – શૈક્ષણિક મૂલ્યાંકનના આધારે શાળાઓને A+ ગ્રેડ (8.8 થી 10 ગુણ), A ગ્રેડ (7.5 – 8.7 ગુણ), B ગ્રેડ (6.2 – 7.4 ગુણ), C ગ્રેડ (4.9 – 6.1 ગુણ), D ગ્રેડ (0 – 4.8 ગુણ) આપવામાં આવે છે. ગુણોત્સવ અંતર્ગત નિમ્ન ગ્રેડ મેળવનાર શાળાઓમાં ઉપચારાત્મક કાર્યક્રમનું સઘન આયોજન થાય છે. જ્યારે સારો ગ્રેડ મેળવનાર શાળાઓ માટે ઉપચારાત્મક કાર્યક્રમ સ્વૈચ્છિક હોય છે.

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા દર વર્ષે ગુણોત્સવના મોડેલમાં જરૂરી સુધારા કરી મોડેલને વધુ અસરકારક બનાવવામાં આવે છે.

**પ્રગતિ ચકાસો**

- **આપના મતે અસરકારક શાળાના માપદંડો શું હોઈ શકે ?**
- **ગુણોત્સવમાં સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓના મૂલ્યાંકન માટે ક્યા ક્યા સૂચકોને ધ્યાનમાં લેવામાં આવે છે ?**
- **ગુણોત્સવમાં સંસાધનોનો ઉપયોગ અને લોકભાગીદારીનાં મૂલ્યાંકન માટે ક્યા ક્યા સૂચકોને ધ્યાનમાં લેવામાં આવે છે ?**

## 3.5 સારાંશ

માનવજીવનમાં ખાસ કરીને વિદ્યાર્થી અવસ્થામાં વ્યક્તિત્વ ઘડતર તથા તેના મૂલ્યો અને વલણ ઘડતરમાં શાળા અદ્વિતીય સ્થાન ધરાવે છે. સંશોધનોના આધારે કહી શકાય કે અસરકારક શાળા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. વયજૂથના આધારે તથા વ્યવસ્થાપનના આધારે શાળા તંત્રનો વિકાસ થયેલ છે જે વયજૂથના આધારે તથા ચોક્કસ હેતુઓ આધારિત શિક્ષણ પૂરું પાડે છે. એક અસરકારક શાળા કેવી હોવી જોઈએ તથા આરટીઈ, 2009 અનુસાર શાળાએ ક્યા ધોરણો અને માપદંડોનો અમલ કરવો જોઈએ તે એક પ્રશિક્ષણાર્થી તરીકે જાણવું જરરી છે.

## 3.6 સ્વાધ્યાય

પ્ર. 1 નીચેના પ્રશ્નોના એક – બે વાક્યમાં જવાબ આપો.

1. Oxford Dictionary મુજબ શાળા/સ્કૂલની વ્યાખ્યા આપો.
2. કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયના મોડેલ્સ જણાવો.
3. શૈક્ષણિક વયજૂથના આધારે શાળા પ્રકાર જણાવો.

4. શાળા વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખતાં શાળા પ્રકારના નામ જણાવો.
5. કેટલીક વિશિષ્ટ શાળાઓના નામ માત્ર આપો.

પ્ર. 2 **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. સરકારી શાળાઓ, અનુદાનિત શાળાઓ તથા સ્વ નિર્ભર શાળાઓ વચ્ચેનો ભેદ જણાવો.
2. યુનિસેફ દ્વારા આપવામાં આવેલ અસરકારક શાળાના પાસાંઓ જણાવો.
3. Fullan, Hargreaves, Miles ના શાળા અસરકારકતા ના મુખ્ય ક્ષેત્ર તથા માપદંડો જણાવો.

પ્ર. 3 **ટૂંકનોંધ લખો.**

1. શૈક્ષણિક વયજૂથના આધારે શાળા પ્રકાર
2. પ્રાયોગિક શાળાઓ (Practice Schools).
3. શાળા અસરકારકતાના લક્ષણો
4. આરટીઈ, 2009 અનુસાર શાળા મકાનના સંદર્ભમાં ધોરણો અને માપદંડો
5. ગુણોત્સવ અંતર્ગત અસરકારક શાળાના સૂચકો

પ્ર. 4 **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. શાળાની સંકલ્પનાને બહુવિધ પરિપ્રેક્ષ્યમાં રજૂ કરો.
2. આરટીઈ, 2009 અનુસાર શિક્ષકોના ધોરણો સવિસ્તર વર્ણવો.
3. આરટીઈ, 2009 અનુસાર અધ્યયન નિષ્પત્તિના ધોરણો સમજાવો.

### 3.7 પ્રોજેક્ટકાર્ય

- પ્રશિક્ષણાર્થીઓ અધ્યાપકની મદદથી પોતાના જિલ્લામાં આવેલ વિવિધ પ્રકારની શાળાઓ અંગે માહિતી મેળવી અહેવાલ તૈયાર કરશે.

### 3.8 ઇન્ટર્નશીપ કાર્યક્રમ અન્વયે કરવાની પ્રવૃત્તિઓ

- ઇન્ટર્નશિપ દરમિયાન જે – તે શાળાનું છેલ્લા વર્ષનું ગુણોત્સવનું સ્વ – મૂલ્યાંકન પત્રક તથા તે અંતર્ગત મેળવેલ ગ્રેડનો અભ્યાસ કરી તેનો અહેવાલ તૈયાર કરવો.
- શાળાને ગુણોત્સવમાં મળેલ ગ્રેડના આધારે તેમાં સુધારો કરવા શાળામાં શું કરી શકાય તે અધ્યાપક સાથે ચર્ચા કરો.
- શાળાને ગુણોત્સવમાં મળેલ ગ્રેડ સુધાર માટેનો કાર્ય યોજના અધ્યાપકની સહાયથી તૈયાર કરો

### 3.9 સંદર્ભ સૂચિ

- **પુસ્તકો**

ડો. મહેન્દ્રિકા ભટ્ટ,૧૯૮૮ શિક્ષણ એક પ્રબંધ – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

ડો. ધનવંતભાઇ મ. દેસાઇ, ૧૯૯૪ શૈક્ષણિક પ્રશાસન – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

કાન્તિભાઇ કા. શુક્લ, ૧૯૯૨ શાળા શિક્ષણનું આયોજન – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

Right of Children To Free and Compulsory Education Act, 2009

Right of Children To Free and Compulsory Education Rules, 2012

❖ **Reports**

- Key Characteristics of Effective Schools, Institute of Education, University of London, 1995
- **School Quality – Azim Premji Foundation, 2007**
- Indian Standard Classification of Education, MHRD, 2014
- **Effectiveness of School Input Norms under the Right To Education Act, 2009 – Centre for Civic Society**

❖ **websites**

- www.rmsagujarat.in
- www.ssagujarat.org

# એકમ – 4

# શાળા નેતૃત્વ અને વ્યવસ્થાપન

**હેતુઃ**

- પ્રશિક્ષણાર્થીઓ શાળાના નેતૃત્વ અને પરિવર્તન માટે જવાબદાર વ્યવસ્થાપન અંગેની જાણકારી મેળવશે.


4.0 પ્રસ્તાવના

4.1 શાળા નેતૃત્વની સંકલ્પના

4.1.1 નેતૃત્વ સંદર્ભે કેટલીક વ્યાખ્યાઓ

4.1.2 લાક્ષણિકતાઓ

4.1.3 નેતૃત્વના ગુણ લક્ષણો

4.2 નેતૃત્વ શૈલી

4.3 પરિવર્તન માટેનું નેતૃત્વ

4.3.1 પરિવર્તન પ્રક્રિયા માટેના સોપનો

4.3.2 શાળા ભાવાવરણ

4.4 સારાંશ

4.5 સ્વાધ્યાય

4.6 પ્રોજેક્ટ કાર્ય

4.7 સંદર્ભ સૂચિ

# એકમ – 4
# શાળા નેતૃત્વ અને વ્યવસ્થાપન

## 4.0 પ્રસ્તાવના

શિક્ષણ એ વ્યકિતના વ્યકિતત્વનું સામાજિક પરિપ્રેક્ષ્યમાં થતું સંવર્ધન છે. શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. આથી જ મહાત્મા ગાંધીએ શિક્ષણમાં વૈયક્તિક વિકાસ અને સામાજિક વિકાસના સમન્વય પર ભાર મૂક્યો છે. ભારતમાં ભાવિ ઘડતરની જવાબદારી શાળાના શિરે છે. આથી જ શાળા પરિસરનો સૂત્રધાર નેતૃત્વ શકિતવાળો હોય તે જરૂરી છે. જૂથને દોરવાની ક્ષમતા તે નેતૃત્વ.

The person who lead the group it's called leader and his leading ability is called leadership.

નેતૃત્વ એ ભાવવાચક સંજ્ઞા છે. આથી જ નેતા જૂથની લાગણી અને સંવેદનાઓને સમજી તેને કાર્ય કરવાની દિશા પ્રદાન કરે છે. સંસ્કૃત માં પણ કહેવાયુ છે કે ‘‘ યથા રાજા તથા પ્રજા‘‘ એટલે કે જેવા આચાર્ય તેવી શાળા. આચાર્ય એ શાળા સંકુલના નેતા છે અને તેના નેતૃત્વ થકી જ ગુણવત્તાસભર શિક્ષણના સાર્વત્રિકરણની દિશામાં પ્રગતિ કરી શકાશે. આપ જે અભ્યાસક્રમમાં પદાર્પણ કરી ભવિષ્યમાં વર્ગ અને શાળાના સફળ સુકાની બનવા ઇચ્છો છો તે અભ્યાસમાં આ માટે નેતૃત્વના વિવિધ ખ્યાલો અને પરિવર્તનમાં નેતૃત્વની ભૂમિકા વિશે આપણે જાણવું અને સમજવું જ પડે.

પ્રસ્તુત પ્રકરણમાં નેતૃત્વના વિવિધ આયામોથી આપને પરિચિત કરવાનો ઉપક્રમ છે.

## 4.1 શાળા નેતૃત્વની સંકલ્પના

શાળા એક એવું એકમ છે જેમાં, બાળકોના વિકાસ માટે નિશ્ચિત હેતુની સિદ્ધિ અર્થે કામ થાય છે. જેની સ્થાપના અને સંચાલન સમાજ દ્વારા કરવામાં આવે છે. શાળા બાળકોને સામાજિકતાનો સ્પર્શ કરાવે છે, તેમજ, સમાજની ઉત્તમ પ્રણાલીઓ, પરંપરાઓને જ્ઞાનની સાથે જોડી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને વિકસાવે છે, જે પછીથી સમાજના વિકાસમાં જોડાઇ પોતાનો ફાળો આપે છે. શાળાને સમાજની લઘુ આવૃત્તિ તરીકે સ્વીકારીએ તો શાળાના મોભી એટલે કે શાળાના આચાર્યના શિરે આ જવાબદારી વહન કરવાની થાય. શાળાને સારું નેતૃત્વ સાંપડે તો બાળકોના વિકાસ માટેનો રાહ તૈયાર થઇ શકે. એક સફળ નેતા તરીકે આચાર્ય જ્યારે કેટલીક પરિસ્થિતિઓમાંથી સુપેરે પાર ઉતરે તો બાળકોના વિકાસનો હેતુ પરિણામલક્ષી બની શકે. આચાર્ય પક્ષે વિષમ પરિસ્થિતિ પેદા ન થવા દેવી અને થાય તો સંભાળી લેવી અને કાળજીપૂર્વક તેમાંથી બહાર આવવું, ન્યાયી અને વાજબીપણે નિર્ણયો લેવા, આવનારી પરિસ્થિતિ અને પડકારોનું ધ્યાન રખાય અને તેનો સામનો કરવાનું વિચારાય, પ્રત્યેક પ્રવૃત્તિ પરિણામલક્ષી બને, સરકાર અને સમાજ ઇચ્છે તેવા પરિણામો માટેનું આયોજન થાય, શિથિલતામાંથી ગતિશીલતા તરફ લઈ જવાય વગેરે બાબતોની અપેક્ષા રહે. આમ, નેતૃત્વ કરનારમાં ઘણા ગુણો અને આવડતો અનિવાર્ય છે.

### 4.1.1 નેતૃત્વ સંદર્ભે કેટલીક વ્યાખ્યાઓ

"નેતૃત્વ એ અન્ય લોકોમાં કોઈ સમાન ઉદ્દેશોને અનુસરવાની ઈચ્છા જાગૃત કરવાની યોગ્યતા–કુશળતા છે."

– લિવિંગ્સ્ટન

" નેતૃત્વ વ્યક્તિના વ્યવહારોનો એ એવો ગુણ છે જે દ્વારા એ સામૂહિક પ્રયાસોમાં જોડાયેલા લોકોનું અથવા એમની પ્રવૃત્તિઓનું માર્ગદર્શન કરે છે."

–ચેસ્ટર આઇ બર્નાર્ડ

" નેતૃત્વ અન્ય વ્યક્તિઓને પૂર્વ નિર્ધારિત ઉદ્દેશોને ઉત્સાહપૂર્વક પ્રાપ્ત કરવા પ્રેરિત કરવાની યોગ્યતા છે. એ એક એવું માનવીય તત્વ છે,જે એક સમૂહને એકસૂત્રમાં બાંધી રાખે છે અને પોતાનાં લક્ષ્ય પ્રત્યે અભિપ્રેરિત કરે છે."

–કીથ ડેવિસ

" નેતૃત્વ એ ગુણોનું એવું સંયોજન–સંકલન છે,જેને પરિણામે વ્યક્તિ અને અન્ય વ્યક્તિઓ પાસે કંઈક કરાવવા યોગ્ય બને છે, કારણકે મુખ્યત્વે તેના પ્રભાવ દ્વારા એમ કરવા તત્પર બને છે."

–આર્ડવે ટીડ

" નેતૃત્વ એવો ગુણ છે, જે દ્વારા અનુયાયીઓના એક સમૂહ પાસે ઈચ્છિત કાર્ય સ્વેચ્છાપૂર્વક અથવા કોઈ દબાણ વગર કરાવી શકાય છે."

– આલ્ફ્રેડ

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે નેતૃત્વની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે તારવી શકાય.

### 4.1.2 લાક્ષણિકતાઓ

- નેતૃત્વ સમૂહને માર્ગદર્શન આપે છે.
- સમૂહ પાસે સ્વેચ્છાએ કામ કરાવે છે.
- નેતૃત્વ કરનારમાં ગુણોનું સંયોજન હોય છે.
- નેતૃત્વ કરનાર અન્યને પ્રભાવથી કામ કરતા કરે છે અને કામ કરવા પ્રેરે છે.
- પૂર્વ નિર્ધારિત ઉદ્દેશોને પાર પાડવા અન્યોને પ્રેરિત કરે છે.
- સમૂહને એકસૂત્રતાથી બાંધી રાખે છે.
- સમાન ઉદ્દેશ માટે સમૂહની જાગૃતિ લાવે છે.
- સમૂહ પ્રયાસોને બળ આપે છે.

### 4.1.3 નેતૃત્વના ગુણ લક્ષણો

**1. ભાવિ અંગેનું દર્શન (Vision)**

સફળ નેતૃત્વમાં ભવિષ્ય જોવાની અને ઘડવાની એક દ્રષ્ટિ હોય છે.ભવિષ્યમાં કેવું ઘડતર કરવું તે જોઈ શકે છે અને તેના પરિણામો નજર સમક્ષ જોઈ શકે છે.

**2. હિંમત (Courage)**

તેનામાં દ્રઢ મનોબળ અને દ્રઢ નિર્ધાર હોય છે. તેઓ જોખમ ઉઠાવવા તૈયાર રહે છે અને આવનાર પડકારો સામે અડગ રહે છે.

**3. જુસ્સો (passion)**

સફળ શાળા નેતૃત્વ જોશીલું હોય છે. તે તેના વિદ્યાર્થીઓની અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા માટે પ્રતિબદ્ધ હોય છે.

**4. સાંવેગિક બુદ્ધિ (Emotional Intelligence )**

સફળ  શાળા નેતૃત્વ કરનાર એ ટીમ બનવનાર છે. તે સંબધોનું મહત્વ સમજે છે અને તેના સહકર્મીઓ તેમજ વિદ્યાર્થીઓને ક્ષમતાવાળો બનાવે છે, તેના પ્રત્યે સમાનુભૂતિ બતાવે છે.

**5. નિર્ણયશક્તિ (Judgment)**

સારા નેતામાં નિર્ણયશક્તિ હોય છે. તેનામાં શાણપણ હોય છે. તે શાળા સમાજના તમામને સાથે જોડે છે અને સાથે આગળ લઈ જાય છે.

**6. લવચિકતા (Resilience)**

સફળ શાળા નેતા આશાવાદી અને નરમાશવાળા હોય છે. તે કટોકટી ભરેલી પરિસ્થિતિમાં શાંત અને દરેક સમયે હકારાત્મક અને જૂસ્સાસભર હોય છે.

**7. મુત્સદ્દીપણું (Persuasion)**

સારો નેતા આત્મવિશ્વાસપૂર્વક પ્રત્યાયન કરનાર અને વાર્તા કહેનાર હોય છે. તે સારો પ્રેરક અને પોતાની શાળાની વાત પ્રેક્ષકો અથવા શ્રોતાઓને ગળે ઉતરે તે રીતે રજૂ કરી શકે છે.

**8. જિજ્ઞાસાવૃતિ (Curiosity)**

શાળા બહાર જે કંઈ સારૂ જોવા મળે છે તેને શાળા વિકાસનો ભાગ બનાવે છે. તે હંમેશા જિજ્ઞાસાવૃતિથી નવું નવું મેળવતો રહે છે.

આ ઉપરાંત નેતૃત્વના પાંચ પરિમાણો જોઈએ.

1. સમગ્ર પ્રક્રિયાને પડકાર
2. સંયુક્ત દ્રષ્ટિકોણને પ્રોત્સાહન
3. બીજાઓને શક્તિમાન બનાવવા
4. ઉદાહરણરૂપ વર્તન પૂરું પાડવું
5. બીજાઓની લાગણીઓને પ્રોત્સાહિત કરવી.

**પ્રગતિ ચકાસીએ:**

1. નેતૃત્વ એટલે શું?

2. સારા નેતાના લક્ષણો કયા કયા છે?

## 4.2 નેતૃત્વ શૈલી

અત્યાર સુધી આપણે સમજયા કે શાળાએ બાળકનું સામાજિકરણ કરતી મહત્વની સંસ્થા છે અને આચાર્ય એ શાળા ચક્રની ધરીરૂપ છે. શાળાની પ્રવર્તમાન સ્થિતિનો કયાસ કાઢી ભાવિ વિકાસ માટે એ આયોજનબદ્ધ  રીતે સહુને કામે લગાડે છે અને અપેક્ષિત લક્ષ્યાંક કેટલા પ્રમાણમાં સિદ્ધ થયો તેનું

સિંહાવલોકન કરી જરૂરિયાત જણાય તો પુનઃઆયોજન અને અમલીકરણ કરે છે. શાળા પરિસરનો આ નેતા જે પદ્ધતિ  કે રીત પ્રમાણે કાર્ય કરે તેને નેતૃત્વ શૈલી કહે છે.

કર્ટ લેવિંન Kurt Lewin  (1930) જૂથ અને નેતૃત્વના અભ્યાસોના આધારે નેતૃત્વની મુખ્ય ત્રણ શૈલીઓ દર્શાવે છે.

**1.** આપખુદશાહી નેતૃત્વ ( Autocratic Leadership)

2. લોકશાહી નેતૃત્વ (Democratic leadership)

3. મુકત નેતૃત્વ (Laissez-faire )

જુદાં **જુ**દાં વિદ્ધાનોએ નેતૃત્વની ઘણી શૈલીઓ આપી છે. તે પૈકી ગોલમેન (Goleman)" લીડરશીપ ધેટ ગેટ્સ રીઝલ્ટસ 2000'' માં છ પ્રકારની નેતૃત્વ શૈલીઓ દર્શાવે છે. આપણે સંક્ષેપમાં તેનો પરિચય કેળવીએ.

1. **પ્રભાવી નેતૃત્વ ( Commanding Leadership**)

આ પ્રકારનું  નેતૃત્વ ધરાવતી વ્યકિત જૂથ પર પોતાનુ સંપૂર્ણ વર્ચસ્વ ધરાવે છે. તત્કાલ નિર્ણયો લઇ લાદે છે. આ પ્રકારના નેતૃત્વનો મુખ્ય મંત્ર "આજ્ઞાનુસાર કરો.'' હોય છે. કટોકટીના સમયે કે તાત્કાલિક પરિણામ મેળવવાની દ્દષ્ટિએ આ પ્રકારનું નેતૃત્વ સફળ હોય છે. આ નેતૃત્વની મુખ્ય વિશેષતા નેતાની પહેલવૃતિ અને સ્વનિયંત્રણ હોય છે. લાંબાગાળે આ પ્રકારનું નેતૃત્વ જૂથના સભ્યોમાં નકારાત્મકતા અને વૈફલ્યની ભાવના લાવે છે.

2. **લોકશાહી નેતૃત્વ ( Democratic Leadership)**

આ પ્રકારનુ નેતૃત્વ ધરાવતી વ્યકિત જૂથના સભ્યોની સહભાગીદારી અને સંમંતિ સાથે આગળ વધે છે. સૌના મૂલ્યવાન અભિપ્રાયો મેળવીને નિર્ણયો લે છે. આ પ્રકારના નેતૃત્વનો મુખ્ય મંત્ર "આ સમસ્યાના ઉકેલ સંદર્ભે આપ શુ માનો છો?'' હોય છે. આ પ્રકારનું નેતૃત્વ લાંબાગાળાના ઉદેશ્યની પ્રાપ્તિ માટે સફળ રહે છે. અલબત નિર્ણય અને પરિણામની પ્રક્રિયા ધીમી છતાં ચોકકસ હોય છે. આ નેતૃત્વની મુખ્ય વિશેષતા સહભાગીદારીપણું, જૂથનેતૃત્વ અને અસરકારક પ્રત્યાયન છે.

3. **દૂરંદેશી નેતૃત્વ ( Visionary Leadership)**

આ પ્રકારનું નેતૃત્વ ધરાવતી વ્યકિત ચોકકસ દિશા સાથે કામ કરે છે. ભાવિ લક્ષ્યાંકો તેના મગજમાં સ્પષ્ટ  હોય છે અને જૂથને પણ તે સ્પષ્ટપણે સમજાવે છે. સ્પષ્ટ સમજણ સાથે જૂથ લક્ષપ્રાપ્તિ માટે ગતિશીલ બને તેવા પ્રયત્નો કરે છે. આ પ્રકારના નેતૃત્વનો મુખ્ય મંત્ર " આવો સાથે મળીને કરીએ'' હોય છે. આ પ્રકારના નેતૃત્વની મુખ્ય વિશેષતા આત્મવિશ્વાસ, સમાનુભૂતિ  અને પારદર્શકતા છે. પરિવર્તનશીલ સમાજમાં નવી સમજણ વિકસાવવી હોય ત્યારે આ પ્રકારનું નેતૃત્વ કારગત નીવડે છે.

**4. જોડાણવાદી નેતૃત્વ (Affinitive Leadership)**

આ પ્રકારનું નેતૃત્વ ધરાવતી વ્યક્તિ જૂથમાં સુસંવાદિતા ઊભી કરી સકારાત્મક ભાવાવરણનું નિર્માણ કરે છે. જૂથના સભ્યોને સાથે રાખી અપેક્ષિત લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવાનો સફળ પ્રયત્ન કરે છે.તેનો મુખ્ય મંત્ર જૂથના સભ્યો થકી લક્ષ્ય પ્રાપ્તિ કરવાનો હોય છે. આ પ્રકારના નેતૃત્વની મુખ્ય વિશેષતા આંતરવૈયક્તિક સંબધો, સમાનુભૂતિ અને ટીમ બિલ્ડીંગ છે. અહીં જૂથના સભ્યો આગળ અને નેતા પાછળ

હોય છે. તનાવયુક્ત સ્થિતિમાં કામ કરતી વખતે કે જૂથને પુનર્ગઠીત કરતી વખતે આ પ્રકારનું નેતૃત્વ સકારાત્મક પરિણામ આપે છે.

**5. પ્રગતિશીલ નેતૃત્વ (Pacesetting leadership)**

આ પ્રકારનું નેતૃત્વ ધરાવતી વ્યક્તિ કર્તૃત્વ માટેના ઊંચા ધોરણો પ્રસ્થાપિત કરે છે. આ પ્રકારના નેતૃત્વની મુખ્ય વિશેષતા સભાનતાપૂર્વક ધીમી ગતિએ લક્ષ્ય પ્રાપ્તિ કરવાનો છે. નેતા અગ્રીમ હરોળથી કર્તૃત્વ નું ઉદાહરણ પૂરું પાડી, તે પ્રમાણે જૂથને કાર્ય કરવા પ્રેરિત કરે છે. આ પ્રકારના નેતાનો મુખ્ય મંત્ર 'હું કરું છું' તેમ કરવા પ્રેરે છે. જૂથ પાસેથી ઉત્કૃષ્ટ પરિણામો મેળવવા આ પ્રકારનું નેતૃત્વ સકારાત્મક પરિણામો મેળવે છે.

**6. માર્ગદર્શક નેતૃત્વ (Coaching Leadership)**

ભાવિ લક્ષ્યાંકો માટે જૂથના સભ્યોને તૈયાર કરવા આ પ્રકારની નેતૃત્વ શૈલી ઉપયોગમાં લેવાય છે. અહીં નેતા ભવિષ્યના લક્ષ્યાંકોની પ્રાપ્તિ માટે જૂથને કૌશલ્યપૂર્ણ રીતે તૈયાર કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારના નેતૃત્વનો મુખ્ય મંત્ર 'પ્રયત્ન કરી જૂઓ' કે 'અજમાવી જૂઓ' છે. કોર્પોરેટ જગતમાં લાંબાગાળા માટે ગુણવત્તાસભર કર્મચારીઓ તૈયાર કરવા આ પ્રકારનું નેતૃત્વ ઉપયોગી છે. અહીં નેતા મેન્ટરની ભૂમિકામાં હોય છે. નેતાના પ્રયત્નો થકી જૂથના સભ્યોનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ સફળતાની પ્રાપ્તિ માટે પ્રતિબદ્ધ બને છે.

**પ્રગતિ ચકાસીએ:**

1. ગોલમેનના મતે નેતૃત્વ શૈલીઓ કઈ છે?
2. કેલ્વીનના મતે નેતૃત્વ શૈલીઓ જણાવો.

## 4.3 પરિવર્તન માટેનું નેતૃત્વ

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. શાલેય ગુણવત્તા સુધારણા સંદર્ભે ચોક્કસ કામગીરી કરવી હોય તો શાળા સંકુલના વિવિધ વિભાગોમાં પરિવર્તન આવશ્યક બને છે. આથી જ, આધુનિક સમયમાં પરિવર્તનશીલ નેતૃત્વ વિશે વધુ વાત થાય છે.

### પરિવર્તનશીલ નેતૃત્વ શૈલી/ રૂપાંતરણાત્મક શૈલી (Transformational leadership)

પરિવર્તનશીલ નેતૃત્વમાં દરેક સભ્યને પોતાના લેવલે નિર્ણય લેવાની સત્તા હોય છે. આ શૈલી જૂથના દરેક સભ્યોને નેતૃત્વ કરવા માટેની તક પૂરી પાડે છે. પરિવર્તનશીલ નેતૃત્વ પરિસ્થિતિની માંગ પ્રમાણે કાર્ય કરે છે. પરંતુ તેનામાં પરિસ્થિતિને પલટાવવાની ક્ષમતા હોય છે. જેમાં દરેક સભ્યોને નેતા પર શ્રદ્ધા, વિશ્વાસ, વફાદારી અને માન હોય છે. આ પ્રકારનુ નેતૃત્વ ધરાવનાર પરંપરાગત વિચારોથી બહાર (Out of box thinking) જઈ સંસ્થાના વિકાસ માટે વ્યૂહરચના ઘડી આયોજનબદ્ધ રીતે લક્ષ્યની પ્રાપ્તિ

કરવાનો અભિગમ ધરાવે છે. તે કર્તૃત્વ માટેના નવા માપદંડ સ્થાપી જૂથને તદનુસાર કાર્ય કરવા પ્રેરિત અને માર્ગદર્શિત કરે છે.

આ પ્રકારનો નેતા...

- વિકાસ માટેની દૃષ્ટિ થકી આયોજનબદ્ધ રીતે શાલેય પ્રક્રિયાને ઢાળી શકે છે.
- સંસ્થા અને કર્મચારીઓની સલામતી માટે હેતુપૂર્ણ જોખમો ઉઠાવે છે.
- આસપાસના ભાવાવરણ સાથે સંવેદનશીલ હોય છે અને ચોક્કસ ક્રમિક રીતે પરિવર્તન લાવે છે.
- જૂથના સભ્યોની જરૂરિયાતો પરત્વે સભાન અને સંવેદનશીલ હોય છે.
- નવાચારને સ્વીકારે છે અને જૂથના સભ્યોમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે છે.

આમ, પરિવર્તન આધારિત નેતૃત્વ ધરાવનાર રૂઢિગત માળખાથી જુદી રીતે ધીમી પણ ચોક્કસ ગતિએ જરૂરી જોખમો ખેડીને શાલેય ભાવાવરણમાં પરિવર્તન લાવવા જૂથને સાથે લઇને ચાલે છે અને સફળ થાય છે. આથી જ, પરિવર્તન માટે આ પ્રકારનું નેતૃત્વ વધુ ઇચ્છનીય ગણાય છે. હવે, પ્રશ્ન એ થાય કે સરળતાથી કામ થતું હોય તો શાલેય ભાવાવરણમાં પરિવર્તન લાવવાની જરૂર શું ? Right to Education Act અમલી બનતા ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્તિ એ સૌ બાળકોનો અધિકાર બન્યો છે. આથી ગુણવત્તા પ્રાપ્તિમાં અવરોધક બનતા શાળા કક્ષાના વિવિધ આયામોમાં પરિવર્તન લાવવું અનિવાર્ય જણાય છે. ભાવિ શિક્ષક તરીકે આપણે વર્ગના નેતા હોઇએ, આ પરિવર્તન કેવી રીતે લાવી શકાય તેવી કેટલીક બાબતો સમજી લઇએ.

### 4.3.1 પરિવર્તન પ્રક્રિયા માટેના સોપાનો:

1. શાળા અને સમાજની પરિસ્થિતિનો તાગ મેળવે.
2. શાળા વિકાસ માટે અગ્રતાક્રમ (Priority) નક્કી કરવા ચર્ચા કરે અને Resource શક્યતાઓની તપાસ કરે.
3. શાળા વિકાસ માટેની પ્રવૃત્તિઓને ઓળખે.
4. ઓળખ થયેલી પ્રવૃત્તિઓના હેતુઓ, નીપજ અને સમયગાળો નક્કી કરે.
5. જવાબદારીની વહેંચણી અને ટીમની રચના કરે.
6. શાળા દ્વારા નક્કી કરેલી પ્રવૃત્તિનું અમલીકરણ કરે.
7. મળેલ ફીડબેક પર ચર્ચા અને જરૂર જણાયે ઉપચારાત્મક કાર્ય કરે.
8. આયોજિત થયેલી પ્રવૃત્તિની સિદ્ધિ અને હેતુઓ–નીપજ અંગે ચર્ચા કરે.

આમ, શાળા કક્ષાએ પરિવર્તન માટેનુ નેતૃત્વ એટલે શાલેય ભાવાવરણમાં સકારાત્મક ફેરફાર લાવનાર નેતૃત્વ.

### 4.3.2 શાળા ભાવાવરણ

શાલેય ભાવાવરણ એ વ્યાપક અને બહુઆયામી સંકલ્પના છે. જે વિદ્યાર્થીઓના શાલેય વિકાસ સંબંધિત અનુભવોને સ્પર્શે છે. આચાર્યનું નેતૃત્વ, આચાર્ય – શિક્ષક, શિક્ષક – શિક્ષક, શિક્ષક – વિદ્યાર્થી, શિક્ષક – સમાજ, વિદ્યાર્થી અને સમાજ સાથેના સંબંધો અને ભૌતિક સંસાધનોના ઉપયોગની

બાબતોનો  તેમાં સમાવેશ થાય છે. સકારાત્મક ભાવાવરણ શાલેય પરિવારના સભ્યોની ઉત્કૃષ્ટ કાર્ય કરવા સલામતી અને પ્રેરણા પૂરાં પાડે છે.

શાલેય ભાવાવરણની ગુણવત્તાસભર શિક્ષણ પર અસર થતી હોય છે. ડો. અંજની મહેતાનો અભ્યાસ દર્શાવે છે કે પારિવારીક અને સકારાત્મક ભાવાવરણ શાળા સંકુલના સભ્યોને સલામતી અને મુકત રીતે કાર્ય કરવા પ્રેરે છે. જૂથના સભ્યો લોકશાહી ઢબે મુકત ચર્ચા કરી ગુણવત્તા માટેના ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કરે છે. જયારે નિયંત્રિત અને નકારાત્મક ભાવાવરણ આથી વિપરીત અસર જન્માવે છે.

આમ, શાળા કક્ષાએ નેતાનું મુખ્ય કામ સકારાત્મક ભાવાવરણ નિર્માણ કરવાનું છે. જેથી પ્રગતિશીલ પરિવર્તન માટે દિશા ખૂલે. શાળા કક્ષાએ મુખ્યત્વે નીચેના પ્રકારના ભાવાવરણ જોઈ શકાય છે.

- ➢ મુકત ભાવાવરણ
- ➢ સ્વતંત્ર ભાવાવરણ
- ➢ નિયંત્રિત ભાવાવરણ
- ➢ પરિચિત ભાવાવરણ
- ➢ પૈતૃક ભાવાવરણ
- ➢ બંધિયાર ભાવાવરણ

## 4.4 સારાંશ

પ્રસ્તુત પ્રકરણમાં આપણે નેતૃત્વની સંકલ્પના અને શૈલીઓને જાણી ગુણવત્તાસભર શિક્ષણની પ્રાપ્તિ માટે જરૂરી પરિવર્તનો કરવામાં નેતૃત્વની શું ભૂમિકા હોય તે જાણ્યું. નેતા પરિવર્તન કેવી રીતે લાવી શકે તે પ્રક્રિયાની સમજણ મેળવી, પરિવર્તન માટેના વ્યવસ્થા તંત્રનો પરિચય કેળવી, પરિવર્તન થકી સિધ્ધિ પ્રાપ્તિના સૂત્રોને સમજવાનો પ્રયત્ન કર્યો.

## 4.5 સ્વાધ્યાય

**પ્રશ્ન:1 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

1. પરિવર્તન પ્રક્રિયાના કેટલા સોપાનો છે?
2. કર્ટ લેવીનની નેતૃત્વની ત્રણ મુખ્ય શૈલી જણાવો.
3. પ્રભાવી નેતૃત્વનો મુખ્ય મંત્ર શું છે ?
4. ગોલ્મેને નેતૃત્વની શૈલીના કેટલા પ્રકારો આપ્યા છે ?
5. ભાવાવરણના પ્રકારો જણાવો.

**પ્રશ્ન 2 ટૂંકમાં જવાબ આપો.**

1. લોકશાહી  નેતૃત્વ એટલે શું ?
2. પરિવર્તનશીલ નેતૃત્વ ધરાવતા નેતાના લક્ષણો જણાવો.

**પ્રશ્ન :3 નીચેના પ્રશ્નોના વિગતે જવાબ આપો.**

1. નેતૃત્વની વ્યાખ્યા આપી તેની સંકલ્પના સમજાવો.
2. નેતૃત્વની ગોલ્મેને આપેલી શૈલીઓ જણાવો.તેમાંની કોઇ એકની ચર્ચા કરો.
3. પરિવર્તન માટેનું નેતૃત્વ એટલે શું? પરિવર્તનના સોપાનોની ચર્ચા કરો .

## 4.6 પ્રોજેક્ટકાર્ય

ઈન્ટર્નશીપ દરમિયાન શાળાના આચાર્યની કામગીરીનું અવલોકન કરી તેની નેતૃત્વ શૈલી નક્કી કરો તેમજ તેના ગુણોની યાદી નોંધો અને અહેવાલ તૈયાર કરો.

## 4.7 સંદર્ભસૂચિ:


ડૉ.અંજનીબહેન મહેતા (2003) , સંસ્થાકીય ભાવાવરણ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

પ્રા.આર.એસ.ત્રિવેદી (2002), નેતૃત્વ દર્શન, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

ડૉ.હરિભાઇ એસ.પટેલ (2004) , કાર્યાલય વ્યવસ્થાપન ,ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

હેડ ટીચર સોફ્ટ સ્કિલ તાલીમ મોડ્યુલ, જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર.

Module of school leadership, NUPA, New Delhi

www.mindtools.com

Leadership that gets results 2000

# એકમ – 5

# શિક્ષણમાં ફેરફાર લાવનાર તંત્રો

**હેતુઓ :**

1. **પ્રશિક્ષણાર્થીઓ ભારતીય શિક્ષણ વ્યવસ્થાના બંધારણ અને પ્રક્રિયાઓથી પરિચિત થાય.**

**પ્રકરણની રૂપરેખા**

5.0 પ્રસ્તાવના

5.1 શૈક્ષણિક યોજનાઓ અને કાર્યક્રમની સંકલ્પના

5.2 શિક્ષણમાં સહાયક વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમો

- 5.2.1 શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ
- 5.2.2 વિદ્યાલક્ષ્મી બોન્ડ
- 5.2.3 મધ્યાહન ભોજન યોજના
- 5.2.4 વિદ્યાદીપ યોજના
- 5.2.5 શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

5.3 સર્વ શિક્ષા અભિયાન અંતર્ગતની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો

- 5.3.1 National Programme For Education Of Girls At Elementary Level (NPEGEL)
- 5.3.2 Kasturaba Gandhi Balika Vidhyalay (KGBV)
- 5.3.3 Advancement of Educational Performance Through Teachers Support (ADEPTS)
- 5.3.4 Building As Learning Aid (BALA)

5.4 અન્ય શિક્ષણ સહાયક યોજનાઓ અને કાર્યક્રમ

- 5.4.1 ગુણોત્સવ
- 5.4.2 દૂરવર્તી શિક્ષણ
- 5.4.3 ઈન્સ્પાયર એવોર્ડ યોજના

5.5 સારાંશ

5.6 સ્વાધ્યાય

5.7 સંદર્ભ સૂચિ

# એકમ – 5
## શિક્ષણમાં ફેરફાર લાવનાર તંત્રો

### 5.0 પ્રસ્તાવના :–

રાષ્ટ્રીય દર્શન અને જરૂરિયાતોના પરિપ્રેક્ષ્યમાં રચાયેલ શિક્ષણમાં ધ્યેયોને પ્રાપ્ત કરવા સરકાર દ્વારા વખતોવખત શિક્ષણની નીતિ તૈયાર કરવામાં આવે છે. શિક્ષણનીતિ અંતર્ગત લક્ષ્યાંકની પ્રાપ્તિ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે છે. આ યોજનાઓ અને કાર્યક્રમો શિક્ષણને અદ્યતન બનાવવા જરૂરી છે. તેના અમલથી અપેક્ષિત ફેરફારો પ્રાપ્ત કરી શકાય છે. શિક્ષણના વ્યવસાયમાં પદાર્પણ કરતાં શિક્ષકો પણ આ યોજનાઓ અને કાર્યક્રમોને સમજી શિક્ષક બન્યા બાદ તેનો સફળ અમલ કરી સૌના માટે ગુણવત્તાસભર શિક્ષણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં સહભાગી બને તે હેતુથી શિક્ષણમાં ફેરફાર લાવનાર યોજનાઓ અને કાર્યક્રમોની ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવી છે.

### 5.1 શૈક્ષણિક યોજનાઓ અને કાર્યક્રમની સંકલ્પના :–

શૈક્ષણિક નીતિઓમાં પૂર્વનિર્ધારિત હેતુઓની સિદ્ધિ અર્થે અમલીકરણમાં મૂકવાના સુઆયોજિત પ્રયત્નોને યોજના કહે છે. આ યોજનાના સુચારૂ અમલીકરણ માટે વિવિધ સૂચનોને સુવ્યવસ્થિત અને ચોક્કસક્રમમાં ગોઠવી અમલીકરણ કરવાની તરકીબ ને કાર્યક્રમ કહે છે. જેમ કે સૌના માટે ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા " સર્વ શિક્ષા અભિયાન " નામની યોજના વર્ષ 2001થી અમલમાં છે. આ યોજના અંતર્ગત વ્યવસ્થિત રીતે શાળા પ્રવેશોત્સવ જેવા અનેકવિધ ક્કાર્યક્રમ થાય છે. આમ યોજના અને કાર્યક્રમની સ્પષ્ટ સમજ મેળવ્યા બાદ હવે આપણે સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનો પરિચય મેળવીએ.

### 5.2 શિક્ષણમાં સહાયક વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમો :–

#### 5.2.1 શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી રથ :

વર્ષ 1998–99થી શરૂ થયેલ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ 100% નામાંકન, 100% સ્થાયીકરણ અને ગુણવત્તાસભર શિક્ષણના સર્વવ્યાપીકરણનો છે. આ કાર્યક્રમ અંતર્ગત નવા દાખલ થયેલ બાળકોને તે દિવસે શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. તેમજ શાળા છોડી ગયેલા બાળકોને શાળામાં પુન:પ્રવેશ આપવાની કામગીરી પણ કરવામાં આવે છે. સરકારની અનેકવિધ યોજનાઓની જાણકારી અને દિન–પ્રતિદિન ઘટતા જતા સ્ત્રી–પુરુષના અપ્રમાણસર જન્મદરના ગુણોત્તરને પ્રમાણસર કરવા માટે સ્ત્રીભૃણ હત્યા અને બેટી બચાવો વિશે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવે છે. કન્યા કેળવણીના વિકાસાર્થે તેમજ શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવા માટે આ કાર્યક્રમની છેલ્લા દસ વર્ષની શિક્ષણયાત્રાને સમાજના દરેક સ્તરના લોકોએ સહર્ષ સ્વીકાર કર્યોછે. વર્ષ 2002-03ના શૈક્ષણિક વર્ષથી તમામ સ્તરેથી અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ આ કાર્યક્રમમાં સક્રિય રીતે જોડાયા છે.

આ કાર્યક્રમની ઉજવણીના દિવસે ડોર ટુ ડોર સર્વેમાં નામાંકિત થયેલા બાળકોને વાજતે–ગાજતે પ્રવેશ આપવામાં આવે છે. શાળા પોતાના આયોજન અનુસાર શણગારેલ બળદગાડું, ઊંટગાડી,

ટ્રેક્ટર,ઘોડાગાડી વગેરેમાં પ્રવેશપાત્ર બાળકોને બેસાડીને સંગીતના સાધનો સાથે રેલી કાઢવામાં આવે છે. સુશોભિત શાળાના પ્રવેશદ્વારે વિદ્યાર્થીઓની રેલી આવતા તેઓને ગામના અગ્રણી નાગરિકો, અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા ટોપી પહેરાવી કુમ–કુમ તિલક કરી આવકારવામાં આવે છે. ગ્રામજનો અને વાલી મંડળના સભ્યોની હાજરીમાં ચોકલેટ, બિસ્કીટ કે મીઠાઇ વડે મોં મીઠું કરાવવામાં આવે છે. લોક સહકારથી શાળાએ મેળવેલ દફ્તર, સ્કૂલબેગ, પાટી–પેનનું વિતરણ કરવામાં આવે છે. ગ્રામજનો અને વાલીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોથી માહિતગાર કરવામાં આવે છે. પ્રવેશ પામેલ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. અધિકારીઓ અને પદાધિકારીઓ ગ્રામજનો સાથે ગામના પડતર પ્રશ્નો અને વિકાસના પ્રશ્નોની ચર્ચા કરી તેના ત્વરીત ઉકેલ માટેનું માર્ગદર્શન આપે છે. આમ, આ કાર્યક્રમ પ્રવેશોત્સવની સાથે ગ્રામવિકાસનો કાર્યક્રમ પણ બની ગયો છે.

જૂન માસમાં ઉજવાતા આ કાર્યક્રમ માટે શાળા કક્ષાએ ચોકસાઈ પૂર્વકનું આયોજન કરવામાં આવે છે.

- શાળાના આચાર્ય અને શિક્ષકો ડોર ટુ ડોર સર્વે કરી પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરે છે તેમજ શાળા છોડી ગયેલ બાળકોની યાદી પણ તૈયાર કરે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ગામના અગ્રગણ્ય નાગરિકોની મદદથી વાલીઓને પોતાના બાળકોને પ્રવેશ અપાવવા સમજાવવામાં આવે છે.
- આ માટે આંગણવાડી કાર્યકરોની મદદ પણ લેવામાં આવે છે.
- દરેક ગામમાં શાળાના આચાર્ય, ગામના આગેવાનો સીઆરસી કો–ઓર્ડિનેટર્સ તથા શિક્ષકો અને એસ.એમ.સી.ના સભ્યો સાથે મળી આયોજન કરે છે.
- બાળકોને દફ્તર, પાટી–પેન, નોટબુક, રમકડાં જેવી ભેટ તથા મીઠાઈ આપી શકે તે માટે અગાઉથી સંપર્ક કરી દાતાઓ તૈયાર કરવામાં આવે છે.
- પ્રચાર–પ્રસાર માટે ગામમાં અને શાળાના પ્રવેશદ્વાર પાસે શાળા પ્રવેશોત્સવનું બેનર લગાવવામાં આવે છે.
- પ્રવેશોત્સવની તારીખ, અધિકારીઓ–પદાધિકારીઓના રૂટ તેમજ પ્રવેશોત્સવના દિવસની વૈવિધ્યપૂર્ણ ઉજવણી સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા વિડિયો કોન્ફરન્સ અને ટેલીકોન્ફરન્સ યોજાય છે અને આયોજન સંબંધિત જરૂરી માર્ગદર્શક સૂચનાઓ ઈ–મેઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા આપવામાં આવે છે.

**શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ કાર્યક્રમના સફળ અમલીકરણને લીધે.....**

- કન્યાઓ અને કુમારોનો નામાંકન દર વધ્યો છે.
- 6 થી 14 વર્ષના તમામ બાળકો પ્રવેશ પામ્યાં છે.
- શાળા અને ગામ વચ્ચેનો સંપર્ક વધતાં ગ્રામજનોનો લોકસહકાર વધુ પ્રાપ્ત થયો છે.
- ડ્રોપ આઉટ રેટ ઘટ્યો છે. અર્થાત શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ વધ્યું છે.
- ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ મેળવવાના બાળ અધિકાર પ્રત્યે જાગૃતિ આવી છે.

- શાળા ગ્રામવિકાસના પ્રશ્નોના ઉકેલ અંગેનું માર્ગદર્શન કેન્દ્ર બનતા શાળા થકી ગ્રામવિકાસ શક્ય બન્યો છે
- સરકારશ્રી દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો જન–જન સુધી પહોંચાડવામાં આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી અને સફળ પૂરવાર થયો છે.

### 5.2.2 વિદ્યાલક્ષ્મી બોન્ડ :

વર્ષ 2002 થી અમલમાં મૂકાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાએ કન્યા કેળવણીને પ્રેરકબળ પૂરું પાડનારી યોજના છે. વર્ષ 2002માં પ્રસિદ્ધ થયેલ સાક્ષરતા દરના સર્વેક્ષણમાં ગુજરાત રાજ્ય ભારતમાં પુરૂષ સાક્ષરતાની દ્રષ્ટિએ 15માં ક્રમે અને સ્ત્રી સાક્ષરતામાં 21માં ક્રમે હતું. રાજ્યના વિકાસ માટે મહત્વના ગણાતા આ માપદંડમાં અગ્રેસર થવા રાજ્ય સરકાર દ્વારા કન્યાઓને આર્થિક અનુદાન થકી પ્રોત્સાહકબળ આપતી આ યોજના ઉદ્દ્ભવી. 35% કરતાં ઓછી સ્ત્રી–સાક્ષરતાવાળા ગામોમાં ધોરણ – 1માં 100% કન્યાઓનું નામાંકન થાય અને નવીન પ્રવેશ મેળવનાર ધોરણ–8 સુધી અભ્યાસ ચાલુ રાખે તે માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે. ધોરણ–1માં પ્રથમ વખતે શાળા–પ્રવેશ મેળવનાર દસ કન્યાને 2000/– રૂપિયાની રકમ બોન્ડ રૂપે આપવામાં આવે છે. ધોરણ–8 પાસ કરે ત્યારે બોન્ડની રકમ વ્યાજ સહિત કન્યાને આપવામાં આવે છે. જે તેના ઉચ્ચ અભ્યાસ માટે પ્રેરક બની રહે છે. શહેરી વિસ્તારમાં ગરીબી રેખા (BPL) હેઠળના કુટુંબોની કન્યાઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ કાર્યક્રમ દરમિયાન જ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.

**શાળાકક્ષાએ આ યોજનાને લીધે.....**

- કન્યાઓનો નામાંકન દર વધ્યો.
- કન્યાઓના સ્થાયીકરણનો દર વધ્યો.
- કન્યા કેળવણી પ્રત્યે વાલીઓ અને સમાજમાં જાગૃતિ આવી.

**<u>પ્રગતિ ચકાસીએ :–</u>**

1. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પ્રતિવર્ષ ક્યા માસમાં યોજાય છે ?
2. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ કાર્યક્રમમાં કઈ–કઈ વ્યક્તિઓ જોડાય છે ?
3. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ કાર્યક્રમમાં પ્રારંભમાં શું કરવામાં આવે છે ?
4. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
5. વિદ્યાલક્ષ્મી બોન્ડનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
6. વિદ્યાલક્ષ્મી બોન્ડ કોને પ્રાપ્ત થાય છે ?
7. વિદ્યાલક્ષ્મી બોન્ડના નાણાં કન્યાને ક્યારે પ્રાપ્ત થાય છે ?

**ઈન્ટર્નશીપ દરમિયાન હાથ ધરવાની પ્રવૃત્તિઓ**

1. તમારી શાળામાં ધોરણ 1માં પ્રવેશ પામેલ કુમાર અને કન્યાઓના નામાંકનની છેલ્લાં 05 વર્ષની વિગતો મેળવી તુલનાત્મક આલેખ તૈયાર કરો.
2. 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' પ્રાપ્ત કરનાર સફળ કન્યાઓની માહિતી શાળાના આચાર્ય પાસેથી મેળવો.
3. શાળા 'પ્રવેશોત્સવ' અને 'કન્યાકેળવણી રથ' આયોજન, અમલીકરણની પ્રક્રિયા શાળાના આચાર્ય પાસેથી સમજી વિસ્તૃત નોંધ તૈયાર કરો.

### 5.2.3 મધ્યાહ્ન ભોજન યોજના :

પ્રસિદ્ધ ઉક્તિ છે કે, " સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે. " સ્વસ્થ શરીરનો મુખ્ય આધાર પોષણક્ષમ આહાર પર રહેલો છે. સરકારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુથી રાષ્ટ્રીય કક્ષાએ 1982 થી મધ્યાહ્ન ભોજન યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી. નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ધોરણ – 1 થી 5 માં ભણતા વિદ્યાર્થીઓને પ્રતિદિન 450 ગ્રામ કેલેરી તથા 15 ગ્રામ પ્રોટીન અને ધોરણ – 6 થી 8 માં ભણતા વિદ્યાર્થીઓને પ્રતિદિન 700 ગ્રામ કેલેરી અને 20 ગ્રામ પ્રોટીન મળી રહે તે રીતે વાર્ષિક 200 દિવસ સુધી ફરજિયાત મધ્યાહ્ન ભોજન આપવું. ગુજરાતમાં પણ 1984 થી કમિશ્નર, શાળાઓની કચેરીના નેતૃત્વ હેઠળ મધ્યાહ્ન ભોજન યોજના અમલીકૃત બની. આ યોજના અંતર્ગત શાળામાં મધ્યાહ્ન ભોજન સંચાલકને ધોરણ – 1 થી 5 ના પ્રતિ વિદ્યાર્થી દીઠ 180 ગ્રામ અને ધોરણ – 6 થી 8 માં 265 ગ્રામ ખાદ્ય સામગ્રી પ્રાપ્ત થાય છે. નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી મધ્યાહ્ન ભોજન યોજના(MDM) ની સઘન દેખરેખ હેઠળ આ યોજના શાળાકક્ષાએ સફળતા પૂર્વક કાર્યરત છે.

**મધ્યાહ્ન ભોજન યોજનાને લીધે,**

- વિદ્યાર્થીઓની હાજરીમાં વધારો થયેલ છે.
- નામાંકન દરમાં વૃદ્ધિ થઈ છે.
- ડ્રોપ આઉટ રેટ ઘટ્યો છે.
- ગરીબીની રેખા નીચે જીવતાં વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય છે.

**મધ્યાહ્ન ભોજન યોજનાના અસરકારક અમલીકરણ માટે શાળા કક્ષાએ ધ્યાનમાં રાખવાની બાબતો :**

- પૂર્વ નિર્ધારિત મેનુ અનુસાર વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યવર્ધક પોષણક્ષમ ગરમ આહાર મળે તેનું ધ્યાન રાખવું.
- સંચાલક દ્વારા ભોજનશાળા, શેડ તથા વાસણોની સ્વચ્છતા રહે તેની દેખ–રેખ રાખવી.
- મધ્યાહ્ન ભોજન સંચાલક દ્વારા વાપરવામાં આવતી ભોજન સામગ્રી પોષક અને ગુણવત્તાયુક્ત હોય તેની ખાતરી કરવી.

- મધ્યાહ્ન ભોજન સંચાલક દ્વારા દરેક બાળકને તેઓની જરૂરિયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ભોજન મળી રહે તેવું આયોજન કરવું.
- જો સંચાલક, રસોયા કે મદદનીશ આ યોજનાના અમલમાં યોગ્ય કાળજી ન લેતા હોય તો તેઓને સમજાવવા અથવા આ અંગેની જાણ ઉપલી કક્ષાએ કરવી.

**5.2.4 વિદ્યાદીપ યોજના :**

ગુજરાત રાજ્યમાં 26મી જાન્યુઆરી, 2001ના રોજ મહાવિનાશકારી ભૂકંપ થયો હતો. તેમાં ખૂબ જ મોટી સંખ્યામાં બાળકો અને શિક્ષકો મૃત્યુ પામ્યાં હતા. આ મહાવિનાશકારી ભૂકંપનો ભોગ બનેલા બાળકોની સ્મૃતિમાં રાજ્ય સરકારે વિદ્યાદીપ યોજના અમલમાં મૂકી છે. શાળામાં ભણતાં બાળકોનું અકસ્માતે મૃત્યુ થાય ત્યારે તેનાં માતા–પિતા કે વાલીને આકસ્મિક_આપત્તિમાં મદદરૂપ થવા માટેનો પ્રજાધર્મ બજાવવાનો સરકારનો હેતુ આ યોજના દાખલ કરવા પાછળનો છે. રાજ્યની પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને 24 કલાકનું વીમાકવચ આ યોજના અંતર્ગત આપવામાં આવે છે. અકસ્માતે મૃત્યુ પામતાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીના વાલીને રૂ. 25000 તથા માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીના વાલીને રૂ. 50000ની વીમાની રકમ ચૂકવવામાં આવે છે. વિદ્યાદીપ વીમા યોજનાના પ્રીમિયમની 100% રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે.

**5.2.5 શાળા–આરોગ્ય તપાસણી કાર્યક્રમ :**

ગુજરાત રાજ્યને દેશમાં સર્વપ્રથમ ખાસ શાળા–આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. રાજ્ય સરકારે પ્રાથમિક શાળાના બાળકો અને આંગણવાડી કેન્દ્રોનાં ભૂલકાંઓની આરોગ્યની તમામ જવાબદારી ઉપાડી લીધી છે.

આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો તેમજ આંગણવાડીમાં આવતાં બાળકોને તેમજ સંજોગવશાત શાળાએ ન જતાં બાળકો માટે શાળા – આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ કરેલ છે. આ કાર્યક્રમમાં નવજાત શિશુથી 14 વર્ષ સુધીની ઉંમરનાં તમામ બાળકોના આરોગ્યની જવાબદારી રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નિભાવવામાં આવે છે. બાળકોમાં પાંડુરોગ જેવી સામાન્ય બીમારીઓથી માંડી હ્રદય, કિડની અને કેન્સર જેવી ગંભીર બીમારીઓની સારવાર રાજ્યમાં તેમજ રાજ્ય બહારની ખ્યાતનામ હોસ્પિટલોમાં વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત પ્રતિ વર્ષે અંદાજે એક કરોડ જેટલાં બાળકોની આરોગ્યની તપાસણી કરવામાં આવે છે.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તબીબી અધિકારીઓ આયોજન મુજબ શાળાઓમાં જાય છે અને બાળકોની આરોગ્ય તપાસણી કરે છે. આ અંગેની નોંધ રજિસ્ટરમાં કરવામાં આવે છે. આ તપાસ દરમ્યાન ખામીવાળાં બાળકોને તબીબો દ્વારા જરૂરી દવાઓ સ્થળ પર જ આપવામાં આવે છે. જે બાળકોને વિશિષ્ટ તબીબી ચિકિત્સાની સેવાની જરૂર છે તેવાં બાળકોને જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં મોકલી અપાય છે. જ્યાં નિષ્ણાત તબીબો દ્વારા સારવાર આપવામાં આવે છે. જે બાળકોને દ્રષ્ટિની ખામી હોય તેવાં બાળકોને વિના મૂલ્યે ચશ્માં પૂરા પાડવામાં આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનિસેફ, યુનેસ્કો અને વિશ્વ બેંકના સહકારથી " આરોગ્યવર્ધક શાળા કાર્યક્રમ "નો પાયલોટ પ્રોજેક્ટ દેશમાં પ્રથમવાર ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો છે. તેથી જ નિ:શંકપણે કહી શકાય કે શાળા – આરોગ્ય તપાસણી કાર્યક્રમ આપણાં ગુજરાતનો ગૌરવવંતો કાર્યક્રમ છે.

### 5.3 સર્વ શિક્ષા અભિયાન અંતર્ગતની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો :

સર્વશિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. 6 થી 14 વર્ષના તમામ બાળકોને ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનાં મુખ્ય આશય સાથે શરૂ થયેલ આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનું નાણાકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ દ્વારા કરવામાં આવેલ છે. **આમ સર્વ શિક્ષા અભિયાન (SSA) એટલે....**

- પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ચોક્કસ સમયરેખાનો કાર્યક્રમ.
- સમગ્ર દેશમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણની માંગનો પ્રતિભાવ.
- પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટેની તક ઊભી કરવાનો પ્રયાસ.
- પ્રારંભિક શિક્ષણ સંસ્થાઓના વહીવટ કે વ્યવસ્થાપન ક્ષેત્રે પાયાના સ્તરે સંસ્થાઓ, પંચાયતીરાજ સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ, ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની શિક્ષણ સમિતિઓ, સ્વાયત્ત સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવાનો પ્રયાસ.
- દેશભરમાં પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે રાજકીય સંકલ્પ.
- કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકાર વચ્ચેની ભાગીદારી.
- મૂળભૂત શિક્ષણ અંગે રાજ્યોના આગવા ખ્યાલ વિકસાવવા માટેની તકોનું નિર્માણ.

વર્ષ 2002થી ગુજરાતમાં અમલીકૃત બનેલ સર્વ શિક્ષા અભિયાન નીચેના હેતુઓને સાકાર કરવા કાર્યરત છે.

1. 6 થી 14 વર્ષની વયજૂથના તમામ બાળકોનું નામાંકન થાય.
2. શાળા પ્રવેશ પામેલા તમામ બાળકો આઠ ધોરણ સુધીનું ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે.
3. શાળા બહારના બાળકો વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય.
4. પ્રાથમિક શિક્ષણમાં લોકભાગીદારી વધે.
5. શાળા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારોમાં નવી શાળાની સ્થાપના કરવી.
6. શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી.
7. શિક્ષકોની અછત હોય તેવી શાળાઓમાં વધારાના શિક્ષકોને મૂકવા.
8. શિક્ષકોની સજ્જતા વધારવા માટે તાલીમ કાર્યક્રમ તથા અધ્યયન – અધ્યાપન સામગ્રી વિકસાવવી.

9. કન્યાઓ તથા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જીવન કૌશલ્ય આધારિત ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરું પાડવું.

ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે તે પૈકી કેટલાંકનો પરિચય મેળવીએ.

### 5.3.1 NPEGEL (National Programme For Education Of Girls At Elementary Level) :

રાજ્યના શૈક્ષણિક રીતે પછાત વિસ્તારોમાં કન્યા શિક્ષણને વેગ આપવા માટે **"નેશનલ પ્રોગ્રામ ફોર એજ્યુકેશન ઓફ ગર્લ્સ એટ એલિમેન્ટરી લેવલ"** શરૂ કરવામાં આવ્યો. પ્રારંભિક શિક્ષણ સ્તરે કન્યાઓ માટેના " રાષ્ટ્રીય કાર્યક્રમ " તરીકે પણ તે ઓળખાય છે. ટૂંકમાં SSAના નેજા હેઠળ કન્યા કેળવણીના સ્પષ્ટ ઘટક તરીકે ધોરણ – 1 થી 8 ની તક અને સુવિધાઓથી વંચિત જૂથોની કન્યાઓના શિક્ષણ માટે NPEGEL અમલમાં છે.

આ કાર્યક્રમના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

1. કન્યાઓના શિક્ષણના પડકારને પહોંચી વળે તેવા સક્ષમ અને ગતિશીલ માળખાની રચના કરવી.
2. સ્ત્રીઓ તથા કન્યાઓમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનનું સિંચન થાય તે માટે સમગ્ર શિક્ષણતંત્રે સકારાત્મક અને નાવીન્યતાપૂર્ણ ભૂમિકા ભજવવી.
3. કન્યાઓના શિક્ષણ માટે સમુદાયોનો સહયોગ ઊભો કરવો અને શાળા, સમુદાય તેમજ ઘરમાં પરિણામલક્ષી વાતાવરણ ઊભુ કરવું.
4. પ્રારંભિક સ્તરે કન્યાઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સઘન પ્રયાસો કરવા.

**NPEGEL કાર્યક્રમના અમલીકરણની વ્યૂહરચના નીચે પ્રમાણે છે.**

- રાજ્ય સ્તરે NPEGEL માટે અમલીકરણ સંસ્થા તરીકેની કાર્યવાહી SSAની રાજ્ય અમલીકરણ સોસાયટી દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સ્તરે એક **'જેન્ડર કો–ઓર્ડિનેટર'** નિયુક્ત કરવામાં આવે છે. જ્યાં મહિલા સામખ્ય કાર્યક્રમ ચાલી રહ્યો હોય તેવા રાજ્યોમાં તેઓનો ઉપયોગ કરવામાં આવે છે.
- જિલ્લા સ્તરે NPEGELનો વહીવટ ડિસ્ટ્રીક્ટ જેન્ડર યુનિટ સંભાળે છે. આ એકમ દ્વારા જિલ્લા સ્તરે ઘટકના તમામ પાસાઓનું નિરીક્ષણ અને સંકલન કરવામાં આવે છે. આ સિવાય તેઓ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અને બિનસરકારી સંગઠનો સાથે સુમેળ સાધવાનો પ્રયત્ન કરે છે. જિલ્લા સ્તરે 'ડિસ્ટ્રીક્ટ જેન્ડર કો–ઓર્ડિનેટર કમિટી' બનાવવામાં આવેલ છે, તેમાં SSAનું જેન્ડર ઘટક, અમલીકરણ અને સંચાલનની જવાબદારી સ્વીકારી વર્ષમાં ઓછામાં ઓછા બે વખત મળશે.
- તાલુકા સ્તરે રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરની મદદ લઈને, કો–ઓર્ડીનેટર વ્યૂહરચનાના અમલ માટે શૈક્ષણિક વહીવટદારો અને શિક્ષકોની તાલીમનું સંકલન, કન્યાઓના નામાંકન,

સ્થાયીકરણ અંગેનું સંચાલન સંભાળે છે. તેમજ ડિસ્ટ્રીક્ટ જેન્ડર યુનિટ સાથેના સંકલનથી તાલુકા કોર ગૃપની જવાબદારી સંભાળે છે. કોર ગૃપની પસંદગી બે સ્તરે કરવામાં આવે છે.

1. કો–ઓર્ડિનેટર – 1 (શિક્ષકોમાંથી પસંદગી)
2. સંસાધન વ્યક્તિ – 1 (શિક્ષકોમાંથી પસંદગી)

NRG કન્યાઓના શિક્ષણ અંગેની નીતિ વિષયક બાબતો અંગે ભારત સરકારને સલાહ સૂચન કરે છે. આ જૂથ સાથે સલગ્ન સંસ્થાઓએ કે વિશેષજ્ઞોની બનેલી પેટા સમિતિઓની સાથે મળીને તાલીમ અને સંશોધન સંસ્થાઓ, શિક્ષણકારો અને બિન સરકારી સંસ્થાઓ સાથે વાટાઘાટો કરી, કન્યાઓની કેળવણી આપવા અંગેના તેમના અનુભવોને સામેલ કરે છે.

**5.3.2 KGBV (Kasturaba Gandhi Balika Vidhyalay):**

(પ્રકરણ 3માં આ અંગે વિગતે ચર્ચા કરવામાં આવેલ છે.)

**5.3.3 એડપ્ટસ (ADEPTS) :**

ADEPTSનું પૂરું નામ ' Advancement Of Educational Performance Through Teachers Support ' અર્થાત 'શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ' છે. SSA દ્વારા અમલમાં મૂકાયેલ આ કાર્યક્રમની મદદથી શિક્ષક શાળા કક્ષાએ કરેલ વિવિધ ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓની અભિવ્યક્તિ સમાજ સમક્ષ કરી સ્વવિકાસ કરી શકે છે. ADEPTS કાર્યક્રમ સૌ પ્રથમ 5મી સપ્ટેમ્બર 2007થી સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ તબક્કામાં 458 શાળાઓમાં પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકાયો. બીજો તબક્કો 15મી ઓગષ્ટ 2008થી શરૂ થયો તેમાં ગુજરાત રાજ્યની કુલ 7000 પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો. અને ત્રીજો તબક્કો 2010માં 22000 જેટલી પ્રાથમિક શાળાઓમાં અમલમાં મૂકાયો અને હાલમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ચાલે છે.

ADEPTS કાર્યક્રમ અંતર્ગત શિક્ષકોની કામગીરીનું મૂલ્યાંકન ચાર પરિમાણના આધારે નક્કી થાય છે.

**1. જ્ઞાનાત્મક પરિમાણ :**

આ પરિમાણમાં કુલ 10 ક્ષેત્રોના 39 વિધાનો છે. જે ગુણવત્તા સભર શિક્ષણની પ્રાપ્તિ માટેના છે. આ વિધાનો દ્વારા વિદ્યાર્થીને સમજવા, અભ્યાસક્રમને અનુરૂપ અધ્યયન અનુભવોનું નિર્માણ કરવું, સાધન–સામગ્રી નિર્માણ, અસરકારક પ્રત્યાયન, મૂલ્યાંકન અને ઉપચારાત્મક શિક્ષણ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે.

**2. સામાજિક પરિમાણ :**

આ પરિમાણમાં કુલ 03 ક્ષેત્રોના 16 વિધાનો છે. જે સામાજિક લોકશાહી અને મૂલ્યલક્ષી વર્તનની સંપ્રાપ્તિ સંબંધિત છે. જેમાં સમાનતા, સહિષ્ણુતા, મૂલ્યો સંબંધિત પ્રવૃત્તિઓ અને લોકશાહી નાગરિકત્વના ગુણોની ખીલવણી જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**૩. ભૌતિક પરિમાણ :**

આ પરિમાણમાં 01 ક્ષેત્રના કુલ 06 વિધાનો છે. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજની સહભાગીદારીથી શાળા, શાળા પરિસર, શાળાની આસપાસના વિસ્તારને અનુકૂળ તેમજ સ્વચ્છ, સુંદર, આકર્ષક, સુરક્ષિત બને તે માટેની જાગૃતતા કેળવવા સંબંધિત બાબતો છે.

**4. સંસ્થાકીય પરિમાણ :**

આ પરિમાણમાં કુલ 05 ક્ષેત્રોના કુલ 19 વિધાનો છે. આ વિધાનો શાળા વ્યવસ્થાપન, શિક્ષકની જવાબદારી, સહકર્મી સાથેનો વ્યવહાર તથા શિક્ષકના સ્વમૂલ્યાંકન સંબંધિત છે.

**તાલીમાર્થી મિત્રો ઈન્ટર્નશીપ દરમિયાન શાળાના મુખ્ય શિક્ષક પાસેથી ADEPTS વિશે માહિતી મેળવો. 80 વિધાનો મેળવી તમારું સ્વમૂલ્યાંકન કરો.**

**5.3.4 BALA (Building As Learning Aid):**

BALAનું પૂરું નામ **Building As Learning Aid** અર્થાત્ 'અધ્યયન પ્રક્રિયામાં શાળા મકાનનો વિનિયોગ' છે. SSA દ્વારા અમલીકૃત આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શાળાના મકાન દ્વારા વિદ્યાર્થીઓને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં શીખતા કરવાનો છે.

બાળકના સર્વાંગી વિકાસ માટે શાળા ભવન ઉત્તમ પ્રેરકબળ છે. શાળાના ભવનની આંતરિક જગ્યાઓ અને સાથે સાથે બાહ્ય જગ્યાઓ વિકસિત કરી શૈક્ષણિક પ્રક્રિયામાં તેનો અસરકારક ઉપયોગ કરી શકાય. સર્વાંગી શાળા વિકાસ યોજના ભવિષ્યની શાળા કેવી હોવી જોઈએ તે પ્રતિબિંબિત કરે છે. તે શાળાની શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વિકસાવવાનું સુનિયોજિત આયોજન છે. તેનો એક ભાગ એટલે "Building As Learning Aid". BALA શાળાનું સમગ્ર સંકુલ બાળક તથા શિક્ષક માટે શિક્ષણ પ્રવૃત્તિઓની રચના ધરાવતું હોય છે.

**ઈન્ટર્નશીપ દરમિયાન બાલા શાળાની મુલાકાત લઈ બિલ્ડીંગની મદદથી કયા કયા વિષયમાં કયા કયા એકમ શીખવી શકાય તેનું અવલોકન કરી અભ્યાસનોંધ તૈયાર કરો.**

SSA દ્વારા વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો ગુણવત્તા સભર શિક્ષણની પ્રાપ્તિ અર્થે અમલીકૃત બનાવેલ છે. અત્રે તે પૈકીની કેટલીક મહત્વની યોજનાઓનો પરિચય આપેલ છે. SSA ગુજરાતની વેબસાઈટ કે જિલ્લા કક્ષાની SSA કચેરીની મુલાકાત લઈ તમારા જિલ્લામાં SSA દ્વારા કઈ–કઈ યોજનાઓ અને કાર્યક્રમો કાર્યરત છે તેની વિગતો મેળવશો.

### 5.4 અન્ય શિક્ષણ સહાયક યોજનાઓ અને કાર્યક્રમ :

#### 5.4.1 ગુણોત્સવ :

( આ અંગેની વિગતો પ્રકરણ ૩માં આપેલ છે.)

#### 5.4.2 દૂરવર્તી શિક્ષણ :

ઉપગ્રહ દ્વારા પ્રસારિત થતાં શિક્ષણના કાર્યક્રમો સમગ્ર રાજ્યના બાળકો જોઈ શકે, સાંભળી શકે તેને "દૂરવર્તી શિક્ષણ" (Distance Education) તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં Bhaskarcharya Institute for Space Applications and Geo Informatic (BISAG) ના માધ્યમથી ધોરણ 6 થી 8 ના ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી, ભાષાઓ તથા સામાજિક વિજ્ઞાન જેવા વિષયોની સંકલ્પનાઓ સ્પષ્ટ થાય અને અસરકારક અને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટે સરકારશ્રી દ્વારા 2009થી દૂરવર્તી શૈક્ષણિક કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

- **દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નીચેના લક્ષ્ય જૂથ માટે પ્રસારિત થાય છે.**

– રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો
– રાજ્યની D.El.Ed કૉલેજના તાલીમાર્થીઓ

- **દૂરવર્તી કાર્યક્રમ અંતર્ગત.....**

– ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન, ભાષાઓનું પ્રસારણ કરવામાં આવે છે.
– તાલીમ પામેલા શિક્ષક દ્વારા ધોરણ 6, 7, 8 માં 40 મિનિટના તાસમાં શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે.
– એજ્યુસેટની એક ચેનલનો ઉપયોગ પ્રાથમિક શિક્ષણ માટે થાય છે.
– દૂરવર્તી શિક્ષણના પ્રસારણ સમય દરમિયાન કેળવણી નિરીક્ષક, બી.આર.સી.સી. તથા ડાયેટના તાલુકા લાયઝન વ્યાખ્યાતા દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. તથા તે આધારિત સંશોધન પણ કરવામાં આવે છે.

હાલ, ‘વંદેગુજરાત’ ચેનલમાં જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું 24 કલાક પ્રસારણ કરવામાં આવે છે.

#### 5.4.3 ઈન્સ્પાયર એવોર્ડ યોજના :

Ministery Of Science and Technology, Department Of Science and Technology, New Delhi દ્વારા Innovation In Science Pursuit For Inspired Research (INSPIRE) પ્રોગ્રામ અંતર્ગત Scheme For Early Attraction Talent For Science (SEATS) નામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. તે મુજબ ધોરણ 6 થી 10ના વિદ્યાર્થીઓ માટે રૂ. 5000 નો એવોર્ડ આપવાની યોજના વર્ષ 2009–10 થી ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે. વર્ષ 2017થી INSPIRE AWARD - MANAK યોજના અમલમાં છે.

ગણિત–વિજ્ઞાન વિષય પ્રત્યે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની અભિરૂચિ વધે તથા તેમનામાં સર્જનાત્મકતાની ખિલવણી થાય અને આર્થિક પ્રોત્સાહન મળી રહે માટે આ યોજના અમલમાં મૂકવામાં

આવી છે. ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ આ યોજના અંતર્ગત દર વર્ષે શાળા કક્ષાએથી આ એવોર્ડ માટે ઓન લાઇન નોમીનેશન કરવાનું હોય છે. જેને જિલ્લા કક્ષાએથી DIET દ્વારા એપ્રુવ કરી GCERTના વિજ્ઞાન એકમમાં પહોંચાડવામાં આવે છે. GCERT આ માહિતી રાજયકક્ષાએથી એપ્રુવ કરે છે. Department of Science and Technology – New Delhi આ લીસ્ટમાંથી નામોની પસંદગી કરી એવોર્ડની ફાળવણી કરે છે.

અહીં, ગુણવત્તાસભર બાળશિક્ષણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી કેટલીક યોજનાઓનો પરિચય આપણે મેળવ્યો.

**ઇન્ટર્નશીપ દરમિયાન શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને કઈ કઈ યોજનાનો લાભ મળે છે તેની જાણકારી SMCના સભ્યોને છે કે કેમ તે SMCની બેઠક દરમિયાન રૂબરૂ મુલાકાત કરી જાણો અને મુલાકાત આધારિત અહેવાલ તૈયાર કરો .**

### 5.5 સારાંશ :

સૌના માટે ગુણવત્તાયુક્ત શિક્ષણના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સરકારશ્રી દ્વારા નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવ્યા છે. આ નિર્ણયોના અમલથી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનો ઉદ્દ્ભવ થયો છે. આ યોજનાઓ અને કાર્યક્રમો પૈકીના મહત્વના કેટલાંક કાર્યક્રમો અને યોજનાઓનો પરિચય આ પ્રકરણ અંતર્ગત આપાણે મેળવ્યો.

### 5.6 સ્વાધ્યાય

**પ્રશ્ન 1 ખાલી જગ્યા પૂરો.**

1. કન્યાઓનું નામાંકન અને સ્થાયીકરણ વધારવા માટે ………… યોજના અમલમાં છે.
2. ગુજરાતમાં નામાંકન દર વધારવા માટે ……….ઉત્સવ ઉજવવામાં આવે છે.
3. વિદ્યાર્થીઓની જીવનની સુરક્ષા માટે ………..યોજના અમલમાં છે.
4. વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર મળે તે માટે ………..યોજના અમલમાં છે.

**પ્રશ્ન 2 નીચેના મીતાક્ષરોના પૂરા નામ લખો.**

1. NPEGEL 2. BALA 3. ADEPTS

**પ્રશ્ન 3 ટૂંકનોંધ લખો.**

1. મધ્યાહ્ન ભોજન યોજના
2. શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ
3. વિદ્યાદીપ યોજના
4. BALA
5. ઇન્સ્પાયર એવોર્ડ

**પ્રશ્ન 4 સવિસ્તાર જવાબ આપો.**

1. " શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથને લીધે વાલી અને સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી છે." વિધાનની સમીક્ષા કરો.
2. "ADEPTS એ શિક્ષક સશક્તિકરણનો કાર્યક્રમ છે." વિધાનની તાર્કિક સમીક્ષા કરો.

**પ્રશ્ન 5 મુદ્દાસર જવાબ આપો.**

1. NPEGEL યોજના સમજાવો.
2. મધ્યાહ્ન ભોજન યોજનાની શિક્ષણ પર થતી ગુણાત્મક અસરો વર્ણવો.
3. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ વિશે ચર્ચા કરો.

## 5.7 સંદર્ભસૂચિ:


1. 'આચાર્ય નવસંસ્કરણ તાલીમ મોડ્યુલ', જીસીઈઆરટી, ગાંધીનગર વર્ષ 1999
2. "જીવન શિક્ષણ" આચાર્ય નવસંસ્કરણ વિશેષાંક, જીસીઈઆરટી, ગાંધીનગર, ઓગષ્ટ 2003
3. 'શિક્ષક વ્યવસાયિક સજ્જતા તાલીમ મોડ્યુલ' SSA, જિ. ખેડા, વર્ષ 2012–13
4. 'હેડ ટીચર તાલીમ મોડ્યુલ શિક્ષણનું માળખું અને યોજનાઓ', જીસીઈઆરટી, ગાંધીનગર વર્ષ 2014–15
5. 'શિક્ષણ વિભાગની સાફલ્ય ગાથા' – શિક્ષણ વિભાગ , ગુજરાત સરકાર, સપ્ટેમ્બર 2006
6. 'જ્ઞાનશક્તિ' – શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર સપ્ટેમ્બર 2014


**વેબસાઈટ :**


1. www.ssa.nic.in
2. www.gujarat-education.gov.in
3. www.gcert.gov.org
4. www.inspireaward-dst.gov.in

## દ્વિતીય વર્ષ

## કોર્સ 2–અ શાળા–સંસ્કૃતિ અને નેતૃત્વ પરિવર્તન

**વિચાર પ્રેરક પ્રશ્નો..**

1. શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો તમારી **દૃ**ષ્ટિએ કેવાં હોવાં જોઈએ? હાલના કાર્યોમાં તમે કયા સુધારા સૂચવશો ?
2. બાળકના દફતરનો ભાર ઓછો કરવા વાલી તરીકે તમે કઈ કાળજી રાખશો ?
3. બાળકોના શિક્ષણ અધિકારોના કારણે શાળાએ કેવી રીતે બદલાવું જોઈએ ? શા માટે ?
4. તમે મુલાકાત લીધી હોય તવી શાળાની બે વિશેષતાઓ જણાવો. તમને એ બાબત વિશેષતા શા માટે લાગી ?
5. શાળાને ગુણોત્સવમાં મળેલ ગ્રેડ  સુધારવા માટે વર્ગખંડમાં તમે શું કરશો ?
6. શાળા નેતૃત્વમાં સંચાલક અને આચાર્ય પૈકી વધારે અગત્યનું કોણ છે ? શા માટે ?
7. કોઈ એક ગામના બાળકો ગામમાં શાળા હોવા છતાં બીજી શાળામાં પ્રવેશ લેવાનું પસંદ કરે છે ? આ બાળકોને સ્થાનિક શાળામાં લાવવા શાળાએ શું કરવું જોઈએ ?
8. તમે વિદ્યાર્થીઓને કેવું ગૃહકાર્ય આપશો ? ઉદાહરણ અને કારણો સાથે ઉત્તર આપો.
9. "શાળાઓમાં ગણવેશની વ્યવસ્થા બાળકોની વૈયક્તિક ભિન્નતા ઉપર તરાપ મારે છે." આ વિધાન સાથે તમારી સહમતી અથવા અસહમતીનાં કારણો જણાવો.

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઈ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.